**આજનો સુવિચાર**

જે થઈ ગયું છે, અને જેનો કોઈ ઉપાય જ ન હોય, તેનું દુઃખ કરવાથી શું ફાયદો ?

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૩૬ જૂનાગઢ તા.૨૩-૦૧-૨૦૨૫ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 36, Junagadh : Date : 23 January, 2025, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# લોસએન્જલસમાં ફરી વિકરાળ આગ ભભૂકી : ૮૦૦૦ એકર વિસ્તાર નાશ પામ્યો : ૫૦,૦૦૦ લોકોનું સ્થળાંતર



ન્યુયોર્ક તા.૨૩: અમેરિકાના લોસ એન્જલસમાં ફરી એક વખત વિકરાળ આગ ફાટી નીકળી છે, જેના પછી હજારો લોકોએ પોતાના ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ આશરો લેવો પડ્યો છે. અમેરિકા માટે પણ આ ચિંતાનો વિષય છે કારણ કે તાજેતરમાં જ લોસ એન્જલસમાં આગની બીજી મોટી ઘટના બની છે.

લોસ એન્જલસમાં સળગી રહેલી આ આગ કાસ્ટેક લેક નજીકના જંગલ વિસ્તારમાં છે. આ વિસ્તાર ઉત્તર પશ્ચિમ લોસ એન્જલસમાં સ્થિત છે. આગે ૮ હજાર એકર અથવા ૩,૨૦૦ હેક્ટર વિસ્તારને લપેટમાં લીધો છે. તળાવની આસપાસ રહેતા લોકો માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે લોસ એન્જલસ વિસ્તારમાં ભારે પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે આગ ફાટી નીકળી છે. આગના કારણે ધુમાડાના ગોટેગોટા ઉડી રહ્યા છે. આ આગ વધુ મોટા વિસ્તારને લપેટમાં લે તેવી શકયતા છે. ૫૦૦૦૦ લોકોને સલામત બહાર કાઢવામાં આવ્યા છે.

આગ લાગ્યા બાદ પોતાનો સામાન પેક કરી રહેલા એક વ્યકતિએ અમેરિકન મીડિયાને કહ્યું 'હું માત્ર પ્રાર્થના કરું છું કે અમારું ઘર બળી ન જાય.' લોસ એન્જલસ કાઉન્ટીના શેરિફ રોબર્ટ જેન્સને દરેકને તાત્કાલિક વિસ્તાર ખાલી કરવા વિનંતી કરી છે. આ પહેલા પણ લોસ એન્જલસમાં ભીષણ આગને કારણે હજારો ઘરો રાખ થઈ ગયા છે. એટલું જ નહીં, ૨ લાખ લોકોને ઘર છોડવાની ફરજ પડી છે અને ૨૭થી વધુ લોકોના મોત થયા છે.

## ભારતમાં પહેલીવાર માણસના શરીરમાં યાંત્રિક હૃદય ધબકયું : અનેરી સિધ્ધી

નવી દિલ્હી, તા.૨૩
દેશમાં પહેલીવાર હાર્ટ ફેઈલ મહિલા દર્દીમાં લેફટ વેન્ટ્રિકયુલર સહાયક ઉપકરણ (એલવીએડી) લગાવીને તેનો જીવ બચાવવામાં આવ્યો હતો. આ ઉપકરણનો ઉપયોગ હૃદય પ્રત્યારોપણના વિકલ્પ તરીકે કરવામાં આવ્યો હતો. ચિકિત્સક વિજ્ઞાનમાં તેને મિકેનિકલ હાર્ટ (કૃત્રિમ હૃદય) કહેવામાં આવે છે. દિલ્હી કેન્ટ સ્થિત સેનાના રિસર્ચ તેમજ રેફરલ હોસ્પીટલનાં ડોકટરોએ આ સિધ્ધિ મેળવી છે. રક્ષા મંત્રાલયે બુધવારે તેની જાણકારી આપી હતી. મંત્રાલય તરફથી જણાવાયું હતું કે, હાર્ટમેટ-૩ નામનું આ સાધન એક સૈન્યકર્મીની ૪૯ વર્ષિય પત્નીને સફળતાપૂર્વક લગાવવામાં આવ્યું હતું.મહિલાનું હૃદય પૂર્ણ રીતે ખરાબ થઈ ગયુ હતું અને તે બે વર્ષથી હૃદય પ્રત્યારોપણની રાહ જોઈ રહી હતી. ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## આગામી બજેટમાં ખેડુત સન્માનની રકમમાં વધારો કરવામાં આવે તેવી શકયતા

નવી દિલ્હી, તા.૨૩
દેશના સામાન્ય બજેટને આડે માંડ એકાદ સપ્તાહ જેવો સમય બાકી રહ્યો છે અને અંદાજપત્ર વિશે અનેકવિધ અટકળો આશાવાદ પ્રવર્તી રહ્યા છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન આવકવેરામાં મોટી રાહત આપે તેવી અપેક્ષાની સાથોસાથ ખેડૂતોને પણ મોટો લાભ કરાવવામાં આવે તેવા નિર્દેશ સાંપડયા છે. પીએમ કિસાન સહાય હેઠળ આપવામાં આવતી રકમમાં વધારો કરી દેવામાં આવે તેવી શકયત છે. કેન્દ્ર સરકારના ગત બજેટમાં કુલ ૯ ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી હતી. તેમાં કૃષિ ક્ષેત્રને સૌથી વધુ પ્રાધાન્ય અપાયું હતું. આ વખતે પણ ખેડૂત તથા કૃષિને મહત્વ આપવામાં આવી શકે છે. આગામી બજેટમાં કૃષિ પાક યોજનાનો લાભ વધારાની સાથોસાથ પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિની રકમમાં પણ પણ વધારો કરવામાં આવે તેવી શકયતા છે.

## અમેરીકાની શાળામાં વધુ એક ગોળીબારની ઘટના : બેના મોત

વોશિંગ્ટન તા.૨૩
અમેરિકાના ટેનેસી રાજ્યના નેશવિલેમાં એક શાળામાં ગોળીબાર થયો છે. ગોળીબારમાં હુમલો કરનાર વિદ્યાર્થી સહિત બે લોકોના મોત થયા છે. ગોળીબાર કરનારે એક વિદ્યાર્થીની હત્યા કરી અને પછી આત્મહત્યા કરી હતી. આ દુર્ઘટનામાં અન્ય એક વિદ્યાર્થીને સામાન્ય ઈજા થઈ હતી. શાળાના કાફેટેરિયામાં ગોળીબાર નેશવિલે પોલીસે સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે એન્ટિઓક હાઈસ્કૂલના કાફેટેરિયામાં ૧૭ વર્ષના વિદ્યાર્થીએ પિસ્તોલથી અનેક ગોળીબાર કર્યા હતા. ૧૬ વર્ષની વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બીજા ૧૭ વર્ષના છોકરાને હાથમાં ગોળી વાગી હતી અને તે ઘાયલ થયો હતો.

## છેલ્લા પાંચ વર્ષમાં મોંઘવારી ૨૧ ટકા વધી

નવી દિલ્હી, તા.૨૩ :
નવી કર પ્રણાલી લાગુ થયા પછી, સરકારે ટેક્સ સ્લેબ અનુસાર મર્યાદા વધારીને વાર્ષિક ૧૫ લાખ રૂપિયાથી ઓછી કમાણી કરતા કરદાતાઓને રાહત આપી છે, જેથી વધતી જતી મોંઘવારીના યુગમાં તેમના ખિસ્સા પર ઓછી અસર પડે. પરંતુ, છેલ્લા પાંચ વર્ષથી, જે કરદાતાઓ સૌથી વધુ કર ચૂકવે છે તેમને મર્યાદાના મોરચે કોઈ રાહત મળી નથી.

નવી કર પ્રણાલી ૨૦૨૦ માં રજૂ કરવામાં આવી હતી. ત્યારથી, ખર્ચ ફુગાવો સૂચકાંક (CII) લગભગ ૨૧ ટકા વધ્યો છે. ફુગાવાની અસર ઘટાડવા માટે, સરકારે પાંચ વર્ષમાં ૧૫ લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતા કરદાતાઓ માટે મર્યાદામાં ઓછામાં ઓછા ૨૦ ટકા અને વધુમાં વધુ ૪૦ ટકાનો વધારો કર્યો છે. જોકે, ૧૫ લાખ રૂપિયાથી વધુ કમાણી કરનારા કરદાતાઓ માટે મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તેમણે મહત્તમ ૩૦ ટકાના દરે કર ચૂકવવો પડશે.

ડેટા અનુસાર, ITR ફાઈલ કરનારા ૭૦ ટકા કરદાતાઓની કરપાત્ર આવક ૫ લાખ રૂપિયા કે તેથી ઓછી છે.

## વિશ્વમાં દર ૧૨માંથી એક બાળક ઓનલાઈન જાતિય શોષણનો ભોગ બને છે : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૨૩:
ઈન્ટરનેટ યુગમાં, ઓનલાઈન ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ એક વૈશ્વિક પડકાર તરીકે ઉભરી રહ્યું છે. મંગળવારે ધ લેન્સેટ ચાઈલ્ડ એન્ડ એડોલસેન્ટ હેલ્થમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, વૈશ્વિક સ્તરે ૧૨માંથી એક બાળકે કયારેક ને કયારેક ઓનલાઈન જાતીય શોષણ અથવા ગેરવર્તનનો અનુભવ કર્યો છે. દુનિયાભરમાં ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ સાથે, આવા કિસ્સાઓ ઝડપથી વધારો થઈ રહ્યો છે. ઓનલાઈન ઓનલાઈન ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝમાં ઓનલાઈન ગ્રુમિંગ, પોર્નોગ્રાફી, સેક્સટિંગ, તસવીરો સાથે ચેડાં અને જાતીય શોષણનો સમાવેશ થાય છે.

લેન્સેટમાં પ્રકાશિત થયેલા અભ્યાસ મુજબ, આ ગુનાના સ્વરૂપને વધુ સારી રીતે સમજવાના હેતુથી આ પહેલું વિશ્લેષણ છે. અહેવાલ મુજબ, ૨૦૧૦ અને ૨૦૨૩ વચ્ચે અગાઉ હાથ ધરાયેલા ૧૨૩ અભ્યાસોના પરિણામોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેમાં જાણવા મળ્યું છે કે આઠમાંથી એક બાળક તસવીર-આધારિત શોષણથી, ૨૧માંથી એક બાળક ઓનલાઈન જાતીય શોષણથી જ્યારે ૨૮માંથી એક બાળક જાતીય શોષણથી પ્રભાવિત થયું હતું.

## કપીલ શર્મા, રાજપાલ યાદવ, રેમો ડીસોઝા, સુગંધા મિશ્રાને જાનથી મારી નાખવાની ધમકીનો ઈ-મેઈલ મળ્યો



મુંબઈ, તા. ૨૩
જાણીતા કોમેડી સ્ટાર કપીલ શર્મા ઉપરાંત રાજપાલ યાદવ, સુગંધા મિશ્રા તથા રેમો ડિસોઝાને જાનથી મારી નાખવાની ધમકી મળતા બોલીવુડમાં ખળભળાટ મચી ગયો છે. પાકિસ્તાનથી આ ધમકીભર્યા ઈ-મેઈલ કરવામાં આવ્યા હતા અને આ ધમકીને હળવાશથી નહીં લેવાની ચેતવણી આપવામાં આવી છે. આ સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને તપાસનો દૌર શરૂ કરવામાં આવ્યો છે.

ધમકીભર્યા ઈ-મેઈલમાં એવી ચેતવણી આપવામાં આવી છે કે, ૮ કલાકમાં જવાબ આપવામાં નહીં તો ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેજો. પ્રાથમિક તપાસમાં એવું ખુલ્યુ છે કે, વિષ્ણુ નામના શખ્સે આ ધમકીભર્યા ઈ-મેઈલ પાઠવ્યા છે અને તેમાં એવી ચેતવણી આપી છે કે માત્ર પબ્લીસીટી સ્ટંટ માટે આ ધમકી આપવામાં આવી નથી.

તમારી તમામ ગતિવિધિઓની અમારી પાસે માહિતી છે. ૮ કલાકમાં જવાબ આપવામાં નહીં આવે તો ધમકીને ગંભીરતાથી નહીં લીધાનું માની લેશુ અને તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. ધમકી આપનાર શખ્સે કપીલ શર્મા ઉપરાંત તેના પરિવાર, સંબંધીઓ અને પાડોશીઓને પણ મારી નાખવાની ધમકી આપી છે.

## બિહારમાં ગેંગવોરની ઘટના : ભૂતપૂર્વ ધારાસભ્ય પર અંધાધૂંધ ફાયરીંગ



પટણા, તા.૨૩ :
બિહારમાં ગેંગવોરની ઘટના સામે આવી છે.મોકામા તાલુકાના નૌરંગા-જલાલપુર ગામમાં મોકામાના પૂર્વ ધારાસભ્ય અનંત સિંહ અને કુખ્યાત ગુનેગાર સોનુ-મોનુ ગેંગ વચ્ચે ભીષણ ફાયરિંગ થયું છે. આ ફાયરિંગમાં મોકામાના પૂર્વ ધારાસભ્ય અનંત સિંહનો આબાદ બચાવ થયો હતો. ફાયરિંગની ઘટના બાદ નૌરંગા ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે. ફલડ એએસપી રાકેશ કુમાર ઘટનાસ્થળે પહોંચ્યા છે. સોનુ-મોનુ ગેંગે ગામના એક પરિવારને બેરહેમીથી માર માર્યો હતો. તેના પરિવારના તમામ સભ્યોને ઘરની કાઢીને તાળા મારી દેવામાં આવ્યા હતા.

આ મામલાની માહિતી મળ્યા બાદ અનંત સિંહ પણ સોનુ મોનુના ઘરે ગયો હતો. અનંત સિંહને ઘરે જોઈને બન્ને ભાઈઓએ ફાયરિંગ કર્યુ હતું અને સ્થળ પરથી ફરાર થઈ ગયા છે. એએસપી રાકેશ કુમારે સોનુ-મોનુના ઘરે ફાયરિંગ થયાનું સ્વીકાર્યુ છે. પોલીસને ઘટનાસ્થળેથી ત્રણ શેલ પણ મળી આવ્યા છે. મળતી માહિતી અનુસાર ગેંગસ્ટર સોનુ-મોનુએ ૬૦ થી ૭૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું. આ ફાયરિંગમાં અનંત સિંહ માંડ-માંડ બચ્યા છે.

અનંત સિંહ વિવાદ ઉકેલવા બુધવારે મોડી સાંજે ફરીથી તેમના સમર્થકો સાથે નૌરંગા ગામ પહોંચ્યા. તેમને જોતાં જ ગેંગસ્ટર ભાઈઓ સોનુ-મોનુએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. અનંત સિંહ ગોળીબારમાં બચી ગયા હતા. ઘટના બાદ બંને ફરાર થઈ ગયા છે. વિસ્તારમાં તણાવનો માહોલ છે. નૌરંગા ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે.

## ગ્લોબલ વોર્મિંગને કારણે રેકોર્ડબ્રેક ગરમીથી વિશ્વના અનેક શહેરો પર ખતરો

નવી દિલ્હી,તા.૨૩
જલવાયુ પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ)ને લઈને ભારત સહીત દક્ષિણ એશીયાનાં શહેરો ગંભીર ખતરાનો સામનો કરી રહ્યા છે. તેનું કારણ શહેરોની મોટી વસ્તીનું ઘનત્વ (ગીચતા) અતિ કાર્બન ઉત્સર્જન અને પર્યાવરણ સબંધી પડકારો છે.

જલવાયું પરિવર્તન પર અંતર સરકારી પેનલના વિશેષ રિપોર્ટનાં મુખ્ય લેખક અંજલ પ્રકાશે કહ્યું છે કે, ભારત ઉપરાંત નેપાળ, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનનાં મોટા શહેરોમાં જલવાયું સંકટ ઘેરાતું જઈ રહ્યું છે.

આ કારણે ભારતમાં મુંબઈ, દિલ્હી, કોલકતા અને ચેન્નાઈ જેવા શહેરો જલવાયુ પરિવર્તનના ગંભીર ખતરાનો સામનો કરી રહ્યા છે. આ શહેરોમાં રેકોર્ડબ્રેક ગરમી, ઉષ્ણકરીબંધય તોફાન અને તટીય ક્ષેત્રોમાં જલસ્તર વધી રહ્યું છે.

## હૈદરાબાદમાં બનેલી અત્યંત કંપાવનારી ઘટનામાં ક્રુરતાની તમામ હદો પાર પ્રેગ્નેન્ટ પત્નીના પેટ પર બેસી પતિએ ગળુ દબાવતાં ગર્ભમાંથી ભ્રૂણ બહાર આવી ગયુ

### ૨૧ વર્ષની માતા અને ગર્ભસ્થ ભ્રૂણનું ઘટનાસ્થળે જ મોત

હૈદરાબાદ, તા.૨૩:
હૈદરાબાદમાં એક રૂવાડા ઉભા કરી દે તેવી ઘટના સામે આવી છે. તેલંગાણાનાં પાટનગર હૈદરાબાદમાં ૨૧ વર્ષીય યુવકે કથિત રીતે તેની ગર્ભવતી પત્નીની શંકાના આધારે હત્યા કરી નાખી. તેણે પત્નીને એટલી આડેધડ માર માર્યો કે મહિલાના ગર્ભમાંથી સાત માસનો ભ્રૂણ નીકળી ગયો હતો. પોલીસે મંગળવારે આ જાણકારી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે ૧૬ જાન્યુઆરીના રોજ જયારે આરોપીની પત્ની ઘરે સૂતી હતી ત્યારે તેણે તેના પેટ પર બેસીને ઓશીકા વડે તેનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી, જેના પરિણામે ગર્ભ ગર્ભમાંથી બહાર આવી ગયો હતો.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, ૨૧ વર્ષીય સચિન સત્યનારાયણ નામના વ્યકિતની રાચાકોંડા કમિશનરેટની કુશાઈગુડા પોલીસે ૧૬ જાન્યુઆરીએ તેની પત્ની ટી તોહા (૨૧)ની હત્યાના આરોપમાં સોમવારે ધરપકડ કરી હતી. પીડિતા પોતાની ગર્ભાવસ્થાના સાતમા મહિનામાં હતી. પોલીસે જણાવ્યું હતું કે હત્યા એટલી ઘાતકી હતી કે જ્યારે સચિને તોહાને મારવાના પ્રયાસમાં તેનું ગળું દબાવી દીધું હતું, ત્યારે તેણે લગાવવામાં આવેલા બળના કારણે ગર્ભમાંથી ગર્ભ બહાર આવી ગયો હતો, પરિણામે તોહા અને ગર્ભસ્થ બાળકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. તેની હત્યા કર્યા બાદ સચિને ગેસના ચૂલાના વાલ્વ ખોલીને સળગાવી દીધા હતા, જેથી તેને આગની ઘટના તરીકે રજૂ કરી શકાય. જો કે, આગ વધુ ન ફેલાતાં તે સ્થળ પરથી ભાગી ગયો હતો.

## શેરબજારમાં રજીસ્ટર્ડ રોકાણકારોની સંખ્યા ૧૧ કરોડને વટાવી ગઈ

મુંબઈ, તા.૨૩ :
નૅશનલ સ્ટૉક એક્સચેન્જ ઑફ ઈન્ડિયા (એનએસઈ) પર યુનિક રજિસ્ટર્ડ ઈન્વેસ્ટર્સની સંખ્યા વધીને ૨૧ કરોડથી પણ અધિક થઈ ગઈ છે. એક ક્લાયન્ટ એકથી અધિક ખાતાં ધરાવી શકે છે એ જોતાં ક્લાયન્ટ કોડ્સ એટલે કે ખાતાં ૨૧ કરોડથી પણ અધિક થઈ ગયાં છે.

આ પ્રસંગે એનએસઈના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઑફિસર શ્રીરામ કૃષ્ણને કહ્યું છે કે 'નવા વર્ષના પ્રારંભ બાદ એનએસઈના રજિસ્ટર્ડ રોકાણકારોની સંખ્યા ૧૧ કરોડને વટાવી ગઈ છે. ગત ઑગસ્ટમાં રોકાણકારોની સંખ્યા ૧૦ કરોડ હતી. છેલ્લા એક કરોડ રોકાણકારોની વૃદ્ધિ તો માત્ર પાંચ મહિનામાં થઈ છે. આ ઝડપી વૃદ્ધિ દેશની જનતાના સંપત્તિસર્જન માટે મૂડીબજારમાં વધેલા વિશ્વાસનું પ્રતિબિંબ છે. જ્યારે પ્રથમ વાર એક કરોડની સંખ્યા થઈ હતી ત્યારે એને આ આંકડા પર પહોંચતાં ૧૪ વર્ષ લાગ્યાં હતાં.'

## ભૂતપૂર્વ સૈનિકે પત્નીની હત્યા કર્યા બાદ શરીરના ટુકડા પ્રેશર કુકરમાં ઉકાળ્યા

હૈદરાબાદ, તા.૨૩:
દિલ્હીના શ્રદ્ધા વોકર હત્યાકેસે આખા દેશને હચમચાવી નાખ્યો હતો. હૈદરાબાદથી પણ આવો જ એક હૃદયદ્રાવક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જ્યાં એક પતિએ પોતાની પત્નીની હત્યા કરી દીધી. પત્નીની હત્યા કર્યા પછી, તેણે તેના શરીરને નાના ટુકડા કરી નાખ્યું હતું. શરીરને ટુકડા કર્યા પછી, તેણે તેને પ્રેશર કૂકરમાં ઉકાળ્યું અને પછી તેને તળાવમાં ફેંકી દીધું હતું. આરોપી પતિએ પોલીસ સમક્ષ આ મોટો ખુલાસો કર્યો છે.


**હરસ, ભગંદર, ફીશરની**
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
**ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ**
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**સંપૂર્ણ આયુર્વેદિક સારવાર**
પૃથ્વીરાજ હોસ્પિટલ
આયુર્વેદ – પંચકર્મ
ફિઝીયોથેરાપી
● તમામ પ્રકારનાં રોગો
● સાંધાનો દુઃખાવો
● સાયટીકા
● ચેતાતંત્રના રોગો
● માનસિક રોગો
● પક્ષઘાત
● માઈગ્રેન (આધાશીશી)
● અનિંદ્રા
**ડો. મહિપતસિહ ડોડીયા**
એમ.ડી. (આયુ.)
જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ,
મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦
: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ,
તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૭૯૭૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

**ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ**
મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

**ઓફર...ઓફર...**
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
**બીના ઈલેક્ટ્રોનિક્સ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો

''સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ''ના કેન્દ્રવર્તી વિષયને અનુલક્ષીને

# નવી દિલ્હીમાં કર્તવ્યપથ ઉપર પ્રજાસત્તાક દિને ગુજરાત રજૂ કરશે 'ગુજરાત : આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસના અદભુત સંગમ'ની થીમ આધારિત ઝાંખી





**ગુજરાતની ઝાંખીમાં ૧૨-મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના 'કીર્તિ તોરણ'થી લઈને ૨૧-મી સદીના 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના રાજ્યના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઇલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની 'આત્મનિર્ભરતા''ના વિવિધ વિકાસના પ્રકલ્પોનું કરવામાં આવ્યું છે અસરકારક નિદર્શન**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૩

૭૬-માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ''સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ'' શીર્ષક અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા ૭૬-મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત જે ઝાંખીની રજૂઆત થઇ રહી છે; તે ખરા અર્થમાં ન માત્ર રાજ્ય કિન્તુ રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહર અને વિકાસના અભૂતપૂર્વ સંમિશ્રણને અસરકારકતાથી સાકારિત કરી રહી છે. ગુજરાતની ઝાંખીમાં ૧૨-મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના સોલંકીકાળના 'કીર્તિ તોરણ'થી લઈને ૨૧-મી સદીની અજાયબી સ્વરૂપ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની 'આત્મનિર્ભરતા''ના વિવિધ વિકાસના પ્રકલ્પોનું અસરકારક નિદર્શન કરવામાં આવ્યું છે. ગુજરાતની ઝાંખીમાં પ્રારંભે સોલંકીકાળનું વડનગર સ્થિત ૧૨-મી સદીનું રાજ્યના સાંસ્કૃતિક પ્રવેશદ્વાર સમું 'કિર્તી તોરણ' છે; તો છેડે ૨૧-મી સદીની શાનસમું ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને દર્શાવવામાં આવી છે. આ બંને વિરાસતોની વચ્ચે ગુજરાતમાં અલગ-અલગ ક્ષેત્રોમાં થયેલા શાનદાર વિકાસની પ્રતિકૃતિઓ છે. જેમાં સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના ગુજરાતના વિવિધ પ્રકલ્પોને દર્શાવવામાં આવ્યા છે. ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦-મી જન્મવર્ષની ઉજવણી પ્રસંગે ગુજરાતના 'જનજાતીય ગૌરવ'ને દર્શાવતી પિથોરા ચિત્રોની શ્રુંખલા, પૂર્વ વડાપ્રધાન વાજપાયીજીની ૧૦૦-મી જન્મજયંતીના પ્રતિક સ્વરૂપે સાબરમતી રિવરફ્રન્ટના બે છેડાના જોડતો 'અટલ બ્રિજ, દ્વારિકા અને શિવરાજપુર બીચ ખાતે સાકારિત થનારા 'અન્ડર વોટર સ્પોર્ટ્સ'ની પ્રવૃતિઓની સાથે કચ્છી માટી-આભલાની કલાકૃતિઓ આ ઝાંખીને ચાર ચાંદ લગાવી રહ્યા છે. ગુજરાતની ઝાંખીના અગ્રભાગમાં 'યુનેસ્કો'ની હેરિટેજ સાઈટમાં સામેલ આનર્તપુર હાલના વડનગર સ્થિત ૧૨-મી સદીનું સોલંકીકાળનું 'કીર્તિ તોરણ' દર્શાવવામાં આવ્યું છે. જેની ફરતે કચ્છી માટી-આભલાની કલાકૃતિની સાથે જનજાતીય દેવ 'બાબા પિથોરા'ની સ્મૃતિમાં રેખાંકિત થયેલા 'પિથોરા ચિત્રો''ની શ્રુંખલા દર્શાવવામાં આવી છે. આ ઝાંખીના પૃષ્ઠ ભાગમાં સંરક્ષણ-ટેકનોલોજી ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના પ્રકલ્પો પૈકી વડોદરામાં 'તાતા એડવાન્સડ સિસ્ટમ લિમિટેડ'ના મારફતે તૈયાર થનારા ભારતીય વાયુદળના સી-૨૯૫ એરક્રાફ્ટના યુનિટ અને તેની નીચે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટના બે છેડાના જોડતો તકનીકી અદ્વિતીયતાના નમૂનારૂપ 'અટલ બ્રિજ', સેમી કંડકટરના ઉત્પાદનમાં ગુજરાતમાં થનારા જંગી રોકાણ સ્વરૂપે સેમી કંડકટર ચીપ અને તેની સાથે જોડાયેલા વિવિધ ઉપકરણો અને તેની નીચે ઓટોમોબાઈલ-મેન્યુફેક્ચરીંગ હબ તરીકે પ્રસ્થાપિત થઇ રહેલો ગુજરાતનો ઓટો-મશીન ઉદ્યોગ દર્શાવવામાં આવ્યો છે. આ ઝાંખીના અંતિમ ભાગમાં દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦-મી જન્મજયંતીની સ્મરણાંજલિના ભાગરૂપે ૨૧-મી સદીની શાન અને દેશભરના ખેડૂતો મારફતે એકત્રિત કરવામાં આવેલા લોખંડથી નિર્માણાધીન સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા- 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' દર્શાવવામાં આવ્યું છે. જેની નીચેના ભાગમાં જગતમંદિર દ્વારકાની પાવનભૂમિ અને શિવરાજપુર બીચ ખાતે સાકારિત થનારા 'અન્ડર વોટર સ્પોર્ટ્સ'ની પ્રવૃતિઓનું નિદર્શન કરવામાં આવ્યું છે. આ દ્રશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિની સામગ્રી પ્રતિષ્ઠિત ચેનલ 'ડિસ્કવરી' દ્વારા પૂરી પાડવામાં આવી છે. ગુજરાતની આ ઝાંખીને વધુ રસપ્રદ બનાવવાના હેતુસર પારંપરિક કિન્તુ અર્વાચીન દુહાના તાલે રાજ્યના જોમવંતા મણીયારા રાસને જીવંત નૃત્ય સાથે દર્શાવવામાં આવ્યો છે. આ વર્ષે પ્રજાસત્તાક દિનની પરેડમાં ૧૪ રાજ્યો અને કેન્દ્રસાશિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની ૧૬ ઝાંખીઓ મળીને કુલ ૩૦ ટેબ્લોનું પ્રદર્શન થનારું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૭૬-માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ અવંતિકા સિંઘ ઔલખ, માહિતી નિયામક કિશોર બચાણી, અધિક નિયામક અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડો. સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક જીગર ખુંટ યોગદાન આપી રહ્યાં છે. આ ઝાંખીનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડના સિદ્ધેશ્વર કાનુગા કરી રહ્યા છે.

# મુસદ્દારૂપ જંત્રી -૨૦૨૪ માટે બે મહિનામાં રાજ્ય સરકારને ૧૧,૦૪૬ વાંધા સૂચનો મળ્યા : પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

**૫૪૦૦ જેટલા શહેરી અને ૫૬૦૦ થી વધુ ગ્રામ્ય વિસ્તારમાંથી વાંધા સૂચનો મળ્યા : રાજય સરકારને મળેલ કુલ રજુઆતો પૈકી ૬૭૦૦ જેટલી પ્રવર્તમાન જંત્રી દર ઓછા કરવાની અને ૧૭૫૫ જેટલી જંત્રી દર વધારવાની મળી : જિલ્લા કક્ષાની સમીતિ દ્વારા ૧૫ દિવસમાં વાંધા- સૂચનોની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ સરકારને રજુ કરાશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૩

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જાહેર હિતને ધ્યાને લઈ જમીનના ભાવોનું સરળીકરણ અને તર્કસંગતીકરણ (ration alisation) કરી, વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવીને વાસ્તવિક ભાવો દર્શાવતી, જંત્રી તૈયાર કરવાના દિશા નિર્દેશો આપવામાં આવ્યા હતાં. આનુસંગિક પરિબળોનું સાપેક્ષ યોગ્ય પૃથ્થકરણ કરી, જરુરી ફેરફાર કરી મળેલ ભાવો ને ધ્યાને લઈ, ''શહેરી વિસ્તાર'' અને ''ગ્રામ્ય વિસ્તાર'' માટે જિલ્લાવાર અલગ-અલગ ભાગમાં વિવિધ હેતુઓ માટેના ભાવોથી તૈયાર થયેલ મુસદ્દારૂપ જંત્રી અને માર્ગદર્શિકા તા.૨૦-૧૧-૨૦૨૪ના રોજ વાંધા-સુચન માટે પ્રસિધ્ધ કરવામાં આવી હતી. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતુ કે, શરૂઆતમાં પ્રસિધ્ધ કરેલ જંત્રી બાબતે વાંધા સૂચનો મંગાવવા માટે ૨૦-૧૨-૨૦૨૪ સુધીની અવધિ રાખવામાં આવી હતી. જે જાહેર હિતને ધ્યાને લઈને તા.૨૦-૧-૨૦૨૫ સુધી લંબાવવામાં આવી હતી. વધુમાં ઓનલાઈનની સાથે ઓફલાઈન પણ વાંધા - સૂચનો સ્વીકારવાની વ્યવસ્થા કરાઈ હતી. આ બે મહિનામાં રાજ્ય સરકારને કુલ ૧૧,૦૪૬ જેટલા વાંધા સૂચનો મળ્યા છે. જેમાંથી ૫૪૦૦ જેટલા શહેરી વિસ્તારમાંથી જ્યારે ૫૬૦૦થી વધુ ગ્રામ્ય વિસ્તારમાંથી આવ્યા છે. વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, જંત્રી દર ઓછા કરવા માટે કુલ ૬૭૫૩, જંત્રી દર ખુબ જ ઓછા છે તે વધારવા માટે કુલ ૧૭૫૫, સર્વે નંબર ખોટા વેલ્યુઝોનમાં સમાવેશ કરવા ૯૪, સર્વે નંબરનો સમાવેશ જંત્રી માં થયેલ ન હોય તેવી ૨૬૮ અને ૨૧૭૬ જેટલા અન્ય વાંધા - સૂચનોની અરજી રાજ્ય સરકારને મળી છે. જેમાંથી સૌથી વધારે અમદાવાદ જિલ્લામાંથી ૨,૧૭૯અને સૌથી ઓછી તાપી જિલ્લામાંથી કુલ ૦૭ જેટલી વિવિધ વાંધા-અરજી મળી છે. હવે આ વાંધા - સૂચનોના નિકાલ માટે જિલ્લા કક્ષાએ નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી દ્વારા મળેલ સૂચનોની પ્રાથમિક ચકાસણી કરીને જિલ્લા કક્ષાની સમીતિમાં આખરી નિર્ણય માટે મોકલવાની કામગીરી હાથ ધરાશે. જે સમગ્ર પ્રક્રિયા ૧૫ દિવસમાં પૂર્ણ કરીને રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

# દ્વારકાના સુદામાસેતુ સામે તંત્ર દ્વારા એક ગેરકાયદે દુકાનનું ડીમોલેશન કરાયું







(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૩

યાત્રાધામ દ્વારકામાં સંયૂક્ત તંત્રની ટીમ દ્વારા જગત મંદીર નજીક સુદામાસેતું પુલ સામે આવેલ સાર્વજનીક જગ્યામાં એક ગેરકાયદે પાકી દુકાનનું ખડકી દેવામાં આવી હોવાનું પાલીકા તંત્રને ધ્યાને આવતા પાલીકાએ અંદાજીત ૧૫ દિવસ પહેલા દુકાન માલીકને સરકારી જગ્યા ખાલી કરવા નોટીસ પાઠવી હતી. આજદિન સુધી માલિકે જગ્યા ખાલી ન કરતા સાંજે અચાનક પાલીકા તંત્ર પાલીસ ટીમ સાથે ઘટના સ્થળે જેસીબી અને ટેક્ટરો લઈ ગેરકાયદે દુકાનું ડીમોલેશન કરવા પહોચી આવ્યા હતા. જ્યારે દુકાનમાં હેન્ડીગ્રાફના સામાનથી ભરચક હોય ત્યારે થોડાસમય સુધી દુકાન સંચાલક અને ચિફ ઓફિસર વચ્ચે તુ.તુ. મેમે થૈઈ હતી. તુંરત દ્વારકા ડીવાય એસપી અને પ્રાંત અધિકારી પહોચી આવતા દુકાન સંચાલક થોડો સમય આપી હેન્ડીગ્રાફનો માલ સામાન કાઠવા મુદત દઈ બાદમાં દુકાન ખાલી કરાવામાં આવી હતી. ત્યારબાદ ભરચક વિસ્તારમાં દુકાનનું ડીમોલેશન કરવામાં આવ્યુંહતું. અને અંદાજીત સાર્વજનીક ચારસો ફુટ જગ્યા ખાલી કરવામાં આવી હતી. સુદામાંસેતું અને આસપાસ ગોમતીઘાટ શહેરના હાઈવે ઉપર અસંખ્યા સરકારી જગ્યામાં ભુમાફિયાઓના દબાણો હોવાથી તંત્ર ક્યારે સરકારી જગ્યા ખુલ્લી કરશે તે સૌની મિડ મંડાઈ રહી છે.

**સુદામાં સેતું આસપાસ ગેરકાયદે બાંધકામોને નોટીસો દેવાશે : ચિફ ઓફિસર**

દ્વારકાના ભરચોક વિસ્તાર જગતમંદિર નજીક આવેલ સુદામાં સેતું પાસે અન્ય ગેરકાયદે બાંધકામો હોય ત્યારે આ અંગે ચિફ ઓફિસર ઉદય નસિત ને પુંછતા ટુક સમયમાં સુદામાંસેતું ગોમતીઘાટ સહિતના વિસ્તારોમાં દબાણો છે. તેઓને નોટિસ આપવામાં આવશે. સ્વછાએ ખાલી નહી કરાઈ તો આવનાર દિવસોમાં ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવ્યુ હતું.

**૩૦મી જાન્યુઆરી - "શહીદ દિન" દેશના શહીદ વિરો પ્રત્યેનું ઋણ અદા કરવાનો અવસર**

# શહીદ દિને સમગ્ર દેશમાં શહીદોની યાદમાં બે મિનિટનું મૌન પળાશે : શહીદો પ્રત્યે શ્રદ્ધા-સન્માનની ભાવના જાગૃત થાય તે માટે સહકાર આપવા અપીલ


**સાયરનની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરનવગાડી બે મિનિટ માટે મૌન પાળવામાં આવશે**

(જી.એન.એસ)

ગાંધીનગર, તા. ૨૩

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે, તેવા શહીદ વીરોનીસ્મૃતિમાં તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૫ને ગુરુવારના રોજ "શહીદ દિને" સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી દેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદ વીરોને માન અર્પણ કરાશે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારનીગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે. વધુમાં ગુરુવાર તા. ૩૦મી જાન્યુઆરી,૨૦૨૫ના રોજ જે સ્થળે સાયરન કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરનવગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળવા સૂચના અપાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળશે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. બે મિનિટ બાદ મૌનનો સમય પૂરો થાય એટલે ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવાનું રહેશે. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરવામાં આવશે. શહીદવીરો પ્રત્યે ઋણ અદા કરી મૌન પાળવાના આ અવસરને ગૌરવશાળી બનાવવામાં સહયોગ આપવા ગુજરાતના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સૌને અનુરોધ કરવામાં આવ્યો છે.

દેશના ગૃહ મંત્રાલય દ્વારા શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે આ દિવસ મનાવાય તે માટે રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેનાવકતવ્ય, સંવાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવાયું છે.




આ ઉપરાંત પ્રસારણ ક્ષેત્રનાયુનિટો દ્વારા ભારતીય સ્વતંત્ર્યતા સંગ્રામમાં શહીદ વીરોની ભૂમિકા અને રાષ્ટ્રિય એકતા જેવા વિષયો પર સાંસ્કૃતિક કાર્યક્રમ, ફિલ્મ કે વૃત્ત ચિત્રોનું આયોજન કરવાનું રહેશે. રાજયના વિવિધ વાણિજય અને ઉદ્યોગ સંઘ પણ સન્માન સાથે શહીદ દિન મનાવે તે માટે રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા જણાવાયું છે.

# ખંભાળિયામાં ''આપણું બંધારણ, આપણું સ્વાભિમાન'' કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયામાં સંવિધાન ગૌરવ અભિયાન ૨૦૨૫ અંતર્ગત ''આપણું બંધારણ, આપણું સ્વાભિમાન'' કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ભાજપના અધ્યક્ષ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપ દ્વારા પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે જામનગર ગ્રામ્યના (પૂર્વ)ના ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી દ્વારા સંવિધાનના મહત્વ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવેલી ઐતિહાસિક કામગીરી ઉપર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. લાલજીભાઈએ જણાવ્યું કે ભાજપની સરકાર દ્વારા સંવિધાન અને ડો. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને ઉજાગર કરવા માટે અનેક મહત્વપૂર્ણ પગલાં ભરવામાં આવ્યા છે. ૧૯૯૦માં ડૉ. આંબેડકરને ''ભારત રત્ન''થી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંવિધાન દિનની ઉજવણીની શરૂઆત ભાજપની સરકારે ૨૦૧૫માં કરી હતી, જે દેશભરમાં આઝાદીના સિદ્ધાંતો અને બંધારણના મૂલ્યોને વધુ પ્રોત્સાહિત કરે છે. તેમણે આંબેડકરના સપનાનું પ્રતિનિધિત્વ કરતું નવી દિલ્હીમાં ડો. આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્રનું નિર્માણ મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું, જે તેમના જીવન, વિચારો અને કૃતિઓના ઐતિહાસિક પુરાવાઓને આવરી લે છે. આ ભાજપની સરકાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રની સ્થાપના કરાયેલી જે બાબાસાહેબને સાચી શ્રદ્ધાંજલિ છે. ભાજપે ડો. આંબેડકરના વિચારોને જીવંત રાખવા માટે સમાજના અંતિમ વ્યક્તિ સુધી ન્યાય, સમાનતા અને ભાઈચારા પહોંચાડવા માટે કામગીરી કરી છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સંવિધાનને મજબૂત બનાવતા અનેક સુધારા અને નીતિઓ અમલમાં મુકવામાં આવી છે, જેમ કે અનુસૂચિત જાતિ-જનજાતિ માટે નવી યોજના, બિનઆરક્ષિત વર્ગ માટે ૧૦ ટકા આર્થિક રીતે નબળા વર્ગને અનામત, તેમજ નાગરિકોના હકોની રક્ષા માટે ગૃહકાયદા મજબૂત બનાવવામાં આવ્યા છે. તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી રસીકભાઈ નકુમ, જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ સરસીયા, નિમિષાબેન નકુમ, ગીતાબા જાડેજા, ધીરુભાઈ ટાકોદરા તેમજ જિલ્લા ભાજપના વિવિધ મંડળના પ્રમુખો, મહામંત્રીઓ અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પાર્ટીના કાર્યકરો અને આગેવાનો દ્વારા ડો. આંબેડકરના વિચારોને પ્રેરણા રૂપ ગણાવીને તેમના જીવનમૂલ્યોને અનુસરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ આયોજનમાં ખંભાળિયા શહેર ભાજપ પ્રમુખ મિલનભાઈ કિરતસાતા, ઈન્દ્રજીતસિંહ પરમાર, અશોકભાઈ કાનાણી હસુભાઈ ધોળકિયા, સલાયા શહેર ભાજપ પ્રમુખ લાલજીભાઈ ભુવા સહિતના આગેવાનો, નગરજનો તેમજ બાળકો પણ જોડાયા હતા.

# જૂનાગઢ ડેપોના કંડકટર પ્રવિણભાઈ ચૌહાણનું સન્માન કરતા કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ એસટી જીવદયા ગ્રુપ દ્વારા સેવાકાર્ય ચાલી રહ્યું છે. જે અબોલ પશુ-પક્ષી માટે ચણ અને ચકલીના માળા તેમજ પક્ષી માટે પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. આવી નિસ્વાર્થ ભાવ વાળી સેવાને બિરદાવતા તા.૨૨-૧-૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જૂનાગઢ ડેપોના કંડક્ટર જીવદયા ગ્રુપના પ્રણેતા પ્રવિણભાઈ ચૌહાણનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.



# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પશુ ઉછેર કેન્દ્ર, કામધેનુ યુનિવર્સિટીની મુલાકાત લીધી





જૂનાગઢ,તા. ૨૩
રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પશુ ઉછેર કેન્દ્ર, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પશુ ઉછેર કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક અને વડા ડૉ. એમ.ડી. ઓડેદરા સાથે પશુ ઉછેર કેન્દ્ર ખાતે થતી વિવિધ સંશોધન, વિસ્તરણ અને શિક્ષણની પ્રવૃતિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. અંતે તેમણે ગીર ગાયની ઉત્પાદકતા વધારવા અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. તથા ગીર ગૌવંશની જાળવણી તથા સુધારણા કરવા બદલ પશુ ઉછેર કેન્દ્ર, કામધેનુ યુનિવર્સીટી, જૂનાગઢની કામગીરીની સરાહના કરી હતી. રાજ્યપાલની આ મુલાકાત દરમ્યાન કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગરનાં કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેલાવાલા ઉપસ્થિત રહયા હતા. આ મુલાકાત દરમ્યાન રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. એમ ડો.એમ.ડી. ઓડેદરા સંશોધન વૈજ્ઞાનિક અને વડા,પશુઉછેર કેન્દ્ર, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢની એક અખબારી યાદીમા જણાવાયુ છે.

# કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને 'જીલ્લા સ્વાસ્થ્ય પરિષદ'નું આયોજન

જૂનાગઢ, તા.૨૩
આજ રોજ આરોગ્ય શાખા જીલ્લા પંચાયત જૂનાગઢ દ્વારા " જીલ્લા સ્વાસ્થ્ય પરિષદ 'બેઠકનું આયોજન કલેકટર કચેરી સભાખંડ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યુ હતું.

આ સ્વાસ્થ્ય પરિષદનો મુખ્ય ધ્યેય આરોગ્ય વિષયક મુદાઓ માટે સ્થાનિક પરિબળને બહુઆયામી દ્રષ્ટીકોણથી સમજી પરિચર્ચા કરી તેના નિરાકરણ અર્થે નીતિનું ઘડતર કરવાનો છે આ પરિષદ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવલિયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમમાં તમામ વિભાગ અને એન.જી.ઓ દ્વારા ઉત્સાહ અને સકારાત્મક રીતે ભાગ લેવામાં આવેલ અને આરોગ્ય વિષયક મુદાઓ પર માર્ગદર્શન, ઉપાય અને ભવિષ્યના આયોજનની ચર્ચા કરવામાં આવી. ખાસ કરીને માતા મરણ અને બાળ લગ્નનાં અટકાયતી



પગલા, સંચારી રોગના સઘન અટકાયતી પગલા , બિનસંચારી રોગો અંગે જાગૃતતા અને તેના નિદાન સગર્ભા અને કિશોરીઓ માં એનેમીયા નું પ્રમાણ ઘટાડવા અંગે તમામ ના માર્ગદર્શન અને સુચનાનું સકારાત્મક આદાન પ્રદાન કરવામાં આવ્યુ હતું.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી અલ્પેશ સાલ્વી, અધિક જીલ્લા આરોગ્ય અધિકારી, જીલ્લા પંચાયત ની અન્ય વિભાગના અધિકારી, જીલ્લા આરોગ્ય શાખાના તાલુકા હેલ્થ ઓફિસર તેમજ જીલ્લાના સ્વેછીક સંસ્થાઓ જેવી કે આશીર્વાદ ફાઉન્ડેશન, રીઝવાન ફાઉન્ડેશન, આગાખાન સંસ્થા, અંજલી એજ્યુકેશન ટ્રસ્ટ, નચિકેતા એજ્યુકેશન ટ્રસ્ટ, જીલ્લા મહિલા મંડળ અને વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ જૂનાગઢ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાના વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાની અવર-જવર રહેતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજિયાત

જૂનાગઢ, તા.૨૩
અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબંધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતને નુકસાનીના બનાવો થયેલ છે. ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતાઓ ભવિષ્યમાં રહેલી છે. ઉપરાંત શહેરમાં વિભિન્ન પ્રકારના લૂંટ, ધાડ જેવા ગુનાઓ પણ બનતા હોય છે. આવા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તેમજ તપાસકામે સી.સી.ટી.વી. કેમેરા ઉપયોગી બની શકે તેમ હોવાનું જણાવી, વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાને અવર-જવર રહે છે. તેવા સ્થળોએ જાહેર જનતાની સુરક્ષા માટે સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ આનુષંગિક જરૂરી પગલાં લેવા સૂચનાઓ બહાર પાડતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષક, જૂનાગઢ તરફથી લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એફ.ચૌધરીને ફોજદારી **BNSS**,૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં તમામ હોટલ, ખાણીપીણીની લોજ, ફાસ્ટની દુકાન, ધાબા, ગેસ્ટ હાઉસ, લોજિંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહો, વિશ્રામ ગૃહો, રિસોર્ટ, ફાર્મહાઉસ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક એકમો, જીઆઈડીસી, પેટ્રોલ પંપ, સીએનજી પમ્પ, ગેસ એજન્સી, બેંકો, એટીએમ સેન્ટર, સિનેમા ઘર, શોપિંગ મોલ, ટોલ પ્લાઝા, આંગડિયા પેઢી, સાઈબર કાફે, કારખાના, શોરૂમ, જાહેર બાગ બગીચા, ટ્યુશન ક્લાસીસ, યુનિવર્સિટિ, શાળા-કોલેજો, સમાજની વાડી, ચર્ચ, મંદિર, મસ્જિદ, મદ્રેસા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટરપાર્ક, રોપ-વે, સોની વેપારીની દુકાનો તથા મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય તેવા મેળા જેવા સ્થળોએ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ તથા પાર્કિંગના સ્થળોએ તથા જે તે જગ્યાના મહત્વના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે તેમજ તેનું રેકોર્ડિંગ ૩૦ માટે સાચવવાનો રહેશે.

સીએનજી કે પેટ્રોલ પંપના માલિક/સંચાલકોએ સીએનજી પમ્પ/પેટ્રોલ પંપનો સમગ્ર વિસ્તાર આવરી લે તેમજ પેટ્રોલ/ડીઝલ/સીએનજી ફીલિંગ સ્ટેશન ઉપર વાહન આવે ત્યારે આવા વાહનના નંબર તેમજ ચાલક સ્પષ્ટ રીતે કેમેરામાં કેદ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન થતા હાઈ ડેફીનેશનના) રેકોર્ડિંગ સિસ્ટમ સાથે પૂરતી સંખ્યામાં રાખવાના રહેશે. પ્રાઈવેટ સિક્યુરિટી રાખવા માંગતા એકમ/પેઢીઓએ લાઈસન્સ ધરાવતી અધિકૃત સિક્યુરિટી એજન્સીના તથા તાલીમબધ્ધ સિક્યુરિટી ગાર્ડ રાખવાના રહેશે. આવા ગાર્ડ રાઉન્ડ ધી કલોક રાખવાના રહેશે. તેમજ જો કોઈ એકમની માલિકી બદલાય તો તે અંગેની જાણ આધાર પુરાવાઓ સાથે તરત જ એસ.ઓ.જી. શાખા, પોલીસ અધિક્ષકની કચેરી, જૂનાગઢમાં તથા લગત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. મલ્ટીપર્પઝ થિયેટર/કોમર્શિયલ મોલ/સેન્ટર/રોપ-વે તથા મેળા કાર્યક્રમના આયોજકોએ આવા સ્થળો ખાતે મેટલ ડિટેક્ટર લગાવવાના રહેશે. ઘણા ખરા કેસોમાં ગુનેગારો સી.સી.ટી.વી. કેમેરા તોડી નાખતા હોય છે. જેથી સી.સી.ટી.વી કેમેરા રેકોર્ડિંગ એક્સેસ કરવું મુશ્કેલ બને છે/ શક્ય બનતું નથી. આથી આવું ન બને તે હેતુસર ડી.વી.આર. સિસ્ટમને કોઈ પણ નુકસાની ન થઈ શકે તે રીતે આવી સિસ્ટમ કેમેરાથી અલગ જગ્યાએ લોકરમાં સુરક્ષિત રીતે રાખવાની રહેશે. તેમજ સી.સી.ટી.વી કેમેરાઓમાં ભારતીય માનક સમયાનુસાર ચોક્કસ પણ સમય સેટ કરવાનો રહેશે.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી તા. ૨૦-૦૩-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મ્દ્રજીજી,૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામા ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોસ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

# પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો માટે જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરવાની રીત

## જીવામૃત આપવાથી અળસિયાને સક્રિય કરી અને અલભ્ય પોષક તત્વોને લભ્ય બનાવી શકાય : ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ દ્વારા જમીનમા ભેજનું પ્રમાણ પણ વધે છે અને પાણીનું સ્તર ઉંચુ આવે

જૂનાગઢ, તા.૨૩
રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવા માટે વિશેષ અભિયાન અપનાવવામાં આવ્યું છે, ત્યારે જૂનાગઢ જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે અને ખેડૂતો રાસાયણિક ખાત છોડી અને પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ફળદ્રુપતા વધારી શકે છે અને રસાયણોના પ્રભાવથી જમીનને થતી આડ અસરને લાંબા ગાળા માટે અટકાવી શકે છે. પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આધાર સ્થંભ રૂપી પંચામૃત. તેમાં જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને જંતુનાશક અસ્ત્રો થકી ખેતી કરવામાં આવે છે. જીવામૃત ખેતીમા દેશી ગાયના ગૌમૂત્ર અને છાણમાંથી તૈયાર કરેલી ખાતરનો ઉપયોગ કરી જમીન તૈયાર કરવી જોઈએ. જેનાથી જમીનમા ભેજનું પ્રમાણ પણ વધે છે અને પાણીનું સ્તર ઉંચુ આવે છે. જીવામૃત તૈયાર કરવા માટે દેશી ગાયનું ગૌમૂત્ર ૧૦ લીટર દેશી ગાયનું તાજું છાણ ૧૦ કિ.ગ્રા, ઝાડ નીચે પડેલા શેઢા પાળા વાડની માટી ૧ મુઠી દેશી ગોળ ૧ કિ.ગ્રા ચણા ૧ કિ.ગ્રા કે કોઈ પણ દાળના લોટનું મિશ્રણ તૈયાર કરવું. આ મિશ્રણને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી અને મિશ્રણ મિક્ષ કરવું. ત્યારબાદ ડ્રમને કંતાનના કોથળાથી ઢાંકવું અને છાંયડે રાખવું અને લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર-સાંજ ૦૫-૦૫ મિનિટ સુધી હલાવવું. ઉનાળામાં બે-ત્રણ દિવસમાં અને શિયાળામાં એક અઠવાડિયામાં આવી રીતે જીવામૃત બની જશે. જીવામૃત તૈયાર થયા પછી ૧૫ દિવસ તેનો ઉપયોગ કરી શકાય છે. જીવામૃત વાપરવાની રીત આ જીવામૃતને એક એકર માટે ૨૦૦ લીટર ગાળીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું અને ઉભા પાક પર તેનો છંટકાવ કરવો. ઘન જીવામૃત બનાવવા માટે ૨૦૦ કિ.ગ્રા સખત તાપમાં સૂકવેલ, ચાળણીથી ચાળેલા દેશી ગાયના છાણના પાવડરને ૨૦ લીટર જીવામૃત સાથે ભેળવવું. ત્યારબાદ ૪૮ કલાક માટે છાંયો હોય ત્યાં ઢગલો કરી અને ત્યારબાદ પાતળું સ્તર કરી સૂકવવું. સૂકાઈ જાય ત્યારબાદ તેના ગાંગડાનો ભૂક્કો કરી એક વર્ષ સુધી તે વાપરી શકાય છે. ઘન જીવામૃત જમીનમાં અંતિમ ખેડાણ પહેલાં પ્રતિ એકર ૨૦૦ કિ.ગ્રા અને કુલ અવસ્થાએ પ્રતિ એકર ૧૦૦ કિ.ગ્રા આપવું. જીવામૃત આપવાથી જમીનમાં સુક્ષ્મ જીવાણુની સંખ્યામાં ઝડપથી વધારો થાય છે અને ભેજનું નિર્માણ ઝડપી બને છે. તેમજ તે સુષુપ્ત અળસિયાને સક્રિય કરી અને અલભ્ય પોષક તત્વોને લભ્ય બનાવી છોડના મૂળને પ્રાપ્ત કરાવે છે. આનાથી છોડની રોગ પ્રતિકારક શક્તિ વધે છે અને નાઈટ્રોજનની ઉપલબ્ધિ વધે છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. પાણીની બચત સાથે પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું પણ રક્ષણ થાય છે.

આમ, ખેતીની જમીનમાં ઓર્ગેનિક કાર્બન, નાઈટ્રોજન, ઝીંક સલ્ફર, વગેરે પોષક તત્વોની મોટી ઉણપ હોવાથી કોઈ પણ પ્રકારની ખેતી પ્રવૃત્તિમાં કૃષિ પદ્ધતિથી તૈયાર કરાયેલ જીવામૃત/ઘન જીવામૃતનો ઉપયોગ કરવો જોઈએ. આવું કરવાથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટે છે અને જમીનની ફળદ્રુપતા અને પોષક તત્વોની ઉપલબ્ધિ વધે છે.

# શાંતિ અને આધ્યાત્મના શુદ્ધ વૈદિક વાતાવરણ સભર જગ્યા એટલે બિલખા તાબાની પૂ. નથુરામ શર્માની તપોભુમીઆનંદ આશ્રમ

જૂનાગઢ, તા.૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સંસ્કૃતભવન, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને આનંદાશ્રમ બિલખાનાં સંયુક્ત ઉપક્રમે પૂ. નથુરામ શર્માનું સાહિત્યમાં યોગદાન વિષયે એક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યુ છે.

ભૌતિક જગતના પ્રવાસીઓને સંયમના પાઠ ભણાવી, તેમને આધ્યાત્મિક જગતનો પરિચય કરાવી, જીવન ધ્યેય પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ કરી, સન્માર્ગ તરફ દોરવા ભારતવર્ષમાં સમયાંતરે સંતો, મહાપુરુષો પ્રગટ થતાં રહે છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં જે સંત પરંપરા અસ્તિત્વમાં રહી છે, તેમાં આનંદઆશ્રમ બીલખાના અધિષ્ઠાતા મહાત્મા શ્રીનથુરામ શર્માનું નામ ઉલ્લેખનીય છે. નથુરામ શર્માએ વર્ષો અગાઉ સંસ્કૃત પાઠશાળાની સરિતા વહેતી કરી હતી. બ્રાહમણ સારસ્વતને પંડિતાઈના પાઠ પાઠશાળામાં આજે પણ અપાઈ રહ્યા છે. સનાતન વૈદિક સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે શ્રી નથુરામ શર્માએ આનંદઆશ્રમની સ્થાપના કરી હતી.


બીલખા આનંદાશ્રમ ખાતે ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ.નાં કૂલપતિ પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાનાં અધ્યક્ષસ્થાને પ્રાતઃ પ્રારંભ થનાર પૂ. નથુરામ શર્માનું સાહિત્યમાં યોગદાન વિષયે એક રાષ્ટ્રીય પરિસંવાદમાં વિદ્વાન વક્તાઓ દ્વારા પોતાનું પ્રેરક વક્તવ્ય આપી આનંદાશ્રમની સંસ્કાર અને સંસ્કૃતિમાં સમાજ પર અસરો વિષયે વાત કરશે. કાર્યક્રમ દરમ્યાન ચર્ચા સત્ર, શોધપત્ર વાંચન, સાથે વિદ્યાવાચસ્પતિ એવા ખ્યાતિપ્રાપ્ત ભાગવતાચાર્ય મહાદેવ પ્રસાદ મહેતા, અને આનંદાશ્રમનાં ટ્રસ્ટી કૌશીક ત્રિવેદી બોધાત્મક વાત પ્રસ્તુત કરશે.

અત્રે ઉલ્લેખનિય છે કે આનંદાશ્રમનાં પુસ્તકાલયમાં જ્ઞાનવર્ધન કરતા અને પં.નથુરામ શર્મા લીખીત ઉપલબ્ધ પુસ્તકોમાં તત્વજ્ઞાન ના ગ્રંથોમાં કુલ ૩૭ ગ્રંથોમાં શ્રીઉપનિષદો : બાર મુખ્ય મૂળ ને ગુજરાતી ટીકાસાથે તથા ૧૦૬ ઉપનિષદોનો સાર, શ્રીઈશોપનિષ, વેદાંતદર્શન સૂત્રો અન્વય અન્વયાર્થ, વેદાંતદર્શન સૂત્રો અન્વય અન્વયાર્થ ને વિસ્તૃત ગુજરાતી ટીકાસહિત.શ્રીમદ્ ભગવદ્ગીતા મૂળ શ્લોક, શ્લોકાર્થને રહસ્યદીપિકાનામની વિસ્તૃત ગુજરાતી ટીકાસહ, ભગવદ્ ગીતાદિ પંચરત્ન, વિષ્ણુસહસ્રનામ ટીકાસાથે,વિષ્ણુસહસ્રનામ ટીકાસાથે, તદઉપરાંત યોગવિદ્યાના ગ્રંથો જેવા કે યોગકૌસ્તુભ, અષ્ટાંગયોગના અભ્યાસીઓને અતિ- ઉપયોગી યોગાસનોનાં ચિત્રોસાથે, યોગપ્રભાકર,નાથસ્વરોદય અને પૂજ્યપાદ મહારાજશ્રીનાં પત્રો જેવા કે સદુપદેશદિવાકર પ્રથમ થી છઠ્ઠું કિરણ, પત્રકલ્પમંજરી તદઉપરાંત ઉપદેશગ્રંથાવલીમાં ઉપદેશગ્રંથાવલિ અંક ૧ થી ૮૧ તથા ભક્તિ,જ્ઞાન અને વૈરાગ્ય નાં ગ્રંથો (દ્રષ્ટાંતો સહીત) માં લખાયે ૫૧ પુસ્તકોમાં જેમ કે પરમસુખી થવાના ઉપાય,ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ, સદુપદેશમાળા ભાગ ૧ અને ૨, શોકને દૂર કરવાના વિચારો અને સત્સંગની મહત્તા, શ્રીનાથવચનામૃત ભાગ ૧ થી ૪, નાતનધર્મ-પ્રેરણા એવા પુસ્તકો આજેય એટલા પ્રસ્તુ છે. કર્મકાંડ નાં ગ્રંથોનાં લખાયેલ આઠ ગ્રંથો જેવા કે શ્રીયજુર્વેદીય આહ્નિકપ્રકાશ, શ્રીસામવેદીય આહ્?નકપ્રકાશ, સામવેદીય સંધ્યાદિ નિત્યકર્મ, અથર્વવેદીય સંધ્યાદિ નિત્યકર્મ તથાલઘુપુરાણોક્ત નિત્યકર્મ, સ્ત્રીઓનું નિત્યકર્મ., ચારે વેદની ત્રિકાલી લઘુસંધ્યા, ઘુવૈશ્વદેવ,સ્ત્રીઓ માટે સૂર્યોપાસનના ખરડાઓ, શાંતિસૂક્ત ખુબ જ્ઞાનપ્રદ પુસ્તકો છે. શ્રીનાથજીવનચરિત્ર ગ્રંથોમાં ઉપદેશગ્રંથાવલિ અંક ૮૨ થી ૧૧૭, શ્રીનાથચરિતામૃત પ્રથમ અને દ્વિતિય, તૃતિય પ્રવાહ, ગુરૂદેવનું સંક્ષિપ્ત જીવનદર્શન, શ્રી નાથચરિત માનસ, શ્રીનાથશતાબ્દી સ્મારક ગ્રંથ, સાર્ધશતાબ્દિ સ્મારક ગ્રંથવાંચકોનાં પ્રિય છે.

જુનાગઢથી માત્ર ૨૨કી.મી અંતરે આવેલા આનંદઆશ્રમ આમ તો પ્રસિધ્ધ શેઠ શાગાળશા અને રાણી ચંગાવતીની તપોભુમિની સમીપે આવેલ છે. લગભગ સવા સોવર્ષ અગાઉસુરેન્દ્રનગર જિલ્લાનાં મોજીદડ ગામે પવિત્ર ઔદીચ્યબ્રાહ્મણ પરિવારમાં પિતાશ્રી પીતાંબર રાવળ અને માતાનં નંદુબાનાં સંતાન રૂપે નથુરામ શર્માનો જન્મ થયો હતો. મોજીદડ અને ચુડાની પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવી, ચોટીલા પાસેના મેવાસા ગામે જ્યોતિષનો અભ્યાસ પણ કર્યો હતો. શ્રી શર્માહે અડવાણા, લીંબુડા અને જાફરાબાદમાં પ્રાથમિક શિક્ષકની નોકરી કરી હતી. તે ગામોમાં, મોટી ઉંમરના લોકોને ભેગા કરીને સત્સંગ કરતા અને આધ્યાત્મિક ચર્ચા કરતા. તેમના જ્ઞાનથી ત્યાં લોકો પ્રભાવિત થતા હતા. કહેવાય છે કે અડવાણા ગામે અરડેશ્વર મહાદેવની પુજા અર્ચન વેળાએ શિવ સન્મુખ બની પુષ્પ સ્વીકાર થયાની વાત કિવદંતી રૂપે સાંભળવા મળે છે. તેમનાં લગ્ન કરવાનું નક્કી થયું ત્યારે ગૃહત્યાગ કરીને હિમાલય ગયા. કેટલોક સમય ઉપવાસો કરી, અષ્ટાંગ યોગની સિદ્ધિ મેળવી. એમ કહેવાય છે કે તેમને ભગવાન શંકરનાં દર્શન થયાં હતાં. ત્યારથી તેઓ 'નાથ ભગવાન' તરીકે પ્રસિદ્ધ થયેલા, બાળપણ પછીઆત્મસંયમ, નિરીક્ષણની તિવ્રભાવના, અને ભક્તિ અનંત સત્યની શોધ, "આત્મા" ની શોધ, યોગના વિવિધ સિદ્ધાંતો, વૈદિક અભ્યાસ, ભક્તિ પરનિપુણતા જેમનાંમાં જોવા મળે તેવા અને લોકો જેમને દેવતાના રૂપમાં જોતા એવા પૂ. નથુરામશર્માએ જૂનાગઢ પાસે બીલખામાં આનંદાશ્રમની સ્થાપના કરી જ્યાં સંધ્યાવંદન આદિ આચાર, વર્ણશુદ્ધિ, શાસ્ત્રગ્રંથોનું સંપાદન, પઠન-પાઠન, આધ્યાત્મિક ચર્ચાઓ વગેરે પ્રવૃત્તિઓ નિત્ય થતી હતી. ધર્મપ્રચાર માટે બીલખા ઉપરાંત પોરબંદરનાં અડવાણા, મોજીદડ, લીંબુડા, ધ્રાફા, કરાંચી અને અમદાવાદ મુકામે આશ્રમ અને સુસંસ્કૃત શિક્ષણ માટે આમલા અને ભાવનગર ખાતે દક્ષિણામુર્તિ વિદ્યાલયો સ્થાપવામાં આવ્યા હતા. પાકિસ્તાનની રચના થયા પછી, કરાંચીનો આશ્રમ બંધ થતા અનુયાયીઓ ભારતમાં આવીને વસ્યા હતા. અહીં ગુરુપુર્ણિમા તથા કાર્તિકીપુર્ણિમાના વિશેષ પર્વ પ્રસંગે ઘણો મોટો લોકસમુદાય આશ્રમમાં આવી દર્શન-પૂજન અને મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવે છે. કેટલાક શ્રદ્ધાળુઓ લગ્ન પ્રસંગે નવદંપતીની છેડાછેડી છોડીને, પૂ. શ્રી નથુરામ શર્માના શ્રદ્ધાસભર દર્શન કરી મંગળ આશીર્વાદ પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત અહીં આશ્રમમાં નિત્યક્રમે સવાર-સાંજ આરતી, ભજનની રમઝટનો સુંદર નઝારો જોવા મળે છે. એટલું જ નહીં, અહીં શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા પણ થાય છે.દરવર્ષે વૈશાખ સુદ પાંચમના દિવસે અહીં સમૂહ યજ્ઞોપવીતનું આયોજન કરવામાં આવે છે. તેમજ ફાગણ સુદ પાંચમના રોજ પાટોત્સવની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવે છે.૯૩વર્ષથી અહીં "આનંદ આશ્રમ પત્રિકા" પ્રકાશિત થાય છે.

પ્રકૃતિ વચ્ચે સજ્જ શાંત, રમણીય વાતાવરણમાં આવેલો આનંદ આશ્રમ ખરેખર દર્શનીય સ્થળ છે, તો એક વખત અચૂક મુલાકાત લેવા જેવી ખરીપ!!!

અત્રે ઉલ્લેખનિય છે કે શ્રીમન્નથુરામ શર્માએ સનાતન ધર્મના ઉપદેશકો તૈયાર કરવા વાસ્તે શ્રી દક્ષિણામૂર્તિ સનાતન ધર્મવિદ્યાલય તથા તદંગભૂત શ્રી દક્ષિણામૂર્તિ સંસ્કૃત પાઠશાળા સ્થાપી ભક્તિયોગ અને જ્ઞાનવિષયક ૧૧૭જેટલા ગ્રંથો રચ્યા છે. તેમાં 'વેદાંતદર્શન',



ૐ શ્રી દક્ષિણામૂર્તિસ્વરૂપ શ્રી નાથ-ભગવાન

પૂજ્ય પાદ શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ મહાત્મા આચાર્ય શ્રી ૧૦૮ શ્રીમન્ન નથુરામ શર્માજી આનંદ આશ્રમ - બિલખા

'સાંખ્ય-પ્રવચન', 'શ્રીનાથસાધના', 'સદુપદેશ દિવાકર' વગેરે ખુબ બૌધ્ધીક રીતે જ્ઞાન વર્ધન કરી રહ્યા છે. શ્રી શર્માએ અનેક ગામોના પ્રવાસો યોજી લોકોને ધર્મનાં રહસ્યો સમજાવ્યાં તથા ધર્મનો પ્રચાર કર્યો હતો.તેઓ સનાતન ધર્મનો પ્રચાર તથા તેનાં સંરક્ષણ અને સંવર્ધન કરવાનું કામ કરતા અને પોતાના શિષ્યો દ્વારા ધર્મની પ્રવૃત્તિ અખંડિત ચાલુ રાખતા હતા.નોંધનીય છે કે ધૂમકેતુ, કલાગુરૂ રવિશંકર રાવળ, નાનાભાઈ ભટ્ટ અને ગિજુભાઈ બધેકા જેવા લેખકો અને કેળવણીકારોના જીવનઘડતરમાં શ્રીમન્ન નથુરામ શર્માનું નોંધપાત્ર પ્રદાન છે.

ગુજરાત-સૌરાષ્ટ્રના સંખ્યાબંધ લોકોને ધર્માભિમુખ કર્યા. શ્રીનાથવચનામૃત કહે છે કેનેત્રમાં, અંતઃકરણમાંને જીવમાં ઈષ્ટદેવની જ ઝંખના વધારવી સહજાવસ્થામાં અનુભવાતો આપણો સહજાનંદ (સ્વાભાવિક આનંદ) એટલો ઉત્કૃષ્ટતમ છે કે તે પરમાનંદ આગળ સ્વર્ગનાં દિવ્ય સુખો પણ નરકતુલ્ય પ્રતીત થાય છે. જેમ ઈંધણ ન નાંખવાથી અગ્નિ કર્મથી શાંત થઈ જાય છે તેમ વિષયોપભોગથી દૂર રાખેલું મન પોતાના વિવર્તોપાદાન કારણ કૂટસ્થમાં વિરામ પામે છે. મન, નેત્ર ને શ્રોત્રને તેમના વિહિત વિષયમાં જોડી રાખવાનો સ્વભાવ પાડવાથી તેઓ પોતપોતાના નિષિધ્ધ વિષયમાં જતાં નથી; તેથી સાધકે તેમને સર્વદા ઉત્સાહપૂર્વક વિહિત વિષયમાં જ રોકી રાખવાં જોઈએ. સાધકે પોતાનાં નેત્રને બહુ વશ વર્તાવવાં જોઈએ. ચિત્તમાં વિકાર ઉપજાવે એવું કાંઈ પણ જોવા તેમની પ્રવૃત્તિ થવા દેવી નહિ, ને કદાચ તેવી પ્રવૃત્તિ કરે તો સાવધાન થઈ વિવેકને બલવાન કરી તે પ્રવૃત્તિને રોકવી.

**સંકલન- અશ્વિન પટેલ**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વિપક્ષની રાજનીતિમાં મોટો ફેરફાર

દિલ્હી વિધાનસભાની ચૂંટણી આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ અલગ અલગ લડી રહ્યા છે. તેની પાછળનો સામાન્ય તર્ક એ છે કે, ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી પૂરતું પર્યાપ્ત હતું. આઈએનડીઆઈએના કોઇ દળે કોંગ્રેસનું સમર્થન કર્યુ નથી. સપા પ્રમુખ અખિલેશ યાદવે આપ માટે સભાઓ યોજવાની ઘોષણા કરી હતી અને તૃણમૂલ કોંગ્રેસ તથા શિવસેના-ઉદ્ઘવે કેજરીવાલને સમર્થન આપવાની પણ વાત કરી હતી. તેજસ્વી યાદવે પણ કહયું હતું કે, ગઠબંધન તો લોકસભા ચૂંટણી માટે હતું. જો કે બિહારના સંદર્ભમાં તેઓએ કોંગ્રેસની સાથે હોવાનો સંકેત આપ્યો હતો.

આ દરમ્યાન મહારાષ્ટ્રમાં આશ્ચર્યજનક પરિવર્તન જોવા મળ્યું. ઉદ્ઘવ ઠાકરે, સંજય રાઉત અને સુપ્રિયા સુલેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની ખુલ્લા મને પ્રશંસા કરી, જેની કોઈ કલ્પના નહતી. થોડા સમય અગાઉ શરદ પવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા, આ મુલાકાત પણ એવા સમયે થઈ જયારે ભાજપ વકફ સંશોધન વિધેયકથી લઈને સમાન નાગરિક સંહિતા પર પ્રતિબદ્ઘતા દેખાડી રહયું છે. તાજેતરમાં શરદ પવારે કહયું હતું કે, સંઘના સ્વયંસેવકોએ કરેલી મહેનતનો લાભ ભાજપને મળ્યો. આ તમામનો એક સંકેત છે કે આઈએનડીઆઈએના ઘટક કોંગ્રેસની વિરુદ્ઘ થઈ રહ્યા છે.

તાજેતરમાં આઈએનડીઆઈએમાં નેતૃત્વ બદલાવની વાત પર મમતા બેનર્જીનું નામ આવ્યું અને તેઓએ કહયું પણ ખરું કે હું તૈયાર છું. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પરિણામ બાદ આઈએનડીઆઈએમાં કોંગ્રેસ વિરોધી ક્ષેત્રીય દળોની એકજૂથતાનો જે સ્વર નીકળ્યો, તે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં સશકત થતો જોવા મળી રહ્યો છે. ભવિષ્યની રાજનીતિ પર તેનો ઊંડો પ્રભાવ પડી શકે છે.

એ વાતથી પણ નજર ફેરવી ન શકાય કે અરવિંદ કેજરીવાલ હિન્દુત્વની રાજનીતિને પણ આગળ ધપાવી રહ્યા છે. તેઓએ મંદિરોના પૂજારી અને ગુરુદ્ઘારના ગ્રંથીઓને વેતન આપવાનો વાયદો કર્યો છે. લાગે છેકે આપ હિન્દુત્વ થકી ભાજપને સીધો પડકાર આપનારી પાર્ટીની છબી બનવા ઈચ્છે છે. તેની સાથે જોડાયેલ વાતમાં ઈમામોને ૧૮ માસથી વેતન અપાયું નથી. ઈમામોનું એક સંગઠન સતત પ્રદર્શન કરી રહ્યું છે પરંતુ ન તો કેજરીવાલ આ સંગઠનની મુલાકાત કરી રહ્યા છે કે ન તો આ મામલે કોઈ વાત કરી રહ્યા છે. આ રણનીતિ છે કે હિન્દુત્વ સમર્થકોને સંદેશ આપવામાં આવે કે અમે ઈમામોના વેતનની જાહેરાત કરી હતી પરંતુ આપી રહ્યા નથી અને હવે પૂજારીઓ અને ગ્રંથીઓને વેતન આપીશું.

આ અગાઉ તેઓએ હિન્દુ શ્રદ્ઘાળુઓ માટે તીર્થાટનની યોજના શરુ કરી હતી. આઈએનડીઆઈએ ગઠબંધનમાં તેઓ એકમાત્ર નેતા છે જેઓએ પરિવાર સહિત અયોધ્યા જઈને શ્રીરામલલાના દર્શન કર્યા હતા. આ નીતિ આઈએનડીઆઈએના અન્ય દળોની અત્યાર સુધીના રાજકીય વ્યવહારથી વિપરીત છે. કેજરીવાલ વંદે માતરમ અને ભારત માતાની જયનો નારો લગાવે છે. આઈએનડીઆઈએના નેતા આરએસએસની આકરી નિંદા કરે છે. તેનાથી વિપરીત કેજરીવાલે સંઘ પ્રમુખ મોહન ભાગવતને સમ્માનજનક રીતે પત્ર લખીને પૂછયું કે, ભાજપ જે રીતે મતદાતાઓના નામ રદ કરાવી રહયું છે, તેનાથી શું આપ સહમત છો? અગાઉ પણ તેઓએ ભાજપા અધ્યક્ષ જે.પી.નડ્ડા દ્વારા સંઘની કોઈ આવશ્યકતા ન હોવાના નિવેદનનો ઉલ્લેખ કરતા પૂછયું હતું કે, શું આનાથી આપને દુઃખ નથી પહોંચતું? નોંધનીય છે કે, કેજરીવાલે હજી સુધી કોઈ વિચાર પ્રતિ પ્રતિબદ્ઘતા દેખાડી નથી. તેઓ પોતાની રાજનીતિ માટે પોતાનું વલણ બદલી શકે છે.

### બારદાનને લઈને કોંગ્રેસ ભાજપ પર આક્ષેપ કરી રહી છે

# માણાવદરમાં મગફળી ખરીદીમાં બારદાનને લઈ ભાજપે દોષનો ટોપલો ગુજકોમાસોલ પર ઢોળ્યો

## ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ આ માટે ગુજકોમાસોલને જવાબદાર ઠેરવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
માણાવદર,તા.૨૩

માણાવદરમાં મગફળીની ખરીદીમાં બારદાનને લઈને કોંગ્રેસ ભાજપ પર આક્ષેપ કરી રહી છે અને ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ આ માટે ગુજકોમાસોલને જવાબદાર ઠેરવી છે. માણાવદરમાં મગફળીની ખરીદી બારદાનના અભાવે અટકી હોવાના બાબતે કોંગ્રેસે જણાવ્યું હતું કે ભાજપ સરકાર અને તેમના મળતિયા આ મુદ્દે ખો-ખો રમી રહ્યા છે અને તેઓએ રીતસરના ખેડૂતોને ટટળાવી રહ્યા છે. તેમણે હાલમાં સરકાર અને તંત્ર બધુ ભાજપનું છે તો પછી તેઓ મગફળી ખરીદવા માટે નડતા અધિકારીઓ સામે પગલાં કેમ લેતા નથી, તેમને સસ્પેન્ડ કેમ કરતા નથી. ફક્ત બધુ લોકોને બતાવવા માટે છે. વાસ્તવમાં ભાજપના મળતિયાઓને મગફળીની ખરીદીમાં ફાયદો કરાવવા માટે ખેડૂતોના પેટ પર લાત મારવામાં આવી રહી હોવાનું કોંગ્રેસે જણાવ્યું હતું. આ અંગે ભાજપના માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ જણાવ્યું હતું કે માણાવદરમાં મગફળી ખરીદવા માટે બે મંડળીઓ મંજૂર થઈ છે અને તેના ૬,૨૦૦ ખેડૂત છે. પછી ખેડૂતોને માંગને ધ્યાનમાં રાખીને સરકારે ત્રીજી અને ચોથી મંડળી પણ મંજૂર કરી હતી. તેના પગલે પહેલી અને બીજી મંડળીના ખેડૂત સભ્યો કાપીને ત્રીજી અનેચોથી મંડળીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. તેમા પહેલી, ત્રીજી અને ચોથી મંડળીમા સામેલ ખેડૂતોનું તો બધુ બરોબર ચાલી રહ્યુ છે,પણ બીજી મંડળીમાં તકલીફ છે. આ મંડળી ગુજકોમાસોલના કોઈ અધિકારી સાથે સંલગ્ન હોવાનું જાણવા મળ્યું છે.તેને લઈને બારદારનથી લઈને બધા મોરચે તકલીફ પડી રહી છે. બારદાન આપવા માટે જે ટ્રક આવવી જોઈએ તે પણ હજી આવી નથી. અમારી અનેક રજૂઆતો ગુજકોમાસોલના અધિકારીઓ સાંભળતા નથી. તેમા પણ ગુજકોમાસોલના નરેન્દ્ર અને ભરત ભાઈ નામના હોદેદાર તો ભ્રષ્ટાચારમાં ગળાડૂબ હોવાનું જાણવા મળ્યું છે. અમે આ અંગે રાજ્ય સરકારને લેખિત જાણ કરીને પગલાં લેવા પણ જણાવ્યું છે. તેથી આ મુદ્દાનું આગામી સમયમાં નિરાકરણ આવી જશે તેવો દાવો તેમણે કર્યો હતો.

# રાજકોટમાં આવાસ યોજના હેઠળ ફ્લેટ ભાડે આપવાના મામલે મનપા દ્વારા મોટી કાર્યવાહી

## મહાનગરપાલિકાએ શ્રી રામ ટાઉનશીપમાં ૩ ફ્લેટ માલિકો અને શ્રી જીજાબાઈ ટાઉનશીપમાં ૬ ફ્લેટ માલિકો સામે કાર્યવાહી કરી છે

રાજકોટ,તા.૨૩

રાજકોટમાં આવાસ યોજના હેઠળ ફ્લેટ ભાડે આપવાના મામલે મહાનગરપાલિકા દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટમાં મ્યુનિસિપલ કોર્પોરેશને ભાડા માટે ૯ ફ્લેટ સીલ કર્યા છે. મહાનગરપાલિકાએ શ્રી રામ ટાઉનશીપમાં ૩ ફ્લેટ માલિકો અને શ્રી જીજાબાઈ ટાઉનશીપમાં ૬ ફ્લેટ માલિકો સામે કાર્યવાહી કરી છે.

મૂળ લાભાર્થીઓએ અન્ય વ્યક્તિઓને ફ્લેટ ભાડે આપ્યા હોવાની માહિતી મળ્યા બાદ મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ફ્લેટ ભાડે આપનાર મૂળ લાભાર્થી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. લાભાર્થીઓ પૈસા કમાવવા માટે ફ્લેટ ભાડે આપી રહ્યા છે.

રાજકોટના વિવિધ વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મોટાભાગના મકાનો બનાવવામાં આવ્યા છે જેથી લોકોને પોતાનું ઘર મળી શકે, પરંતુ આ આવાસ યોજનામાં કૌભાંડના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. શહેરના ફિટબેલ પાર્ટી પ્લોટ પાસેની કોલોનીમાં ફ્લેટ મેળવનારા લાભાર્થીઓને કોર્પોરેશને આ ફ્લેટ ભાડે આપ્યા હતા, જ્યારે બીજી તરફ કેટલાક લાભાર્થીઓએ સુખદેવ બસ્તી સહિત અન્ય કોલોનીઓમાં રોકાણ માટે ફ્લેટ આપ્યા હોવાનું સામે આવ્યું છે.

જોકે, હવે રાજકોટના આ આવાસોમાં કૌભાંડની આવી ઘટનાઓ જોવા મળી છે. રાજકોટ કોર્પોરેશન દ્વારા શહેરના સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક સીતાજી ટાઉનશીપમાં ૬ ઘરોને સીલ કરવામાં આવ્યા હતા. આ મકાનો લાંબા સમયથી ભાડા પર આપવામાં આવી રહ્યા હોવાથી, કોર્પોરેશનની ટીમ દ્વારા અહીં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને લાભાર્થીઓને મકાનો મળી ગયા છે. તેઓ આ ફ્લેટ ભાડે આપી રહ્યા હોવાનું જાણવા મળ્યું અને કોર્પોરેશનની ટીમે આ ફ્લેટ સીલ કરવાની કાર્યવાહી કરી.

બીજી બાજું, સામે આવ્યું છે કે કેટલાક લાભાર્થીઓએ રોકાણ માટે મકાનો ખરીદ્યા છે. રાજકોટમાં સુખદેવ ટાઉનશીપનું નિર્માણ વર્ષ ૨૦૨૩ માં થયું હતું. તો આ ટાઉનશીપમાં ૪૦૦ થી વધુ ફ્લેટ છે. જેમાં લગભગ ૪૦ ફ્લેટ એવા છે જે લાંબા સમયથી બંધ છે.

જ્યારે કોર્પોરેશનના નિયમો એવા છે કે જેમના નામે કોઈ મિલકત નથી અને જેમને જરૂર છે, તેમને જ આ આવાસમાં ફ્લેટ મળે છે. પરંતુ કોર્પોરેશનના અધિકારીઓની મિલીભગતથી આ આવાસ યોજનામાં ૪૦ થી વધુ ફ્લેટ રોકાણ માટે લેવામાં આવ્યા છે. સ્થાનિક લોકોએ એમ પણ કહ્યું કે અહીં નિયમો વિરુદ્ધ કૌભાંડ કરવામાં આવ્યું છે. જેના કારણે કોર્પોરેશનના અધિકારીઓ પર અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. હાલમાં જે લોકોને ઘરની જરૂર છે તેમને ઘર નથી મળી રહ્યું અને જે લોકોને તેની જરૂર નથી તેઓ પૈસા રોકીને અહીં ઘર મેળવી રહ્યા છે, તેથી મોટો પ્રશ્ન એ ઉભો થયો છે કે આ યોજના કોની મિલીભગતથી બનાવવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટના વિવિધ વિસ્તારોમાં કોર્પોરેશન દ્વારા મોટી સંખ્યામાં આવાસ યોજનાઓ બનાવવામાં આવી છે, પરંતુ તાજેતરમાં એવું બહાર આવ્યું છે કે આમાંથી ઘણા મકાનો જર્જરિત અને બંધ હાલતમાં છે. હવે આ કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે.

### રાજ્ય સરકારનો નિર્ણય

# નવી મનપામાં વર્ગ ૧ અને ૨ની જગ્યાઓ પર ભરતી જાહેર થશે

## સમગ્ર મામલે GPSCના ચેરમેન હસમુખ પટેલે પોસ્ટ શેર કરીને જાણકારી આપી છે

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં ૯ નવી મહાનગર પાલિકાની સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જેમાં મોરબી, સુરેન્દ્રનગર, આણંદ, નડિયાદ, વાપી, નવસારી, મહેસાણા, ગાંધીધામ અને પોરબંદરને મહાનગર પાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. જ્યારે રાજ્ય સરકારે નવી જાહેર કરાયેલી મહાનગર પાલિકાઓમાં ભરતીને લઈને જગ્યા ભરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

આ મામલ GPSCના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું કે, 'રાજ્યની મહાનગરપાલિકાઓની વર્ગ ૧ અને ૨ની જગ્યાઓ જીપીએસસી દ્વારા ભરવા રાજ્ય સરકારનો નિર્ણય. જગ્યાઓની વિગતો પ્રાપ્ત થતા આયોગ ભરતીની કાર્યવાહી ઝડપથી શરૂ કરશે.'ગુજરાતમાં અગાઉ નગર પાલિકાઓમાં અને મહા નગરપાલિકામાં ભરતીમાં ગેરરીતિઓ બહાર આવી હતી. નડીયાદ નગરપાલિકામાં ભરતીમાં લાંબુ લિસ્ટ છેક રિજનલ કમિશનર સુધી પહોંચ્યું હતું. જેમાં ભરતીમાં ગેરરીતિનો આક્ષેપ થયો હતો. વર્ગ ૧ અને વર્ગ ૨ જેવી જગ્યાઓ પર ભરતીમાં ભ્રષ્ટાચાર અટકે અને ગુણવત્તા યુક્ત ઉમેદવારોની ભરતી થઈ શકે તે માટે GPSC જેવી સંસ્થાને કામગીરી સરકાર દ્વારા સોંપવામાં આવે છે. GPSC પાસે ભરતી પ્રક્રિયાની એક સ્ટાન્ડર્ડ પ્લેટફોર્મ હોય, ભરતી પ્રક્રિયા ટ્રાન્સપેરેન્ટ અને ઝડપી બને છે.આ ઉપરાંત હજુ મહા નગરપાલિકાઓ વચ્ચે કર્મચારીઓ-અધિકારીઓની બદલી ન થતી હોવાથી હવે નવી બનેલી મહા નગરપાલિકાઓમાં અનુભવી સ્ટાફની અછત રહેશે. મહાનગર પાલિકાના અધિકારીઓ ઈચ્છા ધરાવે છે કે સરકાર બદલીના નિયમોમાં ફેરફાર કરે, જેથી મહા નગરપાલિકાઓ વચ્ચે પણ અધિકારીઓની બદલી થઈ શકે.

# વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે એક ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો

ગાંધીનગર,તા.૨૩

રાજયમાં અગામી ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે. જેને લઈને અત્યારથી વિદ્યાર્થીઓ ફુલ તૈયારીમાં લાગી ગયા છે. ઉપરાંત વાલીઓ પણ આતુરતાથી તેમના બાળકોની આ પરીક્ષાની છેલ્લા કેટલાય સમયથી રાહ જોઈ રહ્યા હતા.

ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાઓને લઈને વિદ્યાર્થીઓના હિત માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે એક ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં આ હેલ્પલાઈન દ્વારા એક્સપર્ટ કાઉન્સેલર તેમજ સાયકોલોજિસ્ટ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. ખાસ કરીને વિદ્યાર્થીઓના હિત માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજયના તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓ આ હેલ્પલાઈનનો ઉપયોગ કરી શકે છે. જેમાં આ હેલ્પલાઈનનો સમય સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ સુધીનો રહેશે. આ સમય દરમિયાને કોઈ પણ વિદ્યાર્થી તેની સમસ્યાને લઈને ફોન કરી શકે છે. જેમાં એક્સપર્ટ કાઉન્સેલર અને સાયકોલોજિસ્ટ દ્વારા તેમને માર્ગદર્શન આપવામાં આવશે.

# ખેલ મહાકુંભમાં જીલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો



જૂનાગઢ તા. ૨૩

તાજેતરમાં જૂનાગઢ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં ક્રિમસન ધ આર્ટ એકેડમીમાં કલાનો અભ્યાસ કરતા વિદ્યાર્થી આયુષ પરમાર કે જે ધોરણ -૮માં અભ્યાસ કરે છે અને છેલ્લા ત્રણ વર્ષથી ક્રિમસન ધ આર્ટ એકેડમીમાં માનસી જોષી પાસે કલાની તાલીમ મેળવે છે, એમને જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે અને જૂનાગઢનું ગૌરવ વધારેલ છે. હવે આયુષ પરમાર આગામી દિવસોમાં રાજયકક્ષાના કલા મહાકુંભમાં ભાગ લેવા જશે. આયુષ પરમાર એક ખુબ સામાન્ય પરીવાર માંથી આવે છે, અને તેના પિતા સિલાઈકામ કરી તેના પુત્રને કલાના ક્ષેત્રમાં આગળ વધવા માટે અથાગ મહેનત કરે છે અને પિતાની આ મહેનતને આયુષ પરમારએ ખુબ સરસ રીતે ઉજાળી છે.

# કોડીનારના મુસ્લિમ યુવકના ગુમ થયેલ સોનાના દાગીનાના પાકિટ પોલીસે શોધી આપ્યા



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૩

કોડીનાર શહેરમાં ફરસાણની લારી કાઢી પરિવારનું ગુજરાન ચલાવતા મુસ્લિમ યુવકનું સોના ચાંદી ભરેલું બેગ ખોવાઈ જતા કોડીનાર પોલીસે સોના ચાંદીનું બેગ શોધી કાઢી મૂળ માલિકને પરત કરી સરાહનીય કામગીરી કરી હતી. આ અંગેની વિગત મુજબ કોડીનારના રેહાન મહમદભાઈ જુણેજા પોતાના ઘરે જીન પ્લોટથી બસ સ્ટેશન જવા નિકળેલ તે દરમ્યાન પોતાની પાસે રહેલ સોના ચાંદીના દાગીના ભરેલ બે પાકીટ રસ્તામાં ક્યાંક પડી જતા ગુમ થયેલ હોય, આ અંગે કોડીનાર પોલીસને જાણ કરતા કોડીનાર ટાઉન બીટના પો.હેડ કોન્સ. એ.પી.જાની તથા પો.કોન્સ.ભગવાનભાઈ, ભીખુશા બચુશા અને હિંમતભાઈએ તાત્કાલીક અસરથી ટીમ વર્ક કરી રેહાન જુણેજાનું દાગીના ભરેલા બે પાકીટ જેમાં સોનાના એરીંગ ૧૦ ગ્રામના નંગ-૨ અને સોનાની વીંટી, ૩ ગ્રામની નંગ-૦૧, ચાંદીના સડા નંગ-૨,ચાંદીની વીંટી નંગ-૧ કિંમત આશરે રૂ.૧,૦૦,૦૦૦/- ના શોધી કાઢી સદર બંને પાકીટ જે તે સ્થિતીમાં મુળ માલીક રેહાન મહમદભાઈ જુણેજાને પરત સોંપી આપી પ્રસંશનીય કામગીરી કરી પોલીસ પ્રજાનો મિત્ર હોવાનું સાર્થક કરી સરાહનીય કામગીરી કરતા રેહાનભાઈ જુણેજા એ કોડીનાર પોલીસે કરેલ મદદ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદમાં ફરી હિલિયમ બલૂનની મજા માણી શકાશે

અમદાવાદ,તા.૨૩

વર્ષો પહેલાં કાંકરિયામાં લોકો હિલિયમ બલૂનમાં સવાર થઈને આખુંય અમદાવાદ જોઈ શકતા હતા તે એક્ટિવિટી પુનઃ શરૂ કરવા માટેના પ્રયત્ન થઈ રહ્યા છે. અમદાવાદમાં હિલિયમ બલૂન પુનઃ શરૂ કરવા માટેની વિચારણા અમદાવાદ મહાનગરપાલિકાની રિક્રિએશન કમિટીમાં કરવામાં આવી છે. આ અંગે હિલિયમ બલૂન કેમ બંધ કરવું પડ્યું અને તેના ટેકનિકલ આસ્પેક્ટને ધ્યાનમાં રાખીને હવે નવેસરથી હિલિયમ બલૂન શરૂ કરવા માટે પ્રયત્ન થયા છે. જોકે આ વખતે હિલિયમ બલૂન માટેનું લોકેશન કયું હશે તે નક્કી નથી. રિક્રિએશન કમિટિના ચેરમેન જયેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે કાંકરિયા ખાતે આવેલું હિલિયમ બલૂન છેલ્લા કેટલાક વર્ષોથી બંધ કરવામાં આવ્યું છે. અમદાવાદની હવાની ઝડપ તેમજ આબોહવાને ધ્યાન લેતાં કાંકરિયામાં આ બલૂન માટે યોગ્ય જગ્યા નહીં હોવાનું સામે આવ્યું છે. ત્યારે હવે આ પ્રકારની કામગીરી માટે કયું સ્થળ યોગ્ય છે તેની તપાસ કરવામાં આવશે. અમદાવાદમાં રિવરફ્રન્ટ અથવા તો કાંકરિયામાં હિલિયમ બલૂન શરૂ થશે. અગાઉ જે સ્થળ પર હિલિયમ બલૂન રાખવામાં આવ્યું હતું તે સ્થળ પર પવનની ગતિ સાનુકૂળ ન હોવાનું આજે રિક્રિએશન કમિટી ચેરમેને જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪માં એપ્રિલ માસમાં આવેલા વાવાઝોડાએ અમદાવાદમાં ભારે નુકસાન વેર્યું હતું. જેમાં કાંકરિયામાં આવેલા હિલિયમ બલૂનને પણ નુકસાન થયું હતું અને બલૂન ઝાડ સાથે અથડાવાથી ફાટી ગયું હતું. લાંબા સમય બાદ નવો બલૂન લાવવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૪ના એપ્રિલમાં આવેલા વાવાઝોડા પહેલાં પણ પ્રથમ હિલિયમ બલૂનને નુકસાન થયું હતું જેના કારણે બલૂનને અનેક વખત પંચર રિપેર કરવાની ફરજ પડી હતી. હિલિયમ બલૂન આજથી ૧૪ વર્ષ પહેલાં વર્ષ ૨૦૧૦માં હિલિયમ બલૂન પ્રોજેક્ટની શરૂઆત કાંકરિયા ખાતે કરવામાં આવી હતી. ૧૦ કરોડના ખર્ચે કોન્ટ્રાકટર પીપીપી ધોરણે શરૂ કરવામાં આવેલા આ બલૂન પાછળ આશરે રૂ. ૧૦ કરોડનો ખર્ચ કરાયો હતો. આ બલૂન દ્વારા થતી આવકનો ૧૦% હિસ્સો કોર્પોરેશનને આપવામાં આવતો હતો. ૨૫ ડિસેમ્બર ૨૦૧૦માં હિલિયમ બલૂનને વિદેશથી લાવવામાં આવ્યું હતું. બલૂન શરૂ થયા બાદ સમયાંતરે તેમાં કોઈને કોઈ ખામીઓ સામે આવતી હતી અને શરૂ થયા બાદ પણ ઘણી વખત તે બંધ રાખવું પડતું હતું. લોકાર્પણના થોડા જ વર્ષમાં હિલિયમ બલૂનની હવા નીકળી જતા તેને બંધ પણ કરવામાં આવ્યું હતું. હિલિયમ બલૂન એક વખત તૂટે તો તેને રિપેર કર્યા બાદ તેમાં હિલિયમ ગેસ ભરવામાં જ રૂ. ૫૦ લાખ જેટલો મોટો ખર્ચ થતો હતો.

જેને પગલે પ્રોજેક્ટ ચલાવનાર કોન્ટ્રાક્ટર દ્વારા આ પ્રોજેક્ટ બંધ કરી દીધો હતો. ત્યારે હવે ફરીથી આ પ્રોજેક્ટને શરૂ કરવા માટે હિલચાલ શરૂ થઈ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રેવન્યુ શેરિંગ સાથે કોન્ટ્રાક્ટરને હિલિયમ બલૂનની જગ્યા ફાળવી હતી. આ જગ્યા પર હવે કેન્ડી વર્લ્ડ શરૂ કરવામાં આવનાર છે જ્યારે હિલિયમ બલૂનને સાબરમતી રિવરફ્રન્ટ પર શરૂ કરી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા અધિકારીઓને સૂચના આપી છે.

## આપની આવતીકાલ કેવી જશો...?

:: રત્નકણીકા ::

ગૃહસ્થાશ્રમ ભક્તિમાં બાધક નથી પરંતુ સાધક છે.

- પ. પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજજબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ વદ-૯ નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતિ તા.૨૩ જાન્યુઆરી ૨૦૨૫, ગુરૂવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૨૨, વિશાખા નક્ષત્ર, ગંડ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૩૫, સૂ.અ.૬:૩૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), રાત્રે ૧૦:૩૨ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
વૃષભ:અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
મિથુન:ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
કર્ક: પ્રવાસ-પર્યટન થાય.આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ: પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
કન્યા: આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
તુલા: ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.
વૃશ્ચિક:આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
ધન: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.
મકર: મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
કુંભ: સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
મીન: સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.

# તા.૫થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ દરમ્યાન અભ્યાસ છોડી દેનારા ઉમેદવારો JEE-એડવાન્સ્ડ માટે પાત્ર બનશે : સુપ્રિમકોર્ટ



નવી દિલ્હી, તા.૨૩

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ૫ નવેમ્બરથી ૧૮ નવેમ્બર, ૨૦૨૪ વચ્ચે અભ્યાસક્રમો છોડી દેનારા અરજદારોને જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE)-એડવાન્સ્ડ માટે નોંધણી કરાવવાની મંજૂરી આપી હતી. જસ્ટિસ બી.આર.ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે JEE-એડવાન્સ્ડ ઉમેદવારોને આપવામાં આવેલા પ્રયાસોને ત્રણથી ઘટાડીને બે કરવા સામેની અરજીઓની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, JEE-એડવાન્સ્ડ પરીક્ષાનું આયોજન કરવા માટે સોંપાયેલ જોઈન્ટ એડવાન્સ્ડ બોર્ડ (JAB)એ ગયા વર્ષે ૫ નવેમ્બરના રોજ એક પ્રેસ રિલીઝ જારી કરી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩,૨૦૨૪ અને ૨૦૨૫માં ધોરણ ૧૨ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ JEE-એડવાન્સ્ડમાં બેસવા માટે પાત્ર રહેશે. ૧૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ, બીજી એક પ્રેસ રિલીઝ જારી કરવામાં આવી હતી જેમાં પાત્રતા ફક્ત બે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ સુધી મર્યાદિત કરવામાં આવી હતી. બેન્ચે જણાવ્યું,જો વિદ્યાર્થીઓ, ૫ નવેમ્બરના રોજ આપેલા નિવેદન ઉપર કાર્ય કરીને, JEE પરીક્ષામાં બેસવા માટે હકદાર હોવાની સમજ સાથે તેમનો અભ્યાસક્રમ છોડી દીધો હોય, તો ૧૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ આપેલા વચનને પાછું ખેંચી લેવાથી તેમના નુકસાન થાય તેવું કાર્ય કરવાની મંજૂરી આપી શકાતી નથી. JABના નિર્ણયના ગુણદોષનું અવલોકન કર્યા વિના, સર્વોચ્ચ અદાલતે કહ્યું કે ૫ નવેમ્બરથી ૧૮ નવેમ્બર, ૨૦૨૪ની વચ્ચે અભ્યાસ છોડી દેનારા વિદ્યાર્થીઓને પરીક્ષા માટે નોંધણી કરાવવાની પરવાનગી આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટે બે અરજીઓ ઉપર સુનાવણી કરી રહી હતી, જેમાં ૨૨ ઉમેદવારો દ્વારા દાખલ કરાયેલી એક અરજીનો સમાવેશ થાય છે, જેમાં JEE-એડવાન્સ્ડ માટે ઉમેદવારો માટે ઉપલબ્ધ પ્રયાસોની સંખ્યા ત્રણથી ઘટાડીને બે કરવાનો પડકાર હતો. સુનાવણી દરમ્યાન અરજદારો વતી હાજર રહેલા વકીલે જણાવ્યું હતું કે ૫ નવેમ્બર ૨૦૨૪ના રોજની પ્રેસ રિલીઝમાં આપેલા વચનને કારણે, તેઓએ પ્રતિષ્ઠિત IITમાં પ્રવેશ માટે લેવામાં આવતી પરીક્ષા આપવા માટે કોલેજો છોડી દીધી હતી.

# દિલ્હીમાં લીકર પોલિસી રદ કરવાને કારણે ૨૦૨૬ કરોડનું નુકસાન થયું : કેગનો રિપોર્ટ

નવી દિલ્હી તા.૨૩

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી દરમ્યાન કથિત લિકર કૌભાંડ એક મોટો મુદ્દો બની ગયો છે. ભારતીય નિયંત્રક અને ઓડિટર જનરલ(CAG)ના અહેવાલને ટાંકીને ભાજપે આમ આદમી પાર્ટી(AAP)ને ઘેરી છે. ભાજપનો દાવો છે કે લિકર પોલિસી કૌભાંડને કારણે દિલ્હીને ૨ હજાર કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. આ ઉપરાંત ઘણા આપના નેતાઓએ લાંચ પણ લીધી હતી. જો કે, આપે આ મુદ્દા ઉપર વળતો પ્રહાર કર્યો છે અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહે પૂછ્યું કે, ‘CAG રિપોર્ટ ક્યાં છે. આ દાવાઓ ક્યાંથી આવી રહ્યા છે.’ અહેવાલો અનુસાર, ભાજપે CAGનો લીક થયેલો રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં ચોંકાવનારા તથ્યો પ્રકાશમાં આવ્યા છે. લિકર કૌભાંડથી સરકારી તિજોરીને ૨,૦૨૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ભાજપનો આરોપ છે કે, નીતિના અમલીકરણમાં ખામી રહી છે. આપ નેતાઓને પણ લાંચ મળી છે. દારૂ કૌભાંડને કારણે થયેલા નુકસાનનો આંકડો પહેલી વાર સામે આવ્યો છે. ભાજપે દાવો છે કે એક યુનિટમાં ખોટ દેખાઈ હતી, છતાં તેનું લાઈસન્સ રિન્યુ કરવામાં આવ્યું હતું. લાઈસન્સ આપવામાં ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને સજા કરવામાં આવી ન હતી. કિંમત નિર્ધારણમાં પણ પારદર્શિતાનો અભાવ હતો. ઘણાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો ઉપર કેબિનેટની મંજૂરી કે લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરી લેવામાં આવી ન હતી. લિકર કૌભાંડ અંગે ભાજપના દાવા ઉપર AAP નેતા સંજય સિંહે જણાવ્યું હતું કે, આ CAG રિપોર્ટ ક્યાં છે ? આ દાવાઓ ક્યાંથી આવી રહ્યા છે ? શું આ ભાજપ કાર્યાલયમાં સુપરત કરવામાં આવ્યું હતું ? ભાજપના નેતાઓએ પોતાનું માનસિક સંતુલન ગુમાવી દીધું છે. એક તરફ તેઓ દાવો કરે છે કે CAG રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો નથી, તો બીજી તરફ તેઓ આવા દાવા કરે છે ? લીક થયેલા CAG રિપોર્ટ ઉપર દિલ્હી ભાજપના પ્રદેશ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ જણાવ્યું હતું કે, ‘શીશ મહેલ ઉપર ખર્ચવામાં આવેલા પૈસા લિકર પોલિસીમાંથી આવ્યા હતા. તેમણે (AAP) વિધાનસભા સત્ર બોલાવવું જોઈએ. તેઓ તેને ગૃહના ટેબલ ઉપર કેમ નથી મૂકી રહ્યા ?’


# રાજકારણમાં બધું શક્ય છે. RSSની પ્રશંસા કરતાં શરદ પવારની ટિપ્પણી ઉપર મહારાષ્ટ્રના CM દેવેન્દ્ર ફડણવીસની પ્રતિક્રિયા



મુંબઈ તા.૨૩

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે NCP-SP (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-શરદચંદ્ર પવાર) પ્રમુખ શરદ પવારના તાજેતરના એ નિવેદન ઉપર કટાક્ષ કર્યો છે, જેમાં તેમણે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની પ્રશંસા કરી હતી. ફડણવીસે કહ્યું કે, ‘શરદ પવાર ચાણક્ય’ છે. તેમને પણ અનુભવ થયો હશે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મહાવિકાસ અઘાડી દ્વારા પ્રચાર કરવામાં આવેલ ફેક નેરેટિવ વિધાનસભા ચૂંટણીમાં કેવી રીતે પંચર થઈ ગયું. શરદ પવારના ધ્યાનમાં આવ્યું હશે આ શક્તિ (RSS) નિયમિત રાજનીતિ કરનારી નથી, તે રાષ્ટ્ર નિર્માણ કરનારી શક્તિ છે. અંતે વ્યક્તિએ પોતાના વિરોધીના પણ વખાણ કરવા પડે છે. એટલા માટે તેમણે RSSની પ્રશંસા કરી હશે. NCP (શરદચંદ્ર પવાર) અને NCP (અજિત પવારના ફરી નજીક આવવા અથવા એક થવાની સંભાવના ઉપર દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ‘હું તમને જણાવી દઉં કે તમે ૨૦૧૯ પછી મારા નિવેદનો સાંભળ્યા હશે. ૨૦૧૯થી ૨૦૨૪ સુધી જે ઘટનાઓ ઘટી છે, તેનાથી મને એ તો સમજાઈ ગયું છે કે રાજ્યમાં કંઈ પણ અશક્ય નથી. કોઈએ એવું વિચારીને આગળ ન વધવું જોઈએ કે આ વસ્તુ ન થઈ શકે. કંઈ પણ થઈ શકે છે. ઉદ્ધવ ઠાકરે ત્યાં જઈ શકે છે, અજિત પવાર અહીં આવી શકે છે. રાજકારણમાં કંઈ પણ થઈ શકે છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે જ્યારે આપણે છાતી ઠોકીને બોલી દઈએ કે આવું નહીં થશે, ત્યારે રાજનીતિક પરિસ્થિતિઓ તમને ક્યાં લઈ જઈને બેસાડી દેશે તેનો કોઈ ભરોસો નથી. દેવેન્દ્ર ફડણવીસ નાગપુરમાં વરિષ્ઠ RSS નેતા વિલાસ ફડણવીસની સ્મૃતિમાં આયોજિત એવોર્ડ સમારોહમાં સામેલ થયા હતા. આ કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમ્યાન તેમણે કહ્યું કે, ‘RSSએ મહારાષ્ટ્રની ચૂંટણીમાં અરાજકતાવાદી શક્તિઓ સામે લડવા માટે રાષ્ટ્રીય દળોને એકત્ર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. મહારાષ્ટ્રની ચૂંટણીમાં અમે RSS વિચાર પરિવારને વિનંતી કરી હતી કે રાષ્ટ્રીય દળોએ અરાજકતાવાદી દળો સામે એક સાથે આવવાની જરૂર છે.’ આરએસએસ વિચારધારા પરિવારના વિવિધ વર્ગોના લોકોએ પોતપોતાના વિસ્તારોમાં અરાજકતા સામે લડવા માટે પોત-પોતાના ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા ભજવી છે.’ દેવેન્દ્ર ફડણવીસે આગળ કહ્યું કે, લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી એક ખોટા નેરેટિવમાં સફળ રહી. તેનાથી તેમને વધુ પડતો આત્મવિશ્વાસ આવી ગયો કે તેઓ આ પ્રકારના ફેક નેરેટિવ ફેલાવીને સત્તામાં આવી શકે છે. અમને બધાને લોકસભાની ચૂંટણીમાં ખૂબ જ વિશ્વાસ હતો. અમને લાગ્યું કે અમે જીતી રહ્યા છીએ. તેથી અમને લાગ્યું કે વિપક્ષ દ્વારા બંધારણ બદલવા વગેરેની વાતોનો જનતા ઉપર કોઈ પ્રભાવ પડશે નહીં. અમને લાગતું હતું કે વોટ જેહાદની કોઈ અસર નહીં થાય, પરંતુ કમનસીબે અમે તેની અસર જોઈ. તમને જણાવી દઈએ કે, પાર્ટી કાર્યકરો સાથેની મુલાકાત દરમ્યાન શરદ પવારે મહારાષ્ટ્રમાં ભાજપની જીતનો શ્રેય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આપતા કહ્યું હતું કે, ‘આરએસએસ કેડર સંગઠનની વિચારધારા પ્રત્યે મજબૂત નિષ્ઠા દર્શાવે છે. આપણી પાસે પણ એવો કેડર બેઝ હોવો જોઈએ જે છત્રપતિ શાહુ મહારાજ, મહાત્મા ફુલે, બીઆર આંબેડકર અને યશવંતરાવ ચવ્હાણની વિચારધારા પ્રત્યે પ્રતિબદ્ધ હોય.’ વાસ્તવમાં NCP-SPના પ્રમુખ શરદ પવાર જૂથની આજે યોજાયેલી બેઠકમાં વિધાનસભા ચૂંટણીમાં હાર સહિત અનેક મુદ્દાઓ ઉપર મંથન અને ચર્ચાઓ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શરદ પવારના નેતૃત્વ હેઠળની NCP-SPની શરમજનક હાર થઈ હતી, પરંતુ હવે શરદ પવારે આરએસએસની ભરપૂર પ્રશંસા કરી છે. આ ઉપરાંત શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે પણ આરએસએસના કાર્યકર્તાઓની મહેનતથી ખુશ થયા છે. બેઠકમાં ઉપસ્થિત રહેલા શરદ પવારે મહાવિકાસ અઘાડીની હાર માટે RSSને જવાબદાર ઠેરવી છે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય સ્વયંસેવ સંઘે ચૂંટણીમાં જોરદાર કામ કર્યું હતું. ભાજપ અને સંઘના મેન્જમેન્ટના કારણે જ તેમની જીત થઈ છે. સંગઠનનું પ્લાનિંગ સારૂર હતું. તેઓએ ઘરે-ઘરે જઈને પ્રચાર કર્યો. આ જ કારણે મહાયુતિને જીત મળી અને મહાવિકાસ અઘાડીની હાર થઈ.

# કુકડાની લડાઈનો વિકાસ : ગ્રામીણ મનોરંજનથી બે હજાર કરોડ રૂપિયાની સટ્ટાબાજી સુધી



નવી દિલ્હી, તા.૨૩

પશ્ચિમ ગોદાવરી જિલ્લાના ૫૫ વર્ષીય ખેડૂત પ્રતિપતિ રમણ (નામ બદલ્યું છે), હજુ પણ તે દિવસો યાદ કરે છે જ્યારે ભીડ તેમના કૂકડા માટે ઉત્સાહિત હતી, જેણે તેના શ્રેષ્ઠ સમયમાં એક ડઝન મુકાબલા જીત્યા હતા. તે સ્પર્ધાઓ દરમ્યાન કોઈ છરીઓ કે લોહીના ખાબોચિયા નહોતા. તેમને જુગારની ઘટના કરતાં મનોરંજન પ્રવૃત્તિ તરીકે ગણવામાં આવતા હતા. દાવ લગાવનારાઓ સામાન્ય હતા. ૨૦૦૦ના દાયકામાં, રમણે આસમાને પહોંચેલા દાવ છતાં પોતાને કોકફાઈટથી દૂર રાખ્યા છે. જો કે, તેમની હાલની ચિંતા તેમના પુત્ર, બેંગલુરૂમાં એક આઈટી પ્રોફેશનલ, છે, જે હવે ગામની મુલાકાત લેતી વખતે પોંગલ તહેવાર દરમ્યાન કોકફાઈટ ઉપર હજારો રૂપિયા ખર્ચ કરે છે. ડિજિટલ સ્ક્રીનો અને કરોડો રૂપિયાના દાવ સાથે વિશાળ મેદાનોમાં મોટા પાયે, સંગઠિત કોકફાઈટ્સ માટે રાષ્ટ્રીય હેડલાઈન્સ બનાવતા પહેલા, આંધ્રપ્રદેશમાં ખેડૂતો અને ખેતમજૂરો માટે લોહીની રમત એક સમયે સાંજનો એક સરળ મનોરંજન હતો.૨૦૦૦ના દાયકાની શરૂઆત સુધી, લાંબા દિવસના ખેતરના કામ પછી, ગામ લોકો કોકફાઈટ્સ જોવામાં અથવા સીધી રીતે ભાગ લેવામાં લગભગ એક કલાક વિતાવતા. ડિંકી લડાઈઓ, જેને ઘણીવાર પરંપરાગત અથવા કુદરતી કોકફાઈટ્સ તરીકે ઓળખવામાં આવે છે, તે સામાન્ય હતી, જ્યાં છરીઓ અથવા બ્લેડ જેવા કોઈ તીક્ષ્ણ ઓજાર પક્ષીઓના પગમાં બાંધવામાં આવતા ન હતા. મેચ પછી, કેટલાક લોકો સાંજે ૭ વાગ્યા સુધીમાં તેને એક દિવસ કહેતા પહેલા એક કે બે પીણાં પીને આરામ કરતા હતા. જો કે, છેલ્લાં બે દાયકામાં પરિસ્થિતિ નાટકીય રીતે બદલાઈ ગઈ છે. પોલીસની વધતી જતી તપાસ સાથે, આ કાર્યક્રમો, જે એક સમયે આખા વર્ષ દરમ્યાન નાના પાયે યોજાતા હતા, તે મોટા પાયે સટ્ટાબાજીના ચશ્મામાં ફેરવાઈ ગયા છે, ખાસ કરીને સંક્રાંતિ તહેવારની આસપાસના અઠવાડિયા દરમિયાન. જે એક સમયે ગ્રામીણ પરંપરા હતી તે હવે એક ઉચ્ચ દાવવાળી, વ્યાપારી પ્રવૃત્તિમાં પરિવર્તિત થઈ ગઈ છે. સંક્રાંતિ તહેવાર દરમ્યાન કોકફાઈટને રોકવા માટે પોલીસ ટીમો કડક પગલાં લઈ રહી છે. અમે રીઢો આયોજકો સામે કાનૂની કાર્યવાહી લાદ્યા છે. કોકફાઈટમાં ભાગ લેવાથી નિરૂત્સાહિત કરવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યા હતા, જેને હવે તહેવારોની ઉજવણી તરીકે વેશપલટો કરવામાં આવી રહ્યો છે. કોકફાઈટની વધતી જતી લોકપ્રિયતા માત્ર સ્થાનિક લોકોને જ નહીં પરંતુ તેલંગાણાના રાજકારણીઓ અને ફિલ્મ સ્ટાર્સ સહિત અન્ય રાજ્યોના મુલાકાતીઓને પણ સંક્રાંતિ દરમ્યાન ગોદાવરી અને કૃષ્ણા જિલ્લામાં આકર્ષિત કરી રહી છે. કમનસીબે, યુવાનો આ કાર્યક્રમોમાં હાજરી આપવા અને સોશિયલ મીડિયા ઉપર વીડિયો પોસ્ટ કરવાનો ટ્રેન્ડ ખૂબ જ સામાન્ય બની ગયો છે. પૂર્વ ગોદાવરી જિલ્લાના ટીડીપી નેતા બુસલા શ્રીનિવાસ રાવે શરતના વધતા પ્રમાણ ઉપર ટિપ્પણી કરી. તેમણે કહ્યું, છેલ્લા બે દાયકામાં વિદેશમાં અને મેટ્રો શહેરોમાં રોજગારીની તકોમાં વધારો થવાથી, તેમજ જળચર ઉછેર અને અન્ય ઉદ્યોગોમાંથી સ્થાનિક આવકના સ્ત્રોતો સાથે, આ કાર્યક્રમનું સ્વરૂપ ધરખમ બદલાઈ ગયું છે.


**ફ્લેટ વેંચવાનો છે**

જોષીપરાના
હનુમાન પરા
વિસ્તારમાં
રોડ સાઈડ પ્રથમ માળે
1 BHK ફ્લેટ
વેંચવાનો છે.
સંપર્ક
મો. ૯૮૨૪૫ ૯૨૫૫૯


# વર્ષ ૨૦૨૪માં સરકારી હોસ્પિ.માં ૪૪૧ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરીને ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે

અમદાવાદ, તા.૨૩

પ્રવર્તમાન સમયમાં સૌથી મહત્વનું દાન હોય તો એ છે ‘અંગદાન’.ત્યારે ગુજરાતમાં અંગદાન પ્રત્યેની જાગૃતિ કેળવાય અને વધુમાં વધુ લોકો અંગદાન કરે તે માટે રાજ્ય સરકાર દ્વારા અથાગ પ્રયાસ હાથ ધરાયા છે. ગુજરાતીઓ દાન આપવામાં સમગ્ર વિશ્વમાં અગ્રેસર છે. અંગદાન મહાદાનના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરી ગુજરાત અંગદાન ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહ્યું છે. ખાસ કરીને કિડની ટ્રાન્સ પ્લાન્ટમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે છે. વર્ષ ૨૦૨૪માં સરકારી સંસ્થામાં ૪૪૧ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરીની ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહેલ છે. છેલ્લા ૬ વર્ષમાં ગુજરાતમાં ૫૮૩ બ્રેઈનડેથ વ્યક્તિઓના અંગોના દાન થકી કુલ ૧૮૧૨ અંગોનું દાન મળ્યું છે. અંગદાન માટે કાર્યરત SOTTO (સ્ટેટ ઓર્ગન ટિસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશનન)ના કન્વીનર ડૉ. પ્રાંજલ મોદીએ જણાવ્યું છે કે અમદાવાદ સિવિલ મેડિસીટીની ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર(IKDRC)માં વર્ષ ૨૦૨૪માં કુલ ૪૪૧ કિડની ટ્રાન્સપ્લાન્ટ થયા છે. જે સરકારી આરોગ્ય સંસ્થામાં સમગ્ર દેશમાં સૌથી વધારે છે. ૪૪૧માંથી ૩૦૯ કિડની ટ્રાન્સપ્લાન્ટ લાઈવ અને ૧૩૪ કિડની કેડેવર ડોનેશનથી થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એક કિડની ટ્રાન્સપ્લાન્ટમાં લગભગ ૧૫ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ કાર્યરત હોય છે. તેમાં મુખ્યત્વે ૫ મેડિકલ સ્ટાફ અને ૧૦ પેરામેડિકલ સ્ટાફ કાર્યરત હોય છે. એક કિડની ટ્રાન્સપ્લાન્ટમાં લગભગ ૩થી ૪ કલાકનો સમય લાગે છે. આમ, અંદાજીત ૬૬૧૫ વ્યક્તિઓ અને ૧૫૪૩ કલાક(૩.૫ કલાક સરેરાશ)ની મહેનતના અંતે ૪૪૧ સફળ કિડની ટ્રાન્સપ્લાન્ટ થયા છે. વર્ષ ૨૦૨૪માં કુલ ૬૬ લીવર ટ્રાન્સપ્લાન્ટ થયા છે. જેમાં ૬૨ લીવર ટ્રાન્સપ્લાન્ટ કેડેવર ડોનેશનથી અને ૪ લાઈવ(જીવંત) ડોનેશનથી થયા છે. એક લીવર પ્રત્યારોપણમાં ૧૮ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ કાર્યરત હોય છે. તેમાં મુખ્યત્વે ૮ મેડિકલ સ્ટાફ અને ૧૦ પેરામેડિકલ સ્ટાફ કાર્યરત હોય છે. જ્યારે લીવર ટ્રાન્સપ્લાન્ટમાં લગભગ ૧૦થી ૧૨ કલાકનો સમય લાગતો હોય છે. અંદાજીત ૭૨૬ વ્યક્તિઓ અને ૧૧૮૮ કલાક (૧૧ કલાક સરેરાશ)ની મહેનતના અંતે ૬૬ સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ થયા છે. કિડની ટ્રાન્સપ્લાન્ટના દર્દીઓને ૨થી ૪ અઠવાડિયા અને લીવર ટ્રાન્સપ્લાન્ટના દર્દીઓને ૨થી ૫ અઠવાડિયાનો સમય પોસ્ટ ઓપેરેટિવ કેરની જરૂરિયાત રહેતી હોય છે. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાં ૧૧૯ બ્રેઈનડેથ ડોનરમાંથી ૨૧૦ કિડની, ૧૦૯ લીવર, ૩૪ હૃદય, ૨૬ ફેફસાઓ, ૨ સ્વાદુપિંડ, ૧ નાનું આંતરડું, ૫ હાથના ડોનેશન મળ્યા છે. જ્યારે ૨૦૨૩માં સરેરાશ ૧૪૩ અંગદાન થયા જે ૨૦૨૪ કરતા ૨૦ વધારો હતા.

## સરસ્વતી સાધના યોજના હેઠળ ખરીદેલી હજારો સાયક્લો વિતરણ થયા વિના ધૂળ ખાય છે ને બીજી બાજુ

# નવી સાયકલોની ખરીદી માટે ટેન્ડર બહાર પાડી ભાજપ સરકારની નવા કૌભાંડની તૈયારી

અમદાવાદ, તા.૨૩

સરસ્વતી સાધના યોજના હેઠળ ખરીદેલી હજારો સાયકલો વિતરણ થયા વિના ધૂળખાય છે, ભંગાર થઈ ગઈ છે, બીજીબાજુ ભાજપ સરકાર નવી સાયકલો ખરીદી માટે ટેન્ડર બહાર પાડી નવા કૌભાંડની તૈયારી કરી રહી છે. ત્યારે ભાજપ સરકારમાં વધુ એક સ્કીમ (યોજના) બની ગઈ છે સ્કેમ (કૌભાંડ) તેવો સ્પષ્ટ આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩-૨૪માં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજની ગરીબ દીકરીઓને સાયકલ આપવા માટે સરકારે સત્ર ચાલુ થાય ત્યારે જુન ૨૦૨૩માં સાયકલ આપવાની હતી. એના બદલે આખી પ્રક્રિયા વિલંબથી થઈ, સાયકલ ખરીદવા માટેના ટેન્ડરમાં પણ વિલંબ થયો. એની પાછળનું એક જ કારણ હતું કે મુખ્યમંત્રીના કાર્યાલયની સીધી સુચનાથી પોતાની માનીતી કંપનીઓને કોન્ટ્રાક્ટ અપાવવા માટે, ચૂંટણીમાં જેની પાસેથી મોટું ફંડ લેવાનું હશે તેની પાસે “ચંદા દો ધંધા લો”ના નિયમ મુજબ ભાજપની જે કાર્યપધ્ધતિ છે એ મુજબ ટેન્ડરના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો. એના સ્પેસીફીકેશનમાં ફેરફાર કરવામાં આવ્યો, સાયકલના સ્પેસીફીકેશન અને ગુણવત્તા બાબતની ક્વોલીટી કન્ટ્રોલ સેન્ટરને અવગણીને ડાયરેક્ટ ટેન્ડર કરવામાં આવે છે. ટેન્ડર પછી જે એજન્સી નક્કી કરવામાં આવી છે, કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે એ બીજા રાજ્યો કરતા ૫૦૦ રૂપિયા વધારે ચૂકવીને એ કંપની પાસેથી સાયકલ ખરીદવા માટેનું નક્કી કરવામાં આવે છે. ૧ લાખ ૭૦ હજાર સાયકલ અને ૫૦૦ રૂપિયા ગણીએ તો લગભગ ૮ કરોડ કરતા વધારેની રકમ ચૂકવીને સરકારે શું કામ સાયકલ ખરીદી હશે ? કારણ કે ચૂંટણીમાં મોટું ફંડ મળ્યું હશે. એ ખરીદવાના ઓર્ડર આપ્યા પછી એપ્રિલ ૨૦૨૪માં સાયકલની ડીલીવરી આવે ત્યારે ક્વોલીટી કન્ટ્રોલ સેન્ટર ગાંધીનગર દ્વારા સાયકલની ગુણવત્તા બાબતની એના સ્પેસીફીકેશન મુજબ, ટેન્ડરની કંડીશન મુજબ ચકાસણી કરવામાં આવે છે. એમાં સ્પષ્ટ માલુમ થાય છે કે, હલકી ગુણવત્તાવાળી, સ્પેસીફીકેશન મુજબ ન હોવાની અને આઈ.એસ.આઈ. માર્કના ધોરણો છે ને પરિપૂર્ણ ન કરતી હોવાની હલકી ગુણવત્તાવાળી સાયકલો કંપનીએ સપ્લાય કરી છે. ક્વોલીટી કન્ટ્રોલ સેન્ટર દ્વારા જેને ચકાસણીમાં ફેલ કરવામાં આવે છે. ત્યારથી આજદિન સુધી સાયકલો હજારોની સંખ્યામાં વિવિધ જિલ્લાઓમાં ધૂળ ખાઈ રહી છે, ભંગાર હાલતમાં છે. રાજ્યના ૧૫થી વધુ જિલ્લામાં ધૂળ ખાતી ૫૦ હજાર જેટલી સાયકલ ભંગાર થઈ ગઈ છે તેને ફરીથી રંગરોગાન કરીને પધરાવી દેવાના કારસાની સાથે ભાજપ સરકારના સાયકલ ખરીદી કૌભાંડ અંગે તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, અંકલેશ્વર, ખેડા, છોટા ઉદેપુર, ધાનેરા, વડોદરા, નર્મદા, રાજપીપળા, બનાસકાંઠા, બોટાદ, આણંદ, સુરેન્દ્રનગર, જામનગર, દાહોદ, ભરૂચ, ઉના, ગીર સોમનાથ, પંચમહાલ, મોરબી, મહુધા સહિત રાજ્યમાં ૫૦ હજાર જેટલી ધુળ ખાતી સાયકલો ભંગાર થઈ ગઈ છે. ગ્રીકો દ્વારા ટેન્ડરની પ્રક્રિયા વખતે વાંધા ઉઠાવવામાં આવ્યા હતા એ મુજબ બીડના જે ભાવ આવ્યા



છે એ રાજસ્થાનમાં મળેલ ભાવ કરતા ૫૮૭ રૂપિયા અને પશ્ચિમ બંગાળમાં મળેલ ભાવ કરતા ૪૨૫ રૂપિયા વધુ હોય એ બાબતે કંપની દ્વારા ખુલાસા આપવામાં આવેલ તે યોગ્ય રીતે જણાતું નથી એટલા માટે સદર યોજાયેલ બેઠકમાં બીડ રદ કરવા માટે સરકારની મંજુરી મેળવવા માટેનો પત્ર લખવામાં આવે છે, તેમ છતાં સરકાર બીડ રદ કરતી નથી અને એ જ કંપનીને ઓર્ડર આપવામાં આવે છે. ગરીબ દીકરીઓ માટેની યોજનામાં ખરીદાતી સાયકલોમાં ૮,૫૦,૦૦૦,૦૦ રૂપિયા જેટલો ભ્રષ્ટાચારમાં મુખ્યમંત્રીની ઓફિસની સીધી સંડોવણી અને સુચનાથી આ કંપનીને ઓર્ડર અપાયો અને મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયે ચાર મહિના કરતા વધારે સમય થયો પણ હજુ સુધી પાછલા વર્ષની સાયકલો દીકરીઓને મળી નથી ત્યારે કોંગ્રેસ પક્ષની સ્પષ્ટ માંગણી છે કે સાયકલની ડીલીવરી જે કંપનીને આપવામાં આવી છે એની ગુણવત્તાની ચકાસણી થાય, સ્પેશીફીકેશન ગુણવત્તા ના હોય તો એ કંપની સામે, જવાબદાર અધિકારી સામે કાર્યવાહી થાય અને આખી પ્રક્રિયામાં વિલંબ થયો અને કોની સુચનાથી, કોના લાભાર્થે ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે એની તપાસ થાય.

### વિસરતાં અસલ જીવનના ભાવોને નિર્દેશ કરતાં

# દેશી લગ્નગીતો, લોકગીતો અને ફટાણાં અંગે જાણકારી સભર કાર્યક્રમ યોજાયો

## જુના લોકગીત, લગ્નગીત કે ફટાણાથી યુવાનો વાકેફ થાય એ ભાવથી ગુજરાતી ભવનમાં આયોજીત કાર્યક્રમ વિસરાતી પરંપરાઓને જીવંત રાખવા માટે પ્રેરક : કુલપતિ પ્રો.(ડો.) અતુલ બાપોદરા




જૂનાગઢ, તા.૨૩

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ગુજરાતી અનુસ્નાતક ભવન દ્વારા વિસરાતી જતીસંસ્કૃતિ ફટાણા, લગ્નગીત, અને લોકગીત વિષયે કાર્યક્રમ યોજાયોહતો. જીવનની ઊંચી રહેણીકરણી અને ફેશનમાં તેમજ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયામાં રહેનારાં યુવક-યુવતીઓની મોડર્ન લાઈફ સ્ટાઈલ ગમે તેટલી અલ્ટ્રામોડર્ન થાય પણ લગ્ન તો હજીય લગ્નવેદી ફરતા ચાર ફેરા સ્થાનિક લોકગીતોનાં સથવારે ફરીને જ થાય છે. વ્યક્તિ અને સમૂહને સમજવા માટે લગ્ન, કુટુંબ અને સગાઈ-સંબંધોની સામાજીક સંસ્થાઓનું મહત્વ છે.વિવિધ પરિબળો અને પ્રક્રીયાઓની અસરને લીધે બ્રિટિશ શાસનકાળ દરમિયાન લગ્નસંસ્થામાં કેટલાક દૂરગામી પરિવર્તનોનો પ્રારંભ થયો અને સ્વતંત્ર ભારતમાં પરિવર્તનનાં પરિબળો અને પ્રક્રિયાઓનું વિસ્તૃતીકરણ થતાં લગ્નસંસ્થામાં પરિવર્તન ઝડપી બન્યું. શહેરીકરણ, ઔદ્યોગીકરણ, આધૂનિકીકરણ, કાનૂનીકરણ, સંચારસાધનો, અંગ્રેજીશિક્ષણ વગેરે પ્રક્રીયાઓ અને પરિબળોએ લગ્નના ખ્યાલો, લગ્ન વિષેના આદર્શો, લગ્નની પધ્ધતીઓ વગેરે પર ઊંડી અસર કરી અને લગ્નસંસ્થામાં દૂરગામી પરીવર્તનો નિપજાવ્યાં.જેની અસરો લગ્નગીતો અને પૈરાણિક ફટાણા પર વર્તાણી છે.

કાર્યક્રમનાં પ્રારંભે ગુજરાતી વિભાગનાં અધ્યાપક ડો. પારૂલ ભંડેરીએ વિદ્યાર્થીઓને ભારતિય પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની વાત કરતા જણાવ્યુ હતુ કે 'મનુષ્યજીવનના ત્રણ મહત્વના પડાવો જન્મ, લગ્ન અને મૃત્યુ પૈકી જન્મ એ મનુષ્યજીવનનો આરંભ, લગ્ન મનુષ્યજીવનનો મધ્યભાગ, અને મૃત્યુ એ મનુષ્યજીવનનો અંત હોય છે.લગ્નના પ્રસંગમાં સમગ્ર સમાજ સંકળાય છે.દરેક પ્રસંગોમાં સંવેદનાની ધડકન લોકગિતો દ્વારા રજુ થતી હતી. આજનાં કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને જૂની પેઢીએ ગવાતા લોકગીતો, ફટાણા, મરસીયા, લગ્નગીતો એક સંદેશાનું વહન કરતા હોવાની જાણકારી રજુ કરશે.

કાર્યક્રમનાં અધ્યક્ષ અને સંસ્કૃત, ગુજરાતી અને ઈતિહાસ વિભાગનાં વડા પ્રો.(ડો.) વિશાલ જોષીએ ભારતિય પૌરાણિક જીવનશૈલી અને પરંપરાઓ અંગે વાત કરતા જણાવ્યુ હતુ કે લગ્નગીત,ફટાણા અને લોકગીતની સમાજવ્યવસ્થા પર અસરો અને ભુમિકા વિશે આજની યુવાપેઢી વાકેફ થાય એ હેતુથી ગુજરાતી ભવનમાં કાર્યક્રમનું આયોજન સરાહનિય છે. સમાજવ્યવસ્થાની અલગ અલગ જ્ઞાતિસમુહ/ પ્રાંત પરગણામાં ગવાતા લગ્નગીતો, ફટાણા, લોકગીતો જીવનવ્યવસ્થાનો ભાગ હતો. આજે ગુજરાતી ભવનનાં વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયેલ લગ્નગીતો, ફટાણા અને લોકગિતોમાં આધુનિકીકરણ જોવા મળ્યુ હતુ.

ડો. પારૂલ ભંડેરીએ જણાવ્યુ હતુ કે 'લોકવિદ્યા અનેલોકસાહિત્ય વહેતું ઝરણું છે. લોકકંઠમાં સમાયેલ છે. જૂના લોકો પાસે આ સાહિત્ય તેમના કંઠમાં સચવાયેલ છે. તેને ગ્રંથસ્થ કરી લેવું અતિ આવશ્યક છે. સમય જતાં આ સાહિત્ય લુપ્તથશે એવુ લાગે છે. લોકસાહિત્યના સ્વરૂપોમાં લોકગીતો-લગ્નગીતો-ફટાણા અને મરસીયાઓ મહત્વનું અંગ છે. લોકગીતો 'ગ્રામગીત પ્રકૃતિના ઉદ્દગાર છે, એમાં અલંકાર નથી, કેવળ રસ છે, છંદ નહીં કેવળ લય છે, લાલિત્ય નહીં કેવળ માધુર્ય છે, ગામડાંના સ્ત્રી-પુરૂષોની વચ્ચે હ્રદય નામના આસન પર બેસીને પ્રકૃતિ ગાન કરે છે. પ્રકૃતિનું એ ગાન તે લોકગીત છે.લોકગીત' તો 'લોકોએ રચેલું, લોકો માટે જ રચાયેલું અને લોકોની મુખ પરંપરાએ ચાલ્યું આવતું ગીત' લોકગીતોમાં હાલરડાં, બાળગીતો, વ્રતગીતો, શ્રમગીતો, લગ્નગીતો, આપણાં, કથાગીતો, ભવાઈગીતો, મરશિયાં વગેરેનો સમાવેશ થાય છે. લગ્ન, સગાઈ, અનાજ સાફ કરતી વખતે, કંકોતરી આપવાના સમય પર વગેરે પ્રસંગે લગ્નગીતો ગવાય છે. જેમકે લગ્ન નક્કી કર્યા બાદ કંકોતરી સંબંધિઓને આપવામાં આવે છે. તે સમયનું લગ્નગીત મળે છે. કન્યા આગમન સમયના ગીતો,કન્યાની પધરામણી સમયના ગીતોમાં મામા-મામી ભેટ-સોગાદ આપે છે, તે વ્યવહારોનો ઉલ્લેખ જોવા મળે છે. તો વર-કન્યાની તુલના ચોરીમાં બેઠયા બાદ કેટલાક લગ્નગીતોમાં થયેલી જોવા મળે છે. તેમાં જે પક્ષની સ્ત્રીઓ ગીત ગાય છે, તે પક્ષને મહત્વ વધુ આપે છે. જેમકે કન્યા પક્ષની સ્ત્રીઓ ગીત ગાતી હોય તો તે વરને કન્યાની તુલનામાં ઉતરતો દર્શાવે છે.કન્યા પિતાનું ઘર છોડીને ગયા પછી પિતા, માતા તથા અન્ય સભ્યોની દુ:ખની લાગણી અનુભવે છે. તેનો ભાવ એકથી વધુ લગ્નગીતોમાં રજૂ થયો છે તે રીતે ફટાણાં પણલગ્નગીતોનો એક લોકસાહિત્યનો ગીતપ્રકાર છે.

આ તકે કાર્યક્રમનું આભારદર્શન કરાવતા ડો. કિશોરસિંહ વાળાએ ઘેડ, ગીર અને બરડો-આલેચ,નાઘેર વિસ્તારનાં વિવિધ સમાજોનાં લગ્નગીતોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.ગુજરાતી વિભાગ દ્વારા આયોજીત લગ્નગીત અને ફટાણાની વિસરાતી પરંપરાઓનથી યુવાઓ જાણકાર બને એ હેતે આયોજીત પ્રયાસને અભિનંદન આપતા જણાવ્યું હતું કે જુના લોકગીત, લગ્નગીત કે ફટાણાથી યુવાનો વાકેફ થશે. વિસરાતી પરંપરાઓને જીવંત રાખવા કાર્યપ્રેરક બનશે.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સોમનાથ ખાતે દિવ્ય ભવ્ય શાકોત્સવનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૩

શિયાળાની સીઝન એટલે જાણે અવનવી વેરાઈટી બનાવવાની મોસમ. ઠંડીમાં એટલી બધી જાતનાં શાક અને ભાજી માર્કેટમાં જોવા મળે છે ત્યારે આજકાલ શાકોત્સવની પણ મોસમ આવી છે. જેમ જુદા-જુદા ઉત્સવ ઊજવાય છે એમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિશેષરૂપે શાકોત્સવનું આગવું મહત્ત્વ છે જે અંતર્ગત આગામી તારીખ ૨૮/૦૧/૨૦૨૫ ને મંગળવારના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સોમનાથ ખાતે શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

અંદાજે ૨૦૦ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના લોયાગામે સ્વામિનારાયણ ભગવાને જાતે ૧૮ મણ ઘી અને ૬૦ મણ રીંગણનું શાક બનાવ્યું હતું અને એ સમયથી શરૂ થયેલી શાકોત્સવની પરંપરા આજે પણ ચાલી રહી છે. ગુજરાત કે ભારતમાં જ નહીં, સાત સમંદર પાર પણ શિયાળાની સીઝનમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવની સોડમ પ્રસરેલી છે. ઘીમાં બનાવેલું રીંગણનું શાક, બાજરી કે મકાઈના રોટલા, માખણ, ગોળ અને મીઠાઈની સાથે શાકોત્સવની મીઠાશનો સ્વાદ જ કંઈક ઑર બની રહે છે.

શાકોત્સવ અને એની પરંપરા કેવી રીતે શરૂ થઈ એ વિશે વાત કરતાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સોમનાથના સ્વામી શ્રી શાસ્ત્રી ભક્તિ પ્રકાશદાસજી કહે છે કે 'શાકોત્સવનો પ્રારંભ સ્વામિનારાયણ ભગવાનના સમયથી સંવત ૧૮૭૭થી સૌરાષ્ટ્રમાં આવેલા લોયાગામથી શરૂ થયો છે. પ્રસંગ એવો હતો કે લોયાગામમાં દરબાર સુરા ખાચર રહે. ભગવાનની કૃપાથી સુખી હતા. એ સમયે લોકો તેમના ઘરમાં મોટા પટારા જેવી ટ્રંક રાખતા એમાં દરદાગીના અને બીજી વસ્તુઓ રાખતા. સુરા ખાચરના ઘરે પણ એક ટ્રંક હતી. એક દિવસ તેમના ઘરે ચોર આવ્યા અને બાકોરું પાડીને ટ્રંક લઈને જતા રહ્યા. બીજા દિવસે ગામના માણસો સવારે જંગલ જવા નીકળ્યા ત્યારે પટારો જોયો અને એ દરબારનો પટારો હોવાથી તેમને જાણ કરી. સુરા ખાચરે જંગલમાં જઈને જોયું તો પટારો પડ્યો હતો. આ પટારો તૂટ્યો નહોતો. ચોરે પટારો ખોલવાના બહુ પ્રયત્ન કર્યા, પણ પટારો ખૂલ્યો નહીં. ભગવાન રક્ષણ કરનારા હતા એટલે પટારાનું તાળું તૂટ્યું નહીં. સુરા ખાચર તેમનો પટારો લઈને ઘરે આવ્યા. પટારામાં બધી વસ્તુઓ હેમખેમ હતી એટલે તેમના મનમાં વિચાર આવ્યો કે ભગવાને મારા પટારાનું રક્ષણ કર્યું છે તો હું પટારાનો અડધો ભાગ ભગવાનને અર્પણ કરું. તેમણે પત્ની શાંતાબહેનને વાત કરી, તો શાંતાબહેને કહ્યું કે 'ભગવાને રક્ષા કરી છે તો આપણે આપણા માટે નહીં, પણ બધું ભગવાન માટે વાપરીએ. જો ચોર લઈ ગયા હોત તો અડધું થોડું પાછું મૂકીને જવાના હતા?' એટલે સુરા ખાચરે બધું જ ભગવાનને અર્પણ કરી દીધું. ભગવાન ત્યાં પધાર્યા એ સમયે શિયાળાની સીઝન હતી. હરિભક્તો રીંગણ લાવ્યા. એ વખતે મહાસુદ સાતમે ભગવાન સ્વામીનારાયણે ૧૮ મણ ઘી અને ૬૦ મણ રીંગણના શાકથી શાકોત્સવ કર્યો હતો. પ્રભુએ તેમના હાથે મસાલા નાખીને શાકનો વઘાર કર્યો હતો. પ્રભુએ ઘીમાં વઘાર એટલે કર્યો કે વઘાર ઘીનો થાય તો બહુ સ્વાદિષ્ટ શાક બને. એ સમયથી શાકોત્સવની શરૂઆત થઈ અને આજે ૨૦૨ વર્ષ પછી પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવની પરંપરા ચાલુ રહી છે. ભગવાને શાકોત્સવ કરીને લોકદષ્ટિથી રીંગણને ગળે વળગાડીને એને અમર કરી દીધું. એ સમયે પ્રભુએ રીંગણનું શાક બનાવીને સંતો તેમ જ હરિભક્તોને પીરસ્યું હતું. પ્રભુએ એ સમયે નિત્યાનંદ સ્વામી પાસે લાડુ બનાવ્યા હતા અને એ પણ પીરસ્યા હતા.' આમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવનું અદકેરુ મહત્વ રહેલું છે. જે અંતર્ગત આગામી તારીખ ૨૮/૦૧/૨૦૨૫ ને મંગળવારના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ છે જેના વક્તા તરીકે શા.સ્વા. ભક્તિ કિશોરદાસજી રહેશે તેમ જ ધામોધામથી સંતો અને હરિભક્તો પધારી આ દિવ્ય ઉત્સવમાં ભાગ લેશે.

## અમરેલી-અંબાજી બસ કોડીનારથી ચલાવવા માંગણી

કોડીનાર તા. ૨૩

અમરેલી એસટી વિભાગ દ્વારા તારીખ ત્રેવીસ જાન્યુઆરીથી અમરેલી-અંબાજી નવી સ્લિપર કોચ બસ શરૂ કરવામાં આવનાર છે. ત્યારે આ બસ સેવાને કોડીનાર લંબાવી કોડીનાર અંબાજી તરીકે ચલાવવા માટે અજીતભાઈ ચાવડાએ વિભાગીય નિયામકશ્રી અમરેલીને ટેલીફોનીક તથા લેખિત રજૂઆત કરી છે. અમરેલી એસટી વિભાગમાં સૌથી ઓછા બસ રૂટ કોડીનાર ડેપોના ફાળવેલ છે. છેલ્લા બાવીસ વર્ષથી કોડીનારને એસટીનો એકપણ નવો રૂટ આપવામાં આવેલ નથી. અમરેલી વિભાગ દર વર્ષે નવા બસ રૂટ શરૂ કરે છે પરંતુ કોડીનારને બાદ કરીને. ત્યારે કોડીનાર ડેપો અમરેલી એસટી વિભાગ હેઠળ આવતો હોય. અમરેલી અંબાજી નવા બસ રૂટનું સંચાલન કોડીનાર ડેપોને સોપી. આ બસ સેવા કોડીનારથી સાંજના સાત વાગ્યા પછી ઊપાડવામાં આવે તો કોડીનાર ઉપરાંત ઊના તથા ખાંભા તાલુકાની જનતાને પણ ફાયદો થશે.

## જૂનાગઢ શ્રી જગન્નાથજી મંદિર ખાતે સુંદર કાંડના પાઠ યોજાયા



જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ ખાતે શ્રી જગન્નાથજી મંદિરમાં અયોધ્યામાં શ્રી ભગવાન રામની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાને એક વર્ષ થયાના અવસરે અહીં જગન્નાથજી મહિલા સત્સંગ મંડળ તેમજ શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા સુંદર કાંડનાં ધાર્મિક પાઠનું આયોજન કરવામાં આવેલ હતું જેના દર્શન તેમજ સુંદર કાંડનો લાભ બહોળી સંખ્યામાં ભાવિકોએ લીધો હતો. આ કાર્યક્રમમાં સોરઠીયા વાણંદ જ્ઞાતિના પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમાં, સુધાબેન પરમારનું મહિલા મંડળ ઉપસ્થિત રહ્યું હતું.

# આજે ૨૩ મી જાન્યુઆરી 'સુભાષ ચંદ્ર બોઝ જયંતિ'



નેતાજી સુભાષ ચંદ્ર બોઝ જયંતી અથવા સુભાષ ચંદ્ર બોઝનો જન્મદિવસ દર વર્ષે ૨૩મી જાન્યુઆરીએ ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની તરીકે નેતાજીના જોમને યાદ કરવા અને સન્માન આપવા માટે ઉજવવામાં આવે છે. સમગ્ર ભારતમાં લોકો આ દિવસને એકતામાં ઉજવે છે. સરકારે દર વર્ષે ૨૩મી જાન્યુઆરીને "પરાક્રમ દિવસ" તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. ભારત સરકારે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ વર્ષ ૨૩મી જાન્યુઆરી ૨૦૨૧થી શરૂ કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ્ય રીતે ઉજવવાનું નક્કી કર્યું છે. ગયા વર્ષે, સરકારે જાહેરાત કરી હતી કે ૨૩ જાન્યુઆરીએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ પરાક્રમ દિવસ અથવા શૌર્ય દિવસ તરીકે ઉજવવામાં આવશે.

"સુભાષ ચંદ્ર બોઝ ૨૧મી સદીના ભારતમાં અત્યંત પ્રાસંગિક છે. આપણે આખા દેશમાં જોઈએ છીએ, હું કોઈ ચોક્કસ રાજકીય પક્ષ સૂચવતો નથી, બધા પક્ષો વિભાજનકારી રાજકારણમાં રોકાયેલા છે. આ બંધ થવું જોઈએ, નેતાજીએ અખંડ ભારતની કલ્પના કરી હતી. જો નેતાજી ભારત પરત ફર્યા હોત તો ભારતનું વિભાજન કે બંગાળનું વિભાજન થયું ન હોત. જ્યાં સુધી તમે નેતાજીની વિચારધારાને રાજનીતિના રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહમાં નહીં લાવો ત્યાં સુધી ભારતનું ફરીથી વિભાજન થશે," તેમણે ઉમેર્યું. નેતાજીનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ના રોજ ઓડિશાના કટકમાં થયો હતો. તેમણે કોલકાતામાંથી સ્નાતક થયા અને ભારતીય સિવિલ સર્વિસ (ICS) અધિકારી બનીને પોતાની ક્ષમતા સાબિત કરી. પરંતુ તેમણે નોકરી સાથે આવતી સુખ-સુવિધાઓ છોડી દીધી અને સ્વતંત્રતા સંગ્રામનો ભાગ બનવાનું નક્કી કર્યું."મને લોહી આપો અને હું તમને આઝાદી અપાવીશ" ના સૂત્ર સાથે, તેમણે અંગ્રેજો સામે લડવા માટે દેશને જાગૃત કર્યો. નેતાજીએ "દિલ્લી ચલો" ના નારા સાથે આઝાદ હિંદ ફોજ (ભારતીય રાષ્ટ્રીય સેના) તરીકે ઓળખાતી દળની રચના કરી. તેમની ૬૦,૦૦૦ સૈન્યના હજારો સૈનિકોએ દેશ માટે બલિદાન આપ્યું. ભારતની આઝાદી સમયે, બ્રિટિશ વડાપ્રધાન ક્લેમેન્ટ એટલીએ કહ્યું હતું કે બોઝની આઝાદ હિંદ ફોજની વધતી જતી સૈન્ય પ્રવૃત્તિઓને કારણે બ્રિટિશ રાજ્ય પ્રત્યે ભારતીય સેના અને નૌકાદળની વફાદારી ઘટી રહી હતી અને આ એક મુખ્ય કારણ હતું જે તેને નડ્યું હતું. અંગ્રેજો ભારત છોડીને જતા રહ્યા.

- ડો.જી.આર.ગોહિલ

### રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટમાં

# 'GEDA ઉજવે છે પખવાડિયું' કાર્યક્રમમાં ઉર્જા સંરક્ષણ વિષે જાગૃતિ લાવવા માટે વિદ્યાર્થીઓએ કરી 'ઉર્જા વોક'

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૨૩

રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ (સાયન્સ સીટી), ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા વિકસાવવામાં આવેલ છે. જે સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી જાગૃતતા અને સંશોધનાત્મક અભિગમ પેદા કરવા માટે સતત કાર્યશીલ છે. ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (GEDA), ગાંધીનગરના સહયોગથી ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા તારીખ ૧૬ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન સમગ્ર ગુજરાતમાં 'GEDA ઉજવે છે ઉર્જા પખવાડિયું' ઉજવવામાં આવનાર છે. આ ઉર્જા પખવાડિયું ઉજવવાનો મુખ્ય ઉદેશ્ય ઉર્જા સંરક્ષણ અને તેના વિષે જાગૃતિ લાવવાનો છે. સાથે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (GEDA) ભારતની અગ્રણી સંસ્થાઓમાંની એક અને અગ્રેસર નવીનીકરણ ઉર્જા વિકાસ અને ઉર્જા સંરક્ષણ ક્ષેત્રે કામ કરે છે. GEDA એ લાંબાગાળાની નવીનીકરણીય નીતિના વિકાસ અને સમગ્ર રાજ્યમાં ટકાઉ ઉર્જા કાર્યક્રમોના અમલીકરણમાં અગ્રણી ભૂમિકા ભજવે છે. GEDA નો પડકાર રીન્યુએબલ એનર્જી અને એનર્જી કાર્યક્ષમ ટેકનોલોજીને આર્થિક અને વ્યાપારી રીતે સધ્ધર બનાવવાનો છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટમાં મુલાકાતીઓ તેમજ વિદ્યાર્થીઓમાં ઉર્જા વિષે જાગૃતિ ફેલાય તેના માટે તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ 'ઉર્જા વોક' તેમજ ઉર્જા વિષે માહિતી પ્રદાન કરતા સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉર્જા સંરક્ષણમાં શ્રી મોખાણા પ્રા. શાળા, જામનગર તેમજ સુર્યનગર પ્રા. શાળા, મોરબીના ૯૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ઉર્જા બચતના પ્લેકાર્ડસ તથા નારાઓ સાથે વોક કરી હતી. આ સાથો-સાથ ઉર્જા બચત અને ભવિષ્યની પેઢીને ઉર્જા સંરક્ષણ માટે અવગત કરાવવા માટે સેન્ટરના સ્ટાફ દ્વારા ખાસ ટોક આપવામાં આવેલ હતી.



## ચેક રીટર્નના કેસમાં એક વર્ષની સજાનો હુકમ ફરમાવતી ધોરાજી કોર્ટ

જૂનાગઢ તા. ૨૩

જેતલસર નંદનવન યોગીનગર અમરનગર રોડ, માં રહેતા અજયકુમાર તલુ સીદાસ તેજાણી શ્રી કેશવ કો ઓપરેટિવ ક્રેટડિ સોસાયટી લી. જૂનાગઢની ધોરાજી શાખામાંથી મકાન ખરીદી માટે લોન લીધેલ અને આ લોન તેણે આપેલ હપ્તા પૈકીનો ચેક જે રીટર્ન થયો હતો આ અંગે કોર્ટમાં મંડળી દ્વારા કેસ દાખલ કરતા જે કેસ ચાલી જતાં મંડળીના વકીલ એસ.જે.વ્યાસ અને શ્રી કેશવ ક્રેડીટના હાલના મેનેજર આદિત્યસસિંહ ચુડાસમા અને આશિષભાઈની દલીલોને માન્ય રાખી જ્યુડી. મેજી. પ્રિયંકાબહેન ગામીતએ અજયકુમાર તુલસીદાસ તેજાણીને ધી નેગોશીઅબલ ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ મજુબના ગુના બદલ એક વર્ષની કેદ તથા સજા ફરમાવતો હુકમ કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદી ને બે માસમાં ૧૦,૦૦,૨૯૮ ચુકવવાનો પણ હુકમ કરવામાં આવેલ છે.

# ગીર સોમનાથના બ્લુ ફ્લેગશીપ સમાન અહેમદપુર માંડવી ખાતે "બીચ ફેસ્ટીવલ"નું આયોજન

## અહેમદપુર માંડવીના બીચ ખાતે તા.૨૪ જાન્યુ.થી ત્રિદોવ બીચ ફેસ્ટીવલ યોજાશે : બીચ ઉપર દરરોજ રાત્રીના લાઈવ કોન્સર્ટ, લેઝર શો તો દિવસ દરમ્યાન વોટસ્પોર્ટ્સ, ફૂડ સ્ટોલનું આયોજન કરાયું




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૩

ગોવા અને શિવરાજપુર બીચ જેવી દરીયાની મજા હવે ગીર સોમનાથ આવતા પ્રવાસીઓ પણ માણી શકશે. જેના માટે બ્લુ ફ્લેગશીપ સમાન જીલ્લાના અહેમદપુર માંડવી બીચ ખાતે ત્રિદિવસીય બીચ ફેસ્ટીવલનું આયોજન જીલ્લા વહીવટી તંત્ર અને પ્રવાસન વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે. આ ફેસ્ટીવલ દરમ્યાન બીચ ખાતે લાઈવ કોન્સર્ટ, લેઝર શો, આતશબાજી જેવા રંગારંગ કાર્યક્રમો યોજવાનું આયોજન કરાયેલ હોય સ્થાનીક લોકો અને પ્રવાસીઓએ બીચ ફેસ્ટીવલનો લ્હાવો લેવા તંત્રએ અપીલ કરી છે. આ અંગે માહિતી પત્રકાર પરિષદમાં માહિતી આપતા જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવેલ કે, ગોવાના બીચ જેવો જલસો ગીર સોમનાથ આવતા પ્રવાસીઓ ઉઠાવી શકે તે માટે આગામી તા.૨૪ જાન્યુઆરીથી ત્રણ દિવસ સુધી જીલ્લાના અહેમદપુર માંડવીના દરીયા કિનારે બીચ ફેસ્ટીવલનું આયોજન કરાયેલ છે. રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા અહેમદપુર માંડવી બીચને પ્રવાસનના નવાં સ્થળ તરીકે વિકસાવવાના ભાગરૂપે તા.૨૪ થી ત્રણ દિવસ બીચ ફેસ્ટિવલ યોજવામાં આવશે. જેમાં લાઈવ કોન્સર્ટ, લેઝર શો, પ્રવાસીઓ માણી શકે તે માટે ફેસ્ટિવલ પૂર્વે તૈયારીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. સંઘ પ્રદેશ દીવના ઘોઘલાને અડીને આવેલો ગુજરાતના ગીર સોમનાથનો અહેમદપુર માંડવી બીચ દેશ અને દુનિયાના પ્રવાસીઓમાં આકર્ષનું કેન્દ્ર બનવા જઈ રહ્યો છે. આ બીચની મુલાકાત કર્યા બાદ જીલ્લા વહીવટી તંત્રએ બીચને ડેવલપ કરવાનું બીડું ઝડપ્યું છે. જેથી રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨૪,૨૫ અને ૨૬ના રંગારંગ બીચ ફેસ્ટીવલ ઉજવણી કરવાનું નક્કી કરી તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વધુમાં કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યા મુજબ અહેમદપુર માંડવી બીચ હાલ પ્રવાસીઓમાં સૌથી ઓછી ઓળખ ધરાવે છે પરંતુ અહીં પ્રવાસન ઉદ્યોગ અને દરિયાઈ પર્યટનને લઈ વિશાળ તકો ઉપલબ્ધ હોવાથી તંત્ર દ્વારા ત્રિદિવસીય ભવ્ય બીચ ફેસ્ટિવલ યોજાવાનો છે. જેમાં ખારવા સમાજ અને તેની સંસ્કૃતિ ઉજાગર થાય તે માટે પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લોની પરેડ, લાઈવ કોન્સર્ટ, લેઝર શો સહિત વિવિધ એક્ટિવિટી તથા ફૂડઝોનની મજા પ્રવાસીઓને માણી શકશે. અહેમદપુર માંડવી બીચ પ્રવાસીઓમાં નવી ઓળખ ઉભી કરે તે માટે અહીં ખાસ સૂર્યોદય જોવાના પોઈન્ટ છે. આ બીચ પર બહુ મોટી સંખ્યામાં ડોલ્ફિન માછલી પણ જોવા મળે છે. દરિયાઈ આધારિત વોટર સ્પોર્ટસ એક્ટિવિટીની અહીં સારી શક્યતા પણ જણાય છે. ત્રણ દિવસ યોજાનારા બીચ ફેસ્ટિવલને કારણે ગીરનો અહેમદપુર માંડવી બીચ નવા પ્રવાસન સ્થળ તરીકે ઉભરી આવશે તથા પ્રવાસન ગતિવિધિને પણ વેગ મળશે.

**ત્રણ દિવસ દરમ્યાન અનેક કાર્યક્રમો યોજાશે**

બીચ ફેસ્ટિવલમાં મુખ્ય આકર્ષણ કેન્દ્ર તરીકે પ્રસિધ્ધ બોલીવુડ ગાયક કલાકારો દ્વારા લાઈવ કોન્સર્ટ, બોટ ટેબ્લો, બીચ ગેમ્સ, કેમલ રાઈડ, હોર્સ રાઈડ, ડોલ્ફીન વોચ, પરંપરાગત વાનગી આધારીત ફુડ સ્ટોલ, સાંસ્કૃતિક પરેડ કાર્યક્રમ તથા કાર્યક્રમના સમાપન દિવસે ભવ્ય આતશબાજી કાર્યક્રમ યોજાનાર છે. જેમાં તા.૨૪ ના રોજ સાંજે ૭ થી ૧૦ ઉદઘાટન તથા પ્રસિધ્ધ બોલીવુડ સીંગર અનુપ શંકર દ્વારા લાઈવ કોન્સર્ટ, તા.૨૫ ના સાંજના ૭ થી ૯ પ્રસિધ્ધ બોલીવુડ સીંગર્સ પવનદીપ દ્વારા લાઈવ કોન્સર્ટ અને બાદમાં ટેબ્લો પ્રદર્શન, તા.૨૬ ના સાંજે ૬ થી ૭ સાંસ્કૃતિક પરેડ, સાંજે ૭ થી ૯:૩૦ પ્રસિધ્ધ લોક સાહિત્યકાર રાજભા ગઢવી દ્વારા લોક સાંસ્કૃતિક કાર્યક્રમ, બાદમાં રાત્રીના ૧૦ વાગ્યે આતશબાજીનો રંગારંગ કાર્યક્રમ સાથે સમાપન થશે.

# રાજકોટ જીવનનગરમાં પ્રજાસતાક પર્વની શાનદાર ઉજવણી થશે

## તા. ૨૬મી રવિવાર રાષ્ટ્રીય એકતા રેલી, મશાલ સરઘસ, શૌર્ય ગીત, ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૩

ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ અને મહિલા મંડળ ઉપક્રમે પ્રજાસતાક પર્વ નિમિત્તે મહાદવધામમાં ધ્વજવંદન સાથે રાષ્ટ્રીસય એકતા રેલી, મશાલ સરઘસ, શૌર્ય ગીત, વેશભૂષા સહિત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમિતિ છેલ્લા ૪૩ વર્ષથી રાષ્ટ્રીય ત્યૌહારના આયોજનોમાં અગ્રેસર છે. જાથાના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યું કે જીવનનગરમાં સામાજિક, રાષ્ટ્રીય, સેવાકીય, સાંસ્કૃતિક ઉત્સવ અંતર્ગત કાર્યક્રમ યોજાય છે. ગુજરાતભરમાં સમિતિની પ્રવૃત્તિ અગ્રેસર છે. તા. ૨૬મી રવિવાર સવારે સાડા આઠ કલાકે મહાદેવધામ, ૪-જીવનનગરમાં દેશપ્રેમ-દેશદાઝ, રાષ્ટ્રીય પર્વ અન્વયે કાર્યક્રમો યોજનાર છે. રાષ્ટ્રીય એકતા રેલી માર્ગો ઉપર નીકળી દેશપ્રેમના સૂત્રોચ્ચાર કરશે. રહીશોના સંતાનો વેશભૂષા પરિધાન કરશે. સમિતિએ જનજાગૃતિ માટે મશાલ સરઘસમાં જયોત પ્રગટાવી મહિલાઓ આગેવાની લેવાના છે. ભારતીય તિરંગા સાથે બાળકો અગ્રેસર રહેશે. વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે પ્રજાસત્તાક પર્વમાં રહીશોમાં ભાતૃભાવના સંગઠન તાકાત માટે સામુહિક દિનચર્યાનું આયોજન કર્યુ છે. સામુહિક સ્વચ્છતા, રોશની, રંગોળી સ્પર્ધાનું નક્કી કરવામાં આવ્યું છે. ઉપપ્રમુખ ડો. તેજસ ચોકસી, ઉમિયા ચા વાળા મુકેશભાઈ પોપટ વિશેષ અતિથિ વિશેષ પદે હાજરી આપશે. અનિલ જ્ઞાન મંદિર અને સ્વસ્તિક વિદ્યાલયના છાત્ર-છાત્રાઓ સાંસ્કૃતિક કાર્યક્રમ વિવિધતાથી આપશે. તેમનું સંચાલન આચાર્ય છાયાબેન દવે અને તેમના શિક્ષીકા બહેનો કરશે. કાર્યક્રમમાં શહેર ભા.જ.પ.ના હોદેદાર હરેશભાઈ કાનાણી, વિજયભાઈ પાડલીયા, વોર્ડ પ્રભારી રૂઘુભાઈ ધોળકીયા, વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, પૂર્વ નગર સેવક પરેશભાઈ હુંબલ, અશ્વીનભાઈ ભોરાણીયા, નગર સેવકો નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, ડો. રાજેશ્રીબેન ડોડીયા, જયોત્સનાબેન ટીલાળા, વોર્ડના પૂર્વ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, રત્નદિપસિંહ જાડેજા, ડો. આશિષ મકવાણા, દર્શિતભાઈ જોષી, નરેન્દ્રસિંહ જાડેજા હાજરી આપવાના છે. રાષ્ટ્રીય પર્વની તૈયારી અંકલેશભાઈ ગોહીલ, પંકજભાઈ મહેતા, ડો. તેજસ ચોકસી, વિનોદરાય ઉપાધ્યાય, મુકેશભાઈ પોપટ, પાર્થ ગોહેલ, યોગીતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડીયા, અલ્કાબેન પંડયા, સુનીતાબેન વ્યાસ, ભારતીબેન ગંગદેવ, વાસંતીબેન રાવલ, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભદ્રાબેન ગોહેલ, પ્રફુલ્લબેન બોરીચા, બીનાબેન, ભારતીબેન, મીનાબેન, ભાવનાબેન, પારૂલબેન, દિપ્તીબેન, જયશ્રીબેન જયોત્સનાબેન, કાજલબેન, રક્ષાબેન સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. અંતમાં જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવપરા, અમી પાર્ક, બ્રહ્મસમાજ, તિરૂપતિ, સૌ.કલાકેન્દ્ર, રાવલનગર, શિવપરા, આસપાસના રહીશો ધ્વજવંદનમાં ભાગ લેવાના છે.

જુડીયે દેશ કે પ્રકૃતિ પરીક્ષણ અભિયાન સે, એક કદમ સ્વસ્થ ભારત કી ઓર'' થીમ અન્વયે

# "દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાન"માં રાજકોટ ખાતે ૧૩૫ સી.આઈ.એસ.એફ. કર્મયોગીઓની શારીરિક પ્રકૃતિની તપાસ કરાઈ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૩

એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપ રાજકોટ ખાતે ડેપ્યુટી કમાન્ડન્ટ અમનદીપ સિરસ્વાના અધ્યક્ષસ્થાને 'દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાન' અન્વયે સેના કર્મીઓનું આયુર્વેદિક શરીર વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા ''જુડીયે દેશ કે પ્રકૃતિ પરીક્ષણ અભિયાન સે, એક કદમ સ્વસ્થ ભારત કી ઓર'' થીમ અન્વયે "દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાન" શરૂ કરવામાં આવ્યું છે. જે આયુર્વેદને પ્રોત્સાહન આપવા અને વ્યક્તિગત આયુર્વેદિક પ્રકૃતિને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં રાજકોટ ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી મેડિકલ કોલેજના ડોકટરો દ્વારા ૧૩૫ સી.આઈ.એસ.એફ.ના કર્મયોગીઓની "પ્રકૃતિ પરીક્ષણ" એપ્લિકેશનનો ઉપયોગ કરીને તેઓની શારીરિક પ્રકૃતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ તકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી મેડિકલ કોલેજના મેડિકલ ઓફિસર ડો. રાજેશ ગઢિયા, ડો. મલય પાઠક, ડો. ઈમ્તિયાઝ શેખ, ડો. સમીર ગઢિયા અને ઉર્મિલાબેન ગોરિયા અને અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ઓખાના પ્રતિબંધિત ટાપુ ઉપર મંજૂરી વગર બોટ મારફતે ગયેલા માછીમારો સહિત આઠ શખ્સો સામે ગુનો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિશાળ દરિયાકાંઠા વિસ્તારમાં અનેક નિર્જન ટાપુ આવેલા છે. જે પૈકી જુદા જુદા ૨૧ ટાપુઓ ઉપર લોકોને આવવા-જવા ઉપર સક્ષમ અધિકારી દ્વારા સંપૂર્ણપણે પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ત્યારે ફિશિંગ બોટ મારફતે ઓખાના ખારા મીઠા ચુસણા ટાપુ પાસેથી ગેરકાયદેસર રીતે ઘુસી આવેલા સલાયાના રહીશ એવા આઠ શખ્સોને ઝડપી લઈ અને જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેશના પશ્ચિમના છેવાડાના દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંવેદનશીલ દરિયા કિનારામાં આંતરિક તેમજ દરિયાઈ સુરક્ષાના હેતુથી પોલીસ તંત્ર દ્વારા પેટ્રોલિંગ સહિતની કાર્યવાહી કરવામાં આવે છે. જે માટે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સીધી દેખરેખ હેઠળ ઓખા મરીન પોલીસ સ્ટાફ દ્વારા દરિયાઈ કિનારા વિસ્તારમાં ઓખા મરીન પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન ખારા મીઠા ચૂસણા ટાપુ પાસે પહોંચતા અહીં "ગોપ બોરીશા" નામની ચોક્કસ રજીસ્ટ્રેશન નંબરની એક ફિશીંગ બોટ દ્વારા ટાપુ પાસેના દરિયાના પાણીમાં ફિશિંગ ઝાળ બિછાવવામાં આવી હતી. ટાપુના કાંઠા વિસ્તારમાં લાંગરવામાં આવેલી ફિશિંગ બોટ નજીક કોઈપણ શખ્સ જોવા મળ્યો ન હતો. આથી પોલીસ સ્ટાફ દ્વારા ટાપુ ઉપર જઈ અને ચેકિંગ કરવામાં આવતા અહીં આઠ શખ્સો મળી આવ્યા હતા. આ સ્થળેથી સલાયામાં રહેતા અને ઉપરોક્ત બોટના માલિક તવસીન જુનસ સંઘાર, અશગર જુનસ સંઘાર, હારુન કાસમ સુંભણીયા, ફયાઝ દાઉદ ચબા ગની રજાક ગંઢાર, ઈમરાન દાઉદ ગાઝીયા, સાબીદ સલેમાન ઓસમાણ સુંભણીયા અને હસન મામદ સંઘાર નામના આઠ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા. પોલીસ પૂછતાછમાં ઉપરોક્ત શખ્સો દ્વારા ફીશરીઝ વિભાગ પાસેથી માછીમારી કરવા માટે સલાયા નજીક આવેલી બારા જેટી સિવાય અન્ય જગ્યાએ ટાપુ નજીક બોટનું લેન્ડિંગ કરવું પ્રતિબંધિત હોવા ઉપરાંત ટાપુ પાસે બોટ લાંગરવાની અને ટાપુની જમીન ઉપર ઉતારવા માટેની કોઈ સુવિધા ન હોય તેમ છતાં ઉપરોક્ત શખ્સો અહીં પહોંચી ગયા હતા. આ નિર્જન અને ખડકાળ ટાપુ ઉપર લેન્ડિંગ કરવાથી બોટ અકસ્માત થવાની સંભાવના તેમજ માનવ જીવને જોખમ હોવા છતાં ઉપરોક્ત શખ્સો દ્વારા બેદરકારીપૂર્વક ટાપુ નજીકની જમીન પર બોટ લાંગરી અને જીવના જોખમે અહીં ઉતરાણ કરાયું હતું. ઓખા મરીન પોલીસના પેટ્રોલિંગ દરમ્યાન આ સમગ્ર બાબત પ્રકાશમાં આવતા મરીન પોલીસે ઉપરોક્ત તમામ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ પ્રકરણમાં ટાપુ ઉપર રોકાણ કરવા અંગેના હેતુ બાબતની તપાસ હાથ ધરી, ભવિષ્યમાં આ રીતે પ્રતિબંધિત ટાપુ ઉપર ગેરકાયદેસર રીતે પ્રવેશ અને દબાણ કરતા શખ્સો સામે રેન્જ ફોરેસ્ટ ઓફિસર, મરીન નેશનલ પાર્ક - દ્વારકા વિભાગ તેમજ ફિશરીઝ વિભાગને સાથે રાખીને પોલીસ તંત્ર દ્વારા આ પ્રકારે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ વધુમાં જણાવાયુંછે. આ સમગ્ર કાર્યવાહી દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ ઓખા મરીન પોલીસ મથકના પી.એસ.આઈ. આર.આર. ઝરૂ તેમજ સ્ટાફના કનુભાઈ ચાવડા, પ્રદ્યુમનસિંહ જાડેજા, રણવીરસિંહ જાડેજા અને પૃથ્વીરાજસિંહ વનરાજસિંહ દ્વારા કરવામાં આવી હતી.

# સરકારની કલ્યાણકારી યોજનાઓ દિવ્યાંગો માટે આશીર્વાદ સમાન : લાભાર્થી રાજેશભાઈ સોલંકી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૩

રાજય સરકાર દ્વારા કાર્યરત જન કલ્યાણકારી યોજનાઓ ગરીબ, વંચિત સહિત જરુરિયાતમંદ તમામ લાભાર્થીઓ માટે આશીર્વાદ સમાન બની છે. છેવાડાના અંતિમ વ્યકિત સુધી કલ્યાણકારી યોજનાઓ પહોંચે અને લાભાર્થીઓ વિકાસની મુખ્યધારા સાથે જોડાઈ શકે તે માટે રાજય સરકાર સતત કાર્યરત છે. ત્યારે વાત કરીએ રાજકોટમાં રહેતા દિવ્યાંગ દંપતિની જેમને દિવ્યાંગ લગ્ન સહાય યોજના અંતર્ગત રૂા.૧ લાખની આર્થિક સહાય મળી છે. સરકારની સહાય થકી આ દંપતિનું જીવનધોરણ ઊંચું આવ્યું છે. દિવ્યાંગ લગ્ન સહાય યોજનાના લાભાર્થી રાજેશભાઈ સોલંકી અને તેમના પત્ની ધકુબેન સોલંકી રાજય સરકારનો આભાર વ્યક્ત કરે છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા 'દિવ્યાંગ લગ્ન સહાય' યોજના હેઠળ દિવ્યાંગતાની ટકાવારીના માપદંડ આધારે નાણાકીય લાભ આપવામાં આવે છે. ત્યારે લાભાર્થી રાજેશભાઈએ કહ્યું કે, અમે પતિ-પત્ની બંને દિવ્યાંગ હોવાથી બંનેને રૂપિયા ૫૦-૫૦ હજારની રકમની સહાય સરકાર દ્વારા આપવામાં આવી હતી. આ રકમથી અમે નાના ધંધાનું સાહસ પણ કર્યું અને હવે રોજગારી મેળવતા થયા છીએ. વર્ષ ૨૦૨૩મા દિવ્યાંગ લગ્ન સહાય યોજનાથી મળેલી રકમથી કેબીન ખરીદી સૂકા નાસ્તાનો વેપાર કરનાર



રાજેશભાઈ અને ધકુબેન આર્થિક રીતે પગભર બન્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ચાલતી અનેક યોજનાઓ અમારા જેવા ગરીબ અને વંચિત પરિવારો માટે ટેકારૂપ બની છે તેમ ધકુબેને જણાવી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણીઓ સંદર્ભે આચારસંહિતા લાગુ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

રાજ્યના ચૂંટણી પંચ દ્વારા પરીપત્ર તા.૨૧ જાન્યુઆરીથી દેવભૂમિ દ્વારકા જિલ્લાની સલાયા, ભાણવડ તેમજ દ્વારકા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓ અને ખંભાળિયા તાલુકા પંચાયતની ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયતની જુવાનપુર બેઠકની પેટા ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે. ચુંટણી કાર્યક્રમ મુજબ ચૂંટણી જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તારીખ ૨૭ જાન્યુઆરી, ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧ ફેબ્રુઆરી, ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ ૩, ઉમેદવારી પાછી ખેંચી લેવાની છેલ્લી તારીખ ૪, મતદાનની તારીખ ૧૬ ફેબ્રુઆરીના સવારે ૭ થી સાંજના ૬ સુધી અને જરૂર જણાયતો પુનઃ મતદાનની તારીખ ૧૭ બાદ મતગણતરીની તારીખ ૧૮ અને આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થવાની તારીખ તા. ૨૧ ફેબ્રુઆરી રહેશે. આચાર સંહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ અને કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ. સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂક આપી શકાશે નહિ. મતદારો પ્રભાવિત થાય તેવી કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ. કોઈ પણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ. વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરી શકાશે નહિ. આ સૂચનાનો અમલ તા. પરિણામની જાહેરાત તા.૧૮ સુધી કરવાનો રહેશે તેમ અહીંના અધિક જિલ્લા ચૂંટણી અધિકારી અને નિવાસી અધિક કલેકટરની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

જૂનાગઢ : શ્રી સોરઠીય શ્રીગૌડ માળવિય બ્રાહ્મણ મૂળ કોયલી હાલ જૂનાગઢ નિવાસી સ્વ. પ્રાણલાલ મણિશંકર ભટ્ટના પુત્ર સ્વ.હર્ષદભાઈ પ્રાણલાલ ભટ્ટ(ઉંમર વર્ષ ૬૮)(માણેકવાડા માલબાપા મંદિરના પૂજારી)નું તારીખ ૨૨-૧-૨૫ બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જે શ્રી અશોકભાઈ, હરેશભાઈ, કિરણભાઈ, સુધાબેન તથા સ્વ.રમાબેનના ભાઈ તથા સાગર તથા વિશ્વા ધવલકૂમાર વ્યાસ(મયારિ)ના પિતા, રાજુ, જશ્મીન અને જયદીપના કાકા તેમજ આંત્રોલી વાળા કનુભાઈ મણિશંકર ત્રિવેદીના જમાઈ તેમજ મુકેશભાઈના બનેવીનું સંયુક્ત બેસણું તેમજ સસુર પક્ષની સાદડી તારીખ ૨૪-૧-૨૫ શુક્રવાર સાંજે ૪ થી ૫ ઓમકારેશ્વર મંદિર, દિપાંજલી સોસાયટી, ટીંબાવાડી, જૂનાગઢ રાખેલ છે. હરેશભાઈ : મો.૯૯૦૯૦૫૯૯૭૯, રાજુભાઈ : મો.૯૦૩૩૪૦૨૫૦૪.

**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.**
(મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ બેંક)

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૭૧૬

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **મલેક ઝરીનાબેન હબીબભાઈ, મલેક જાવીદ હબીબભાઈ**ને **તા.૧૨/૦૪/૨૦૨૪** ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા તેમજ **તા.૨૨/૦૫/૨૦૨૪** નાં રોજ **"સંદેશ"** તથા **"ઈન્ડીયન એકસપ્રેસ"** માં પ્રસિધ્ધ કરાયેલ જાહેર ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂા.૧૦,૦૦,૮૯૦=૦૦ (અંકે રૂપીયા દસ લાખ આઠસો નેવુ પુરા) + તા.૦૧/૦૪/૨૦૨૪** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોકત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ ને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૧૬/૧૨/૨૦૨૪** નાં રોજ કરેલ હૂકમ અન્વયે માનનીય કોર્ટ કમિશનરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા.૧૯/૦૧/૨૦૨૫** નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૩૧/૧૨/૨૦૨૪** ના રોજ ની બાકી લેણી રકમ **રૂા.૧૦,૭૭,૨૪૬=૦૦ (અંકે રૂપીયા દસ લાખ સીતોતેર હજાર બસો છેતાલીસ પૂરા) + તા.૦૧/૦૧/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે. દેવાદારને ખાસ ધ્યાન દોરવાનું કે સરફેસી કાયદાના એકશન ૧૩(૮)ની જોગવાઈ અનુસાર આપેલ સમયમર્યાદામાં કાયદા મુજબ તેમની સલામત મિલ્કત પાછી મેળવી શકે છે.

**કબ્જે લીધેલ મિલ્કતનું વર્ણન**

ગુજરાત રાજયના જુનાગઢ તાલુકાના ગામ જુનાગઢમાં મહાનગરપાલિકાની હદમાં આવેલ બીનખેતી ખેડ ખાતા નં. ૧૩ થી આવેલ મોજે ગામ દોલતપરાના રેવન્યુ .સર્વે નં. ૩૭ ની એકર ૫–૨૭ ગુંઠા જમીન જે રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ છે જે કિરીટનગર તરીકે ઓળખાય છે. તે જમીનના મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબના પ્લોટો પૈકી પ્લોટ નં. ૮૬ ની જમીન ૧૩૦.૯૦ ચો.મી. તથા પ્લોટ નં. ૮૭ ની જમીન ૧૫૦.૫૦ ચો.મી. તથા પ્લોટ નં.૮૮ ની જમીન ચોરસ મીટર ૧૫૦.૫૦ મળી કુલ જમીન ચો.મી. ૪૩૧.૯૦ ના સબ પ્લોટ કરતા સબ પ્લોટ નં. ૮૬–૮૭–૮૮/૨ તરીકે ઓળખાતી જમીન (પ્લોટ નં. ૮૬ જમીન ચો.મી. ૫૪.૬૦) ઉપર આવેલ રહેણાંક બ્લોક કે જેનો બિલ્ટઅપ એરીયા ૩૬.૦૮ ચો.મી. છે જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું.નં.૫૨૧૬ તા.૦૭/૧૧/૨૦૨૨ થી મલેક ઝરીનાબેન હબીબભાઈના નામે છે તે મિલ્કત.

ચતુર્દીશા : ઉત્તરે :– ૬–૦૦ મીટરનો રસ્તો. હદનુ માપ લંબાઈ મીટર ૩.૯૦.
દક્ષિણે :– લાગુ પ્લોટ નંબર–૮૫ ની જમીન, હદનુ માપ લંબાઈ મીટર ૩.૯૦.
પુર્વે :– લાગુ સબ પ્લોટ નંબર–૮૬–૮૭–૮૮/૩ ની જમીન. હદનું માપ લંબાઈ મીટર ૧૪.૦૦.
પશ્ચિમે :– લાગુ સબ પ્લોટ નંબર–૮૬–૮૭–૮૮/૧ ની જમીન. હદનું માપ લંબાઈ મીટર ૧૪.૦૦.

**(ટૂંકું સરનામુ :– આર.એસ.૩૭, સબ પ્લોટ નં. ૮૬–૮૭–૮૮/૨ કિરીટનગર, દોલતપરા, જુનાગઢ ૩૬૨૦૩૭)**

**તા. ૨૨/૦૧/૨૦૨૫**
**રાજકોટ.**

**અધિકૃત અધિકારી,**
**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ**

# ભાજપનાં ઉમેદવારોની સેન્સ લેવા માટે તા.૨૬ અને ૨૭ જાન્યુઆરીના નિરીક્ષકો આવે તેવી સંભાવના

## જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ઉમેદવારની પસંદગી માટે આવતીકાલે ભાજપનાં માપદંડ જાહેર થશે



(જગડુશા ડી. નાગ્રેચા)

જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ મહાનગર પાલિકાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીનાં રોજ યોજાનાર ચૂંટણી માટે રાજકીય પક્ષો દ્વારા તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. તે સાથે જ ચૂંટણીલક્ષી સ્ટ્રેટજી પણ ઘડવામાં આવી રહી છે. દરમ્યાન ભાજપ દ્વારા મનપાની ચૂંટણીનાં ઉમેદવારોની પસંદગી માટેના માપદંડ આવતીકાલે સાંજ સુધીમાં જાહેર કરી દેવામાં આવે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. ગત મંગળવારે જૂનાગઢ મનપા તેમજ ૬૬ નગરપાલિકા અને ખાલી પડેલી પેટાચૂંટણીઓ સહિત સ્થાનીક સ્વરાજયની ચૂંટણી યોજવા અંગે ચૂંટણી આયોગ દ્વારા જાહેરાત કરી દેવામાં આવતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. ગુજરાત રાજયનાં રાજકીય, સામાજીક અને ઐતિહાસીક દ્રષ્ટીએ અતિ મહત્વનું અને હેરીટેજ સીટી એવા જૂનાગઢ મનપાની ચૂંટણી આગામી તા. ૧૬ ફેબ્રુઆરીએ યોજાનાર છે ત્યારે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ, કોંગ્રેસ, આપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દીધી છે. જયારે મનપાની આગામી ચૂંટણીમાં વિવિધ સંગઠનો અને અપક્ષો પણ આ ચૂંટણીજંગમાં ઝંપલાવે તેવી શકયતા રહેલી છે.

મનપાની ચૂંટણી આડે હવે ગણતરીનાં દિવસો જ બાકી રહયા છે. આગામી તા. ૧-૨-૨૦૨૫ના રોજ ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખ હોય જેથી ખાસ કરીને ઉમેદવારોની પસંદગી માટેની કવાયત તેજ બનાવવી પડે તેમ છે.

જૂનાગઢ મનપાની આગામી ચૂંટણીઓમાં ભાજપની ટીકીટ મેળવવા અને ઉમેદવારી કરવા માંગતા સંખ્યાબંધ લોકો તૈયારી કરી રહયા છે. એક તરફ જુના જોગીઓ, પક્ષનાં વફાદાર કાર્યકર્તાઓ, યુવાનો, મહિલાઓ તેમજ વર્ષો થયા પક્ષમાં રહી અને નાની-મોટી જવાબદારી ખૂબજ સારી રીતે નિભાવનાર સહિતનાં ઘણા લોકોની નામાવલી ભાજપનાં વરિષ્ઠો પાસે પહોંચી ગઈ છે. તો બીજી તરફ લોક મિજાજને પણ જોવો પડે તેમ છે જેથી ભાજપ પક્ષનાં વરીષ્ઠો દ્વારા તમામ પાસાઓનું મંથન કરાયા બાદ જે કોઈ નિર્ણય લેવાય તે જાહેર થવાની શકયતા છે. જાણકાર સુત્રોનાં જણાવ્યા મુજબ આજ સુધી ભાજપ દ્વારા ચૂંટણી અંગેની રણનીતિ જાહેર થઈ નથી પરંતુ ચૂંટણી આડે ગણતરીનાં દિવસો જ રહયા છે અને ઉમેદવારીપત્રક ભરવાની છેલ્લી તા. ૧-૨-૨૦૨૫ ખૂબજ નજીક છે જેથી આવતીકાલ સાંજ સુધીમાં ભાજપનાં ઉમેદવારો માટેનાં માપદંડો જાહેર કરી દેવામાં આવે તેવી સંભાવના છે. આ સાથે જ રીપીટ કરવા કે નહીં તેમજ પસંદગી માટેના માપદંડ તૈયાર કરી રણનીતિ જાહેર કરવામાં આવશે ભાજપની ચૂંટણીલક્ષી રણનીતિ ઉપર સંબંધીત તમામની મીટ મંડાયેલી છે. બીજી તરફ આગામી તા. ૨૬ જાન્યુઆરી કે ૨૭ જાન્યુઆરી આસપાસ મનપાની ચૂંટણી માટે ઉમેદવારોની સેન્સ લેવા માટે નિરીક્ષકો જૂનાગઢ આવે તેવી શકયતા જોવાઈ રહી છે. ભાજપની રણનીતિ જાહેર થયા બાદ ઉમેદવારોની નીરીક્ષકો સમક્ષ સેન્સ લેવાની કાર્યવાહી હાથ ધરાય તેવા નિર્દેશો મળે છે.

## જૂનાગઢના ૨૦થી વધુ લોકોના રૂા.૨.૪૩ કરોડ લઈને ફરાર થયેલા કૌભાંડી બિલ્ડર મનિષ મોહન કારીયાની ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢના ૨૦થી વધુ લોકોના રૂપીયાનું કરી નાખી અને ભારે મોટું કૌભાંડ આચરનાર બિલ્ડર મનિષ કારીયા કે જે ફરાર થઈ ગય હતો તેની આખરે પોલીસે ધરપકડ કરી છે અને તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢના ૨૦થી વધુ લોકોના ૨.૪૩ કરોડ લઈને ફરાર પૂજન ઈન્ફાસ્ટ્રકચરનો બિલ્ડર મનીષ મોહનલાલ કારીયા અને સંજય ઉર્ફે સંજુ મકનભાઈ ભંડારીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે બુધવારે રાજસ્થાનના કોટા ખાતેથી ઝડપી લીધા હતા. શહેરના ચોબારી રોડ ઉપર મુકેલા પ્રોજેકટમાં પ્લોટ-મકાન આપવાનું કહી ૨૦ ગ્રાહકોને છેતરી ૨.૪૩ કરોડ લઈને ફરાર થઈ ગયેલા બંને આરોપીને પકડવા માટે એલસીબીએ ખાનગી બાતમીદારો મારફતે તપાસ શરૂ કરી હતી. દરમ્યાન ખાનગી બાતમીદારોએ આરોપી રાજસ્થાનના કોટા શહેરમાં હોવાની બાતમી આપી હતી. જેના પગલે ભવનાથ પોલીસ મથકના પીઆઈ પરમારની આગેવાનીમાં ક્રાઈમ બ્રાન્ચના નિકુલ પટેલ, દિપક ચૌહાણ અને ડ્રાઈવર વરજાંગભાઈ બોરીચા સહિતની ટીમ સોમવારની રાત્રે સરકારી વાહનમાં રવાના થઈ હતી અને કોટા ખાતે પહોંચી ઓળખ છતી ન થાય તે માટે વેશ પલટો કરી ટુ વ્હીલર ભાડે રાખી અલગ અલગ જગ્યાએ તપાસ શરૂ કરી હતી. મંગળવારે રાત્રિના આરોપીઓની શોધખોળ દરમ્યાન કોટાથી અજમેર શંકાસ્પદ કાર જઈ રહી હોવાનું ધ્યાન ઉપર આવતા ટુ વ્હીલર ઉપર કારનો પીછો કર્યો હતો અને કોટાથી ૫૦ કિલોમીટર દૂર હાઈવે ઉપર એક હોટલ નજીક કાર રોકાતા કારને ઘેરી લીધી હતી. જો કે, કારના અંદરના ભાગે કાચ ઉપર જાળી લગાવેલી હતી. આથી કારમાં સવાર ૨ શખ્સને ઉતારી પૂછપરછ કરતા કારમાંથી મનીષ કારીયા અને સંજય ભંડારી મળી આવતા બંનેની કાર સાથે ધરપકડ કરી લીધી હતી એમ કોન્સ્ટેબલ દિવ્યેશ ડાભીએ જણાવ્યું હતું.

## દેશભરમાં 'ઈ-પાસ સિસ્ટમ' પ્રથમ વખત જ ગુજરાત એસ.ટી. વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી




ગાંધીનગર, તા. ૨૩

એસ.ટી. નિગમના ઈન્ચાર્જ મુખ્ય કામદાર અધિકારી વિષ્ણુ દવે જણાવ્યું છે કે, ઈ-પાસ સિસ્ટમની વિદ્યાર્થી જાતે જ ઓનલાઈનએપ્લિકેશન કરી શકે છે. **pass. gsrtc.in** વેબસાઈટ પરથી પાસ માટે અરજી કરી શકશે. જે-તે શૈક્ષણિક સંસ્થા દ્વારા ઓનલાઈન એપ્લિકેશન મંજૂર કરવામાં આવે છે. મંજૂર થયેલા ફોર્મ વિદ્યાર્થીએ નક્કી કરેલા એસ.ટી. વિભાગના કાઉન્ટર પર જતું રહે છે અને ત્યાં જઈને ફોર્મ નંબર આપી જરૂરી પાસના પૈસા ઓનલાઈન-કેશમાં ચૂકવી પાસ કલેક્ટ કરી શકે છે. જેનાથી વિદ્યાર્થીઓ માટે પાસ કાઢવાનું સરળ બની રહે છે. અરજી નંબરના આધારે વિદ્યાર્થી તેની અરજી અંગે લેટેસ્ટસ્ટેટસ પણ ચેક કરી શકે છે. શાળા-કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓનો સમયની બચત થાય તેમજ વિદ્યાર્થીઓને એસ.ટી. બસના પાસ કઢાવવા માટે લાંબી લાઈનોમાંઉભુ રહેવું ન પડે તેમજ વારંવાર ધક્કા ખાવા ન પડે, ફોર્મમાં વિગતો ભરવાની ઝંઝટમાંથી મુક્તિ મળે અને વિદ્યાર્થી કોઈપણ જાતની હેરાનગતિ, દોડધામ કે માનસિક ત્રાસ વગર સરળતાથી બસનો મુસાફરી પાસ કાઢી શકે તે માટે શિક્ષણ વિભાગ સાથે **API** મારફતે **Pass System Integration** કરી ઓનલાઈન ઈ-પાસ કાઢી આપવામાં આવે છે.

## ગુજરાતમાં ફરીથી ઠંડીનો રાઉન્ડ શરૂ થશે, સાથે જ મહિનાના અંતમાં માવઠાની પણ આગાહી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૩

છેલ્લા ૪૮-૭૨ કલાકથી રાજયના અનેક જિલ્લાઓમાંબપોરના સમયે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. અચાનક જ તાપમાનમાં ઘટાડો થતાં ઠંડી ગાયબ થઈ ગઈ છે. પરંતુ ઠંડી ગાયબ નથી થઈ. હવામાન ખાતાનુંઅને હવામાન આગહીકાર નું માનીએ તો રાજ્યમાં હજુ પણ એક ઠંડીનો રાઉન્ડ આવશે. જેના માટેગુજરાતવાસીઓ એ તૈયાર રહેવાની જરૂર છે. આટલું જ નહીં ઠંડીની સાથે જ હવામાન નિષ્ણાંતઅંબાલાલ પટેલે માવઠાની પણ આગાહી કરી છે. જેના કારણે હાડ થીજવતી ઠંડી પડવાની આગાહી પણ કરવામાં આવી છે.

હવામાન આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી મુજબ ૨૪ જાન્યુઆરી સુધી ગરમી પડશે અને ૨૫ તારીખથી ગુજરાતમાં ફરી ઠંડી શરૂ થશે. ગુજરાતીઓએ ઠંડીના બીજા રાઉન્ડ માટે તૈયાર રહેવું પડશે. આટલું જ નહીં અંબાલાલ પટેલે જાન્યુઆરીના અંતમાં અને ફેબ્રુઆરીની શરૂઆતમાં માવઠું થવાની આગાહી પણ કરી છે.

જ્યારે હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ પણ કાતિલ ઠંડીનો ફરીથી રાઉન્ડ આવશે તેવી આગાહી કરી છે. પરેશ ગોસ્વામીના જણાવ્યા મુજબ, ગુજરાતથી ઉત્તર-પૂર્વ દિશાની અંદર રાજસ્થાનના પૂર્વ ભાગ પર સક્રિય થયેલું એન્ટીસાયક્લોન ધીમે-ધીમે નબળું પડી રહ્યું છે. જે આગળ નીકળી જતાં ફરીથી ગુજરાતનું હવામાન બદલાશે. આ એન્ટીસાયક્લોનનીઅસરના કારણે અત્યારે મહત્તમ તાપમાન ૧ થી ૩ ડિગ્રી જેટલું ઊંચકાયું છે.

## જૂનાગઢના નવા નાગરવાડામાં આવેલ પ્રતિક્ષા એપાર્ટમેન્ટનમાં બીન અધિકૃત બાંધકામ સામે તાત્કાલીક તપાસ કરવા માંગ

### પ્રતિક્ષા એપાર્ટમેન્ટના રહેવાસીઓએ કમિશ્નરને પત્ર પાઠવી રજુઆત કરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢના નવા નાગરવાડા વિસ્તારમાં આવેલ પ્રતિક્ષા એપાર્ટમેન્ટના રહેવાશીઓને જૂનાગઢ મનપાના કમિશ્નરને એક પત્ર પાઠવી અને ગેરકાયદેસર બિનઅધિકૃત બાંધકામ અને ખોટી મંજુરીથી થતા બાંધકામ અંગે તાત્કાલીક અસરથી તપાસ કરી અને પ્રતિક્ષા એપાર્ટમેન્ટના તમામ ફલેટ ધારકોને ન્યાય મળે તે માટે અનુરોધ કરવામાં આવેલ છે. કમિશ્નરને પાઠવેલા આ પત્રમાં વધુમાં જણાવેલ છે કે, જૂનાગઢ શહેરમાં તળાવ દરવાજા પાસે નવા નાગરવાડા વિસ્તારમાં પ્રતિક્ષા એપાર્ટમેન્ટ રેસીડેન્સીયલ પ્રોજેક્ટ તરીકે મંજુર થયેલ એપાર્ટમેન્ટ છે. આ એપાર્ટમેન્ટની બાધકામની મંજુરી વર્ષ ૨૦૦૬, ૨૦૦૭ની છે અને ભુતકાળ મા વર્ષ ૨૦૧૧ તથા ૨૦૧૨ મા આ રેસીડન્ટ એપાર્ટમેન્ટમા કોમર્શીયલ દુકાનો ઉતારી તેનો વાણીજયક ઉપયોગ કરવા અંગે નામદાર કોર્ટમા દાવો પણ દાખલ થયેલ હતો અને ત્યાર બાદ નામ.કોર્ટના હુકમથી રેસીડન્સીયલ એપાર્ટમેન્ટ માટે મંજુર કરવામા આવેલ જગ્યાનો ઉપયોગ ઉપભોગ કોમર્શીયલ હેતુ માટે ન થઈ શકે તેવો કોર્ટનો ચુકાદો આવતા જે તે સમયે કોર્પોરેશન બ્રેક દ્વારા આ જગ્યા ખાલી કરવામાં આવેલ હતી. આમ ત્યાર બાદ રીથી બોગસ મંજુરી અને બોગસ દસ્તાવેજો રજુ કરી કોર્પોરેશનમાંથી રેસીડેન્સીયલમાંથી કોમર્શીયલ હેતુ માટે ટ્રાન્સફર એટલે કે હેતુફેરનું બોગસ પુરાવા ઉભા કરી હાલ ત્યાં ફરીથી યુનીયન બેંક ઓફ ઈન્ડીયાને કોમર્શીયલ હેતુ માટે ભાડે આપવા માટે બાંધકામ અને તોડફોડની પ્રવૃતિ ચાલી રહી છે. જેને કારણે પ્રતિક્ષા એપાર્ટમેન્ટ તથા આજુબાજુના રહેવાશીઓ ઉપર જોખમ ઉભું થયેલ છે અને આ બાંધકામ ઘણીવાર મોડી રાત સુધી પણ ભાંગ તોડના અવાજ અને મશીનોના અવાજોથી વાતાવરણ પ્રદુષીત થાય છે તેવી પ્રવૃતિ પણ કરવામાં આવી રહી છે. આમ મળેલ માહિતી મુજબ પ્રતિક્ષા એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફલોરના બ્લોક નં. જી-૧ અને જી-૨ પુરતી કોમર્શીયલ હેતુ ફેર બોગસ રીતે મંજુરી કોર્પોરેશનમાંથી મેળવવામાં આવેલ છે અને તેના આધારે આ ગેરકાયદેસર પ્રવૃતિ ચાલી રહી છે. સામાન્ય રીતે જે તે સમયે એટલે કે ૨૦૦૬, ૨૦૦૭ માં જે હેતુ માટે કોર્પોરેશન દ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તેમાં ફેરફાર થતો નથી. આ પ્રતિક્ષા એપાર્ટમેન્ટમાં વર્ષ ૨૦૦૬, ૨૦૦૭માં માત્ર રેસીડેન્સીયલ એપાર્ટમેન્ટ માટે મંજુરી આપવામાં આવેલ છે અને આજ તારીખ સુધી આજ મંજુરી હૈયાત હોવી જોઈએ તેને બદલે કલર્પોરેશન દ્વારા કોઈ ગેરરીતી આચરીને બોગસ અને ખોટી મંજુરી માત્ર ગ્રાઉન્ડ ફલોરના બે બ્લોક પુરતી રેસીડેન્સીયલમાંથી ફેરવીને કોમર્શીયલ કરવામાં આવેલ છે. એવી તે રીતે રેસીડેન્સીયલ મીલ્કતનો કોમર્શીયલ ઉપયોગ કરવા માટે ઉપયોગ ઉપભોગ કરવામાં આવે છે. આમ વર્ષ ૨૦૦૬, ૨૦૦૭માં આપવામાં આવેલી મુળ મંજુરીને અવગણીને જે તે ગ્રાઉન્ડ ફલોરના ફલેટ ધારકો તેનો કોમર્શીયલ ઉપયોગ ઉપભોગ કરી રહેલ હોય આ રીતે ગેરકાયદેસર મંજુરી વગરનો મીલ્કતનો ઉપયોગ ઉપભોગ કરી શકાય નહી.

આમ આ પ્રતિક્ષા એપાર્ટમેન્ટના બ્લોક નં.જી-૧ અને જી-૨ના ફલેટ ધારક દ્વારા થઈ રહેલા આ ગેરકાયદેસર અને બીનઅધીકૃત ઉપયોગને તાત્કાલીક અટકાવવા આ અંગે યોગ્ય તપાસણી કરી આ ગેરકાયદેસરનું કૃત્ય અટકાવવાની માંગણી કરવામાં આવી છે. વિશેષમાં ભુતકાળમાં પણ એવું પણ જાણવા મળેલ હતું કે મંજુરીમાં આ જગ્યાએ પાર્કિંગ બતાવેલી છે અને હાલની તબકકે બે બ્લોક બતાવેલ છે. તો આ અંગેની યોગ્ય તપાસ કરી તમામ ફલેટ ધારકોને ન્યાય મળે તે માટે કાર્યવાહી કરવા પ્રતિક્ષા એપાર્ટમેન્ટના રહેવાસીઓએ પત્રના અંતે અનુરોધ કર્યો છે.

## વીજાપુર નજીક મોટર સાયકલ રોકી ખોટી રીતે કેમ ધમકાવો છો ? તેમ કહી હુમલો : ૩ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

વીજાપુર ગામે મોટર સાયકલ રોકી ખોટી રીતે કેમ ધમકાવો છો ? તેમ કહી ત્રણ શખ્સોએ યુવાનને પાઈપ, છરી વડે મારમારી ધમકી આપ્યાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે સુરેશભાઈ બટુકભાઈ ભાટીએ અતુલ ગઢવી, સંજય સોલંકી અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ ફરીયાદીના દિકરા શક્તિસિંહ (ઉ.વ.૩૦)નું મોટર સાયકલ રોકી કહેલ કે તમે અમને કેમ ખોટી રીતે ધમકાવો છો ? તેમ કહી લોખંડના પાઈપ વડે હાથ પગમાં ફેકચર કરી, છરી વડે છરકા મારી, ઢીકાપાટુનો મારી મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં કારમાં દારૂ લઈ જતા બે શખ્સોની ધરપકડ કરતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં કારમાં દારૂ લઈ જતા બે શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમ્યાન જૂનાગઢના ધરારનગરનો અને હાલ રાજકોટના વાવડી ગામમાં રહેતો પ્રકાશ ઉર્ફે કાનો ઉર્ફે આદિ કાંતિ સોંદરવા અને મયુર જમનાદાસ પુરાણી કાર લઈ જૂનાગઢના ધરારનગર ખાતે રહેતો ભરત ઉર્ફે સ્ટાર પાસેથી વિદેશી દારૂનો જથ્થો ભરવા આવેલ હોવાની બાતમી મળતા વોચ ગોઠવી હતી અને ધરાર નગરમાં બાતમી વાળી કાર આવતા રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કારમાંથી ઉતરીને પ્રકાશ ઉર્ફે કાનો ઉર્ફે આદિ અને મયુર જમનાદાસએ નાસી દેવાનો પ્રયાસ કરતા બંનેને પકડી લીધા હતા અને કારમાંથી રૂપિયા ૧૮૬૦૦ની કિંમતના ઈંગ્લિશ દારૂની ૧૮૬ બોટલ મળી આવતા બે મોબાઈલ ફોન તથા કાર મોડલ કુલ રૂપિયા ૫,૩૩,૬૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો અને દારૂનો જથ્થો આપનાર ભરત ઉર્ફે સ્ટાર રાઠોડ વિરૂધ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી.

## જૂનાગઢમાં નામાંકીત ડાઈકીન કંપની દ્વારા ડીલર્સ મીટ યોજાઈ

### ડાઈકીન બ્રાન્ડનાં એસીએ ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન કર્યો છે : વધતી જતી






જૂનાગઢ તા.૨૩

જાણીતી અને નામાંકીત ડાઈકીન કંપની દ્વારા ગઈકાલે જૂનાગઢમાં ડીલર્સ મીટ યોજાઈ હતી. આ મીટીંગમાં જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, પોરબંદર જીલ્લાના ૫૦થી વધુ ડીલર્સ ઉપસ્થિત રહયા હતા. એસીની ખરીદી કરતી વખતે ગ્રાહકો સામે આજે એક જ નામ ઉભરી આવે છે અને તે છે નામાંકીત કંપની ડાઈકીન કે જેણે ૧૦૦ વર્ષ પુરા કરી અને નિર્ધારીત લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો છે. ડાઈકીન કંપનીનાં જૂનાગઢ જીલ્લાનાં ડીસ્ટ્રીબ્યુટર્સ જયરાજ ઈલેકટ્રીકનાં રાજુભાઈ પટેલનાં વડપણ હેઠળ સરોવર પોર્ટીકો ખાતે ડીલર્સ મીટ યોજાઈ હતી જેમાં ૫૦થી વધારે ડીલર્સ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત ડાઈકીન કંપનીનાં બ્રાન્ચ એરીયા મેનેજર, સેલ્સ મેનેજર તેમજ સર્વીસ ટીમ ખાસ ઉપસ્થીત રહયા હતા. આ મીટમાં મહાનુભાવોએ પ્રેરક ઉદબોધન સાથે ડાઈકીન બ્રાન્ડની વિશેષતાઓ અંગે પણ જાણકારી અને માહિતી આપવામાં આવી હતી.

તમામ ડીલર્સ તરફથી કંપનીને જે સહયોગ પ્રાપ્ત થયો છે તે બદલ આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી. ગ્રાહકોને પુરતો સંતોષ મળી રહે તે માટે પણ આયોજન કરવામાં આવેલ છે. ડાઈકીન કંપની દ્વારા યોજાયેલી મીટમાં ઉપસ્થિત મહાનુભાવોને આકર્ષક ગીફટ પણ આપવામાં આવી હતી અને સૌએ સાથે ભોજન લીધું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે જશરાજ ઈલેકટ્રોનિકસના રાજુભાઈ પટેલ દ્વારા જહેમત

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**

**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**

**જૂનાગઢ**